પૂજયપાદ સંઘસ્થવિર આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ વિજય ભદ્ર સુરીશ્વર સદ્‌ગુરુભ્યો નમઃ

# જ્ઞાનસાર પ્રવચન માળા

૧

પ્રવચન કાર:
પૂજયપાદ, શાસન પ્રભાવક, આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ વિજય ૐકાર સુરીશ્વર મહારાજા.

: પ્રકાશક :
શ્રી સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ. પૂ. સંઘ
અમદાવાદ-૩૮૦૦૦૫.

ન્યાયાચાર્ય, ન્યાય વિશારદ, મહામહોપાધ્યાય શ્રીમદ્
યશો વિજય મહારાજાની અણમોલ કૃતિ 'જ્ઞાનસાર' પર
પ્રવચનો

# જ્ઞાનસાર પ્રવચનમાળા

ભાગ ૧ લો

( અષ્ટક : ૧-૨ )


પ્રવક્તા :

પૂજ્યપાદ, શાસન પ્રભાવક, આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય
ૐકાર સૂરીશ્વરજી મહારાજા

સંપાદક :

મુનિ શ્રી. યશોવિજયજી

પ્રકાશક :
સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ. સંઘ,
અમદાવાદ–૩૮૦ ૦૦૫

આવૃત્તિ પહેલી

વિ. સં. ૨૦૩૫

ચાર રૂપિયા

મુદ્રક :
મધુ પ્રિન્ટરી
ભીખાભાઈ એસ. પટેલ
દૂધવાળી પોળ, ઘીકાંટા રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧.

# જ્ઞાનસાર પ્રવચનમાળા

## ભાગ પહેલો

ન્યાયાચાર્ય, ન્યાય વિશારદ, મહામહોપાધ્યાય શ્રીમદ્ યશો વિજય મહારાજાની અનુપમ કૃતિ 'જ્ઞાનસાર'ના પહેલા અને બીજા અષ્ટકો પર પૂજ્યપાદ, સંઘસ્થવિર, આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂજ્યપાદ, શાસન પ્રભાવક, આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ૐકાર સૂરીશ્વરજી મહારાજાએ વિ. સં. ૨૦૩૪ના સાબરમતી (અમદાવાદ)ના ચાતુર્માસમાં આપેલ પ્રવચનોનું સારભૂત અવતરણ.

**અવતરણ કાર :**

**પૂજ્ય મુનિરાજ શ્રી. મુનિચન્દ્ર વિજય મહારાજ**

# ખોવાઈ જઇએ, જ્ઞાનસારમાં !

—મુનિ શ્રી. યશોવિજયજી

અણમોલ ગ્રન્થ છે 'જ્ઞાનસાર.' હૈયાંને વલોવી નાખે તેવા ચોટદાર–વેધક વાક્યો, અહીં ને તહીં, ચોમેર, પોતાનું સામ્રાજ્ય પસારીને બેઠેલાં જોવા મળે છે આ ગ્રન્થરત્નમાં. એવી વૈભવી દુનિયા છે 'જ્ઞાનસાર'ની, જેમાં એકવાર પેઠા પછી બહાર નીકળવાનું મન ન થાય !

અને તેથી તો એમાં ખોવાઈ જવાનું તમને આમંત્રણ પાઠવું છું હું. (જો કે, શીર્ષક સૂચવે છે તેમ, માત્ર તમે જ નહિ, હું પણ આમંત્રિત છું !) બહુ મઝા આવશે એમાં. હા, ખોવાઈ જવામાંય મઝા મળી શકે છે ! એ ખોવાવું એ જ તો પોતાની જાત સાથે 'ફેઇસ ટુ ફેઈસ રીલેસન' સાધવાનો એક માત્ર સરળ ઉપાય છે ને ! બહારની દુનિયામાંથી બેપત્તા બન્યા સિવાય નિજની દુનિયામાં શી રીતે ડોકિયું થઈ શકે ?

કવિએ કહ્યું છે: 'માયા સંસારમાં રંગતાળી રમતાં, આતમનું મોતી ખોવાણું જી !' પણ એ ખોવાયેલ આત્મધન રૂપી મોતીને શોધવાનો કોઈ માર્ગ ખરો કે નહિ ? ખરો. 'જ્ઞાનસાર' જેવા ગ્રન્થોમાં ખોવાઈ જવું તે જ એવી પ્રક્રિયા છે, જે પેલા મોતીને આપણા હાથમાં મૂકી દે !

પણ આ ખોવાઈ જવું એટલે શું ? આવા ગ્રન્થોના જે વેધક વાક્યો છે, એમના ગાઢ સંપર્કમાં આવવું તે જ આ ખોવાઈ જવું છે. દીવાસળીના ઘર્ષણ જોડે સરખાવીએ આ વાતને. દીવાસળીમાં મહત્ત્વનો ભાગ છે તેનું રાસાયણિક દ્રવ્યોથી ભરેલું ટોપચું અને મુખ્ય વાત છે એ ટોપચાનું ઘર્ષણ પથમાં આવવું તે. બાકસમાં પડેલ દીવાસળીના ટોપચામાંય પ્રકાશ પાથરવાની શક્તિ તો પડેલી જ છે, પણ એને ઘસવામાં ન આવે ત્યાં સુધી? ત્યાં સુધી એ શક્તિ સુષુપ્તાવસ્થામાં પડી રહેશે.

દીવાસળીના ટોપચા જેવા વેધક વાક્યોને પણ ચિન્તનના ઘર્ષણ-પથમાં ન લઈ જવામાં આવે ત્યાં સુધી અનુભૂતિનો પ્રકાશ શેં સાંપડે ? વેધક વાક્યોના વિમાનને અનુભૂતિના ક્ષેત્રમાં ઉતરાણ કરાવવા માટે રનવેની ગરજ સારે છે ચિન્તન. શબ્દોની વિશાળ કોરીડોર (પરસાળ) વીંધ્યા પછી જ આવે છે અનુભૂતિના ખંડનું દ્વાર. ચિન્તનના ટકોરા પેલા દ્વારે મારો, અને 'ટકોરો મારો, તે ખૂલશે જ'ની પ્રસિદ્ધ પંક્તિ કહે છે તેમ, તે ખુલીને જ રહેશે.

તો અનુભૂતિના ક્ષેત્રે ઉતરવું જ રહ્યું. ગોળ કેટલો ગળ્યો છે એનું વર્ણન બીજાના મુખે ગમે તેટલી વાર અને ગમે તેટલી ઝીણવટથી સાંભળતો તોય નહિ જ મેળવી શકો. એકાદ ગાંગડી ગોળ મોઢામાં નાખવો જ રહ્યો એ સારું તો !

'જ્ઞાનસાર'ના ગોળનો થોડો નમૂનો બતાવું ! "મુનિનું સુખ દેવોના સુખને ક્યાંય કોરાણે મૂકી દે તેવું છે [૨૫]. એક વર્ષનો દીક્ષા પર્યાય થયા પછી તો મુનિનું સુખ અનુત્તર દેવલોકના, એકાન્તે સાતા વેદનીયનો ઉપભોગ કરતા દેવોના સુખનેય ક્યાંય ટપી જાય એવું છે. દુનિયામાં એવી કોઈ વ્યક્તિ નથી કે એવું કોઈ સ્થાન નથી જેની ઉપમા મુનિની ચિત્ત-પ્રસન્નતા જોડે આપી શકાય.

આ વાક્ય રૂપ ગોળના રવામાંથી એકાદ ગાંગડી ચાખશો ? મુનિ-જીવનની નાનકડી આવૃત્તિ સમા પૌષધમાં વિરતિનો રસાસ્વાદ માણો.

તમને પેલી ભાવના સ્પર્શ્યા વગર નહિ રહે : ધન ધન તે દિન મુજ કદી હોશે, હું પામીશ સંજમ શુદ્ધોજી...

ઉપર કહ્યા તેવાં વેધક વાક્યોનો આ ગ્રન્થમાં તોટો નથી. એના પ્રથમ પ્રકરણ (અષ્ટક)નો જ ઉઘાડ જુઓ ને! અપૂર્ણને પૂર્ણ બનાવવાની, કહો કે જીવને શિવ બનાવવાની પ્રક્રિયાનું સંક્ષિપ્ત છતાં કેવું સચોટ વર્ણન ત્યાં છે!

એ વર્ણન વાંચો. એ પર ચિન્તન કરો અને પછી અનુભૂતિના ક્ષેત્રમાં કૂદી પડો!

ચિન્તન એટલે અનુભૂતિના સાગરમાં ખાબકવા માટે યોગ્ય 'પોઝિસન' લેવાની ક્ષણો. પણ એ ક્ષણોને હવે અનુભૂતિના રંગે રંગાવા દો. હવે ઢીલ ન કરો. અનુભૂતિના સમુદ્રમાં ખાબકી પડો! અણમોલ આનંદ તમારી વાટ જોઈ ને ત્યાં બેઠો છે.

અનુભૂતિ પરાયા જેવા લાગતા શબ્દોને પોતીકાપણાનો પુટ આપે છે. 'આત્માનં વિદ્ધિ' (તારી જાતને ઓળખ!) જેવા સૂત્ર પર કલાકો સુધી, તર્કપૂર્ણ રીતે, શ્રોતાઓના દિલને હચમચાવી નાખે તેવું પ્રવચન આપતાં આવડતું હોય કે એટલા નાના અમથા સૂત્ર પર મહાગ્રન્થ લખતાં આવડતો હોય તોય બની શકે કે એ સૂત્ર એ વક્તા કે લેખક માટે પરાયું હોય! પડોશમાં રહેતી કોઈ વ્યક્તિ કરતાં હજારો માઈલ દૂર, વિદેશમાં રહેલ કોઈ આત્મીયજન વધુ નીકટ લાગી રહેવાનું કારણ શું છે? કારણ એ જ છે કે, ત્યાં અન્તરની વિભાવના હૈયાના સામીપ્ય અને દૂરત્વથી થાય છે.

આ જ નિયમ શબ્દોના સામ્રાજ્યને લાગુ પડે છે. જે વાક્યની કાવ્યમયતા કે શાબ્દિક ઝંકૃતિ પર જ આપણે લોભાણા હતા, તે નિતનું સંગાથી હોવા છતાં પરાયું હતું. રોજ એનું પારાયણ કરવા છતાં એ દૂરનું હતું. એના પર ઘણીવાર વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો અપાવા છતાં એ છેટેનું હતું.

આ પરાયાપણાને હવે પોતીકાપણામાં ફેરવવું છે. એના માટે જ અનુભૂતિની વાત કરી.

ચાલો, આસ્વાદીએ–મમળાવીએ જ્ઞાનસારનાં વેધક વાક્યોને. પૂજ્યપાદ, મહામહોપાધ્યાય, શ્રીમદ્ યશો વિજય મહારાજાની અણમોલ કૃતિ છે આ જ્ઞાનસાર. 'સમ, સમ, ખૂલ જા!' જેવો કોઈ મન્ત્ર આવડી જાય તો વેધક વાક્યોનો મસ મોટો ખજાનો 'જ્ઞાનસાર'ની ગુફામાં દેખવા માંડે! કહો કે, અંદરની વૈભવી દુનિયામાં રહેલાં અનુપમ રત્નો નજર સામે દેખાવા લાગે. જરૂર છે અનુભૂતિની દુનિયાના બંધ દ્વારને બારણે ટકોરા મારી શકે એવા વેધક–હૈયાને હચમચાવી નાખે તેવા કોઈ વાક્ય પર ઊંડું ચિન્તન કરવાની. પેલા દ્વારને ખૂલ્યે જ છૂટકો!

'જ્ઞાનસાર' ગ્રન્થની વેધકતા પ્રવચનકાર, પૂજ્યપાદ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય ૐકાર સૂરીશ્વરજી મહારાજાની તાર્કિક છતાં સુગમ રજુઆત વડે અહીં ધારદાર બનેલી વાચક અનુભવી શકશે. પ્રાચીન, ઐતિહાસિક દૃષ્ટાન્તોને નવા સંદર્ભમાં મૂકવાની તેમની શૈલિની વિશિષ્ટતા આ ગ્રન્થના પાને પાને જોવા મળશે. પૂજ્યશ્રીનાં પ્રવચનોને સાંભળવા એ જીવનનો એક લહાવો છે. એ લહાવો લઈ શકનાર અને ન લઈ શકનાર સહૃદયી વાચકોના હાથમાં આ પુસ્તક જઈ રહ્યું છે. ત્યારે હૃદયને અપાર પરિતોષ થાય છે.

આ ગ્રન્થને પ્રકાશનમાં લાવવા દ્વારા શ્રી. સાબરમતી રામનગર શ્વે. મૂ. સંઘના કાર્યવાહકો સુકૃતના સહભાગી બન્યા છે.

જૈન ઉપાશ્રય, રામનગર,
સાબરમતી,
અમદાવાદ–૩૮૦૦૦૫

જ્ઞાનપંચમી, વિ. ૨૦૩૫

# અનુક્રમ


| | | |
|---|---|---|
| **[૧]** | **પિછાણ સાચી પૂર્ણતાની [૧/૧]** | **૧** |
| | સાચી પૂર્ણતા કઈ ? | ૨ |
| | શાશ્વતતા વડે પૂર્ણતા | ૪ |
| | ગજસુકુમાલ મુનિ અને ખંધક મુનિ | ૪ |
| | જ્ઞાન વડે પૂર્ણતા | ૬ |
| | ભરત મહારાજાની વાત | ૭ |
| | આનંદ વડે પૂર્ણતા | ૯ |
| **[૨]** | **કર્મોથી મુક્ત બનવું છે ? [૧/૧]** | **૧૧** |
| | જ્ઞાનાવરણીય કર્મ | ૧૨ |
| | દર્શનાવરણીય કર્મ | ૧૪ |
| | વેદનીય | ૧૫ |
| | તાવને કપડામાં મૂકનારા ! | ૧૭ |
| | મોહનીય કર્મ | ૧૭ |
| | સૂર રાજા જેવા બનો ! | ૧૮ |
| | આયુષ્ય કર્મ | ૨૦ |
| | વજ્રસ્વામી : ઘોડિયામાં દીક્ષા સાંભરે છે ! | ૨૧ |
| | અવંતી સુકુમાલની વાત | ૨૨ |
| | લવસત્તમિયા સુરની વાત | ૨૩ |
| **[૩]** | **ક્યાં કર્મ ખટકે છે ? [૧/૧]** | **૨૫** |
| | નામ કર્મ | ૨૬ |
| | અંજના સતીની વાત | ૨૭ |
| | ગોત્ર કર્મ | ૩૦ |
| | અંતરાય કર્મ | ૩૨ |

મોંઘવારી ક્યાં નડે ? પૂજામાં ! 33
દાનાન્તરાય ખટકે કે લાભાન્તરાય ? 34
કર્મ ખૂંચવા જોઈએ 35

**[4] વિરોધાભાસ જગવો ! [1/1] 37**

વિરોધાભાસ ઉત્પન્ન કરો ! 38
વીરા મોરા, ગજ થકી ઉતરો ! 38
નિધાન ઘરમાં હોય પછી... 40
કૃષ્ણ વાસુદેવની વાત 43
કર્ણદેવ અને મીનળદેવી 44
આ દુખમાંથી છૂટવાનો રસ્તો 46
વાત નંદીષેણ મુનિની 46
પૂર્ણતા 49

**[5] ઉછીનો શણગાર ! [1/2] 47**

શાલીભદ્રની ઋદ્ધિ હોજો ! 50
વાત સાબુની ગોટી ખાનારની ! 52
બળભદ્રજીની વાત 55
ડૉક્ટરની પાસે દર્દની વૃદ્ધિ ન મગાય ! 56
કર્મરાજાની દેણ ! 58
કેશિયર કે માલિક ? 59

**[6] પૂર્ણતા : કાલ્પનિક ને વાસ્તવિક [1/3] 61**

સાધુ તો સુખિયા ઘણા... 62
શાસનને સંતાન સમર્પવા તૈયાર છો ? 63
હરખ-શોકનાં મોજાં ! 64
કલ્પનાનો હલવો...! 66
જેની કલ્પનાય રોવડાવે એ વસ્તુ કેવી ! 68

**[7] જાગૃતિ જ્ઞાનદષ્ટિની [1/4] 70**

કાળું-ધોળું હવેથી બંધ ને ? 72
કર્ણ રાજાની વાત 73

કોણે દુઃખોની ભેટ ધરી ? ૭૫
જરા વિચારો ! ૭૮
[૮] **ઉપેક્ષા જનની પૂર્ણતાની** [૧/૫] ૮૦
તમે શું માગો ? ૮૧
આરાધકની વિચારણા ૮૨
ચક્રવર્તી રાજા ખુશ થયો તોય...! ૮૨
પુણિયા શ્રાવક જેવા જેવું છે ? ૮૪
પૌષધનો આનંદ ૮૫
ઘોડા ઘર આપણા...! ૮૭
અપેક્ષા ને ઉપેક્ષા ૮૮
[૯] **અપૂર્ણ બરોબર પૂર્ણ** [૧/૬] ૮૯
નમિ રાજાની વિચારણા ૯૦
એવાં સામાયિક કેટલાં થયાં...? ૯૧
કાલિદાસ અને ભવભૂતિ ૯૩
જ્યાં ઓછાશ ત્યાં સુખ ! ૯૩
સાધુના ને શ્રાવકના વિચાર એક સરખા ! ૯૪
મેઘકુમાર મુનિની નીંદ કોણે હરી'તી ? ૯૫
દેવને દુખ બહુ જાતિનું એ... ૯૬
[૧૦] **પૂર્ણતા ક્યાં છૂપાયેલી છે ?** [૧/૭] ૯૮
ચમરેન્દ્રની ઈર્ષા ૯૯
નવ તત્ત્વોને જાણવા એટલે શું ? ૧૦૦
તમારા ઘરમાં હવે પૂંણજાણી દેખાય છે ? ૧૦૧
સુભૂમ ચક્રીનો અસંતોષ ! ૧૦૨
બાદશાહને સંન્યાસી ૧૦૩
[૧૧] **અંધારિયામાંથી અજવાળિયામાં !** [૧/૮] ૧૦૫
શેમાં મઝા આવે છે ? ૧૦૬
અંદરનો કાર્ડિયોગ્રામ ૧૦૭
જ્યારે આત્મા પરમાત્મા બને છે... ૧૦૯

[૧૨] **મગ્નતા [૨/૧]** **૧૧૨**
શોભન મુનિ ૧૧૩
વૈદ્ય અને દર્દી ૧૧૪
જીવનરૂપી કાર બ્રેક વગરની તો નથી ને ! ૧૧૭
પ્રશ્નો શિષ્યના, ઉત્તરો ગુરુના ! ૧૧૭
[૧૩] **ભક્તિ પરમાત્માની [૨/૨]** **૧૧૯**
પૂજાની વિધિ બરોબર જાણો ૧૨૦
અંગલૂંછણાં ઘેર ધોવા લઈ જાવ છો ? ૧૨૨
તાળાકુંચી કદી ન વાપરશો ૧૨૪
શાસનદેવની પૂજા થાય ? ૧૨૫
પુષ્પપૂજામાં વિરાધના ખરી કે નહિ ? ૧૨૬
ભવોભવ તુમ ચરણોની સેવા ૧૨૭
[૧૪] **દ્રષ્ટા બનો ! [૨/૩]** **૧૩૦**
'જયવીયરાય'નું અદ્‌ભૂત પદ 'ભવનિવ્વેઓ' ૧૩૧
કર્તૃત્વ નહિ, સાક્ષિત્વ ! ૧૩૪
સનતકુમાર મુનિ ૧૩૫
[૧૫] **ધ્યાતા, ધ્યેય ને ધ્યાન ! [૨/૪]** **૧૩૮**
પિંડસ્થ, પદસ્થ ને રૂપાતીત ધ્યાન ૧૩૯
નાગકેતુની જિનપૂજાની એકાગ્રતા ૧૪૨
[૧૬] **મુનિનું અનુપમ સુખ [૨/૫]** **૧૪૪**
'હું રહી ગયો' ! ૧૪૫
આરાધના વગરનો ધનવાન : બિચારો ૧૪૫
કેવું છે મુનિનું સુખ ? ૧૪૬
દેવોમાં વિષય વાસનાની ક્રમશઃ ઓછાશ ૧૪૭
લલિતાંગ દેવ ૧૪૮
[૧૭] **ધ્યાનમાં લીન બનો ! [૨/૬]** **૧૫૧**
રાવણ રાજા અને ધરણેન્દ્ર ૧૫૨
ગુરુ મહારાજનો આશીર્વાદ શું હોય ? ૧૫૩

વાત એક રાજાની ૧૫૩
'નિત્થારગ પારગા હોહ !' ૧૫૫
કેવો છે આનંદ મગ્નતાનો ? ૧૫૬
**[૧૮] જીવન કઈ રીતે શાન્ત બને ? [૨/૭] ૧૫૮**
પુત્રની દીક્ષાના સમાચારે આનંદ કે...? ૧૫૯
ચિલાતિપુત્ર ૧૬૦
નાનકડા પ્રશ્નનો મોટો જવાબ ૧૬૨
**[૧૯] કરૂણાભીની આંખોમાંથી...[૨/૮] ૧૬૩**
વાત એક સાળવીની ૧૬૪
એવી કેટલી દેશના સંભળાણી...! ૧૬૬
વ્યાખ્યાન સાંભળવા જતા હો અને... ૧૬૮
શાસન જેને હૈયે વસ્યું ! ૧૬૮
નયણે કરુણા, વયણે અમરત ! ૧૭૦

# શુદ્ધિ પત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૧૫ | પરર્પેકટિવ | પરર્પેક્ટિવ |
| ૧૭ | ૬ | ‘સંતિકર’’ | ‘લઘુશાન્તિ’ |
| ૨૨ | ૫ | મહાગિરિ સૂરિ | આર્ય સુહસ્તિ સૂરિ |
| ૨૨ | ૭ | પાંચમા | પહેલા |
| ૨૩ | ૭ | એકાવતારી | લવસત્તમિયા |
| ૭૪ | ૧૫ | ચેનલ | ચેઈન |

પૃ. ૧૦૫, ૧૦૬ અને ૧૧૦ ઉપર ‘શુકલ’ છપાયું છે, ત્યાં બધે ‘શુક્લ’ સમજવું.

| | | | |
|---|---|---|---|
| ૧૧૪ | ૧૬ | વદ્ય | વૈદ્ય |

# જ્ઞાનસાર પ્રવચનમાળા–૧



પૂજ્યપાદ, સંઘસ્થવિર, આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા



: પ્રવચનકાર :

પૂજ્યપાદ, શાસન પ્રભાવક, આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય ૐકારસૂરીશ્વરજી મહારાજા

[૧]

# પિછાણ સાચી પૂર્ણતાની

ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥

જીવનના લગભગ દરેક તબક્કે મનુષ્ય કંઈ ને કંઈ અપૂર્ણતા – અધૂરાશ અનુભવતો જ હોય છે. ઘણી વાર એ અપૂર્ણતા ઘેરી નિરાશાને જન્માવી રહેતી હોય છે. 'અમુક પદાર્થ કે વ્યક્તિ વગર તો ચાલે જ કેમ ? ફલાણી ચીજ ન મળે તો કેમ કરી જીવી શકાય ?' આ અને આવી ચિન્તાઓ નિશ–દિન મનુષ્યના મગજને કોરી ખાય છે. પરિણામે જન્મે છે ટેન્સન. તણાવ.

આ માનસિક પીડા – ટેન્સનને નાબૂદ કરવા માટે શું કરવું જોઈએ ? એ માટે અપેક્ષિત છે ઊંડું જ્ઞાન. આ ચાતુર્માસમાં જે ગ્રન્થને આધારે પ્રવચનો થશે, તે 'જ્ઞાનસાર' ગ્રન્થના પ્રથમ પ્રકરણ (અષ્ટક)માં ગ્રન્થકાર

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજય મહારાજાએ સાચી પૂર્ણતા કઈ એ પર પ્રકાશ ફેંકવા સાથે પ્રાણીઓની અપૂર્ણતા શી રીતે દૂર થાય એ વિશે અદ્ભૂત સમજ આપી છે.

પેલા તણાવની જ વાત કરીએ તો, ગ્રન્થકારે એ તણાવના મૂળ કારણને બહુ માર્મિક રીતે આપણી સમક્ષ ઉદ્ઘાટિત કર્યું છે. સામાન્ય લોકોની સમજ હોય છે કે, પોતે જેની ખેવના – કામના રાખી રહ્યો છે એ પદાર્થ કે વ્યક્તિ ન મળવાથી પોતે અપૂર્ણતા – અધૂરાશ અને પરિણામે દુખ અનુભવે છે. ગ્રન્થકાર કહે છે કે, તમેય જો આવું જ માનતા હો તો તમે અપૂર્ણતાનું પગેરું શોધી શકયા નથી! પદાર્થનું કે વ્યક્તિનું ન મળવું એ અપૂર્ણતાનું ને પરિણામે દુખનું કારણ નથી; પણ એ પદાર્થને મેળવવાની ઈચ્છા જાગવી એ જ અપૂર્ણતાનું ને દુખનું કારણ છે. આ વાતને આગળ પર જૂદા જુદા ઉદાહરણોથી જુદા જુદા પરિપ્રેક્ષ્ય – પર્સ્પેક્ટિવમાં જોઈશું. (૪થા ૫મા અને ૬ઠ્ઠા પ્રવચનમાં તથા આગળ આ વિષયને ચર્ચ્યો છે.)

અત્યારે તો સાચી પૂર્ણતા એટલે શું એ જોઈએ.

## સાચી પૂર્ણતા કઈ?

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર આદિ આત્માના ગુણોનું પૂર્ણતયા પ્રકટીકરણ તે જ સાચી પૂર્ણતા. ન ધન વડે સાચી પૂર્ણતા મળે, ન સત્તા વડે એ સાંપડે, ન દુન્યવી કોઈ પદાર્થ વડે એ ખરીદી શકાય! નિજ

સ્વરૂપનો જેમ ઉઘાડ થતો જાય તેમ પૂર્ણતા પ્રાપ્ત થતી જાય, અને એમ કરતાં સંપૂર્ણતયા નિજ સ્વરૂપનો ઉઘાડ થઈ જાય ત્યારે આપણે પૂર્ણ બની જઈએ.

તો વાત આવી આત્માના ગુણોના પ્રકટીકરણ પર. હા, પ્રકટીકરણ. આપણા અનંત જ્ઞાન આદિ ગુણો આવરાઈ ગયેલા છે, કર્મના વાદળથી ઢંકાઈ ગયેલા છે; તેમને ખુલ્લા કરવાના છે.

તેથી જ કહ્યું કે, 'સચ્ચિદાનંદપૂર્ણેન, પૂર્ણં જગદવેક્ષ્યતે.' સત્ (શાશ્વતતા), ચિત્ (જ્ઞાન) અને આનન્દ વડે પૂર્ણ ભગવન્તો આપણનેય પૂર્ણ દેખે છે; કારણકે આપણી દેખીતી અપૂર્ણ દશા – વિભાવ દશાને પેલે પાર ચમકતી પૂર્ણ દશા-સ્વભાવ દશાને તેઓ નીહાળી રહ્યા છે.

'સચ્ચિદાનંદપૂર્ણેન.' સત્, ચિત્, આનંદથી પૂર્ણ એવા પરમાત્માના ગુણોને નજર સમક્ષ રાખી આપણા ગુણોને આપણે પ્રગટ કરવા છે. પરમાત્માની સ્તુતિ કરતાં સાધક ઘણીવાર કહે છે : આવિરભાવથી તુજ સયલ ગુણ માહરે, પ્રચ્છન્ન ભાવથી જોય ! હે પ્રભુ ! તમારી પાસે જે ગુણો આવિર્ભૂત – પ્રગટ થયેલ છે, તે બધા જ મારી પાસે છે; પણ એ ઢંકાયેલા છે !

એ ગુણોને પ્રગટ કરવા માટે શું કરવું ? સત્, ચિત્, આનંદનું ઊંડું ચિન્તન, સચ્ચિદાનન્દપૂર્ણ બનવા માટે યોગ્ય ભૂમિકા પૂરી પાડે છે.

### શાશ્વતતા વડે પૂર્ણતા

પહેલી વાત સત્‌ની. શાશ્વતતાની. અમરતાની. શરીર સુધી જ જેની દૃષ્ટિ સીમિત થયેલી હોય છે, તે મરણથી બહુ ભયભીત રહેતો હોય છે. મરણના આ ભયનો છેદ શી રીતે ઉડાડી શકાય? દેખીતી રીતે જ, શરીરની નશ્વરતાને પેલે પાર ડોકાતી આત્માની શાશ્વતતાની વિચારણા સિવાય મરણની ભીતિનો છેદ ન ઉડી શકે.

'નાશવંત જે છે તે તો શરીર છે. હું તો અવિનાશી આત્મા છું, કદી નાશ ન પામનારો, શાશ્વત સમય સુધી રહેનારો;' આ વિચારણા જેમ એક બાજુ આપણને મરણના ભયમાંથી ઉગારે છે, તેમ બીજી બાજુ એ સમજાવે છે કે, જે સદાકાળ આપણી જોડે રહેનાર નથી તેના પર 'મમત્વ'ની – મારાપણાની ભાવના ન રાખવી જોઈએ. આ ઘર મારું નહિ, પૈસા મારા નહિ; અરે! આ શરીર પણ મારું નહિ; મારું તો તે જ છે કે જે મારી જોડે સદાકાળ રહેનાર છે. અને એવાં તત્ત્વ છે અનંતજ્ઞાન, અનંત દર્શન, વીતરાગતા આદિ.

### ગજસુકુમાલ મુનિ અને ખંધક મુનિ

આત્માની શાશ્વતતાની વિચારણા શરીરથી આપણને જુદા તારવી બતાવે છે. માથા પર મૂકાયેલ ખેરના ધગધગતા અંગારાની સગડીનેય મોક્ષની પાઘડી માનનારા ગજસુકુમાલ મુનિની વાત પર કદી વિચાર કર્યો છે? જરા વિચારીએ.

તમારા બંગલાના ઓટલાને કોઈ કોશ વડે તોડે તો તમે એને તોડવા દો? અરે, કોઈ એનાં પ્લાસ્ટરના પોપડાને ઉખેડે તોય તમને એ ન ગમે. મમત્વ છે ને! પણ એક જુનો દસ્તાવેજ જુના ચોપડામાંથી મળી જાય અને એમાં લખ્યું હોય કે, ઘરના અમુક ખુણામાં નિધાન દાટેલું છે; તો તમે આ વાંચીને શું કરો? જાતે જ કોશ લઈને ખોદવા મંડી પડો, નહિ?

કેમ થયો આ ફેરફાર? જેની એકાદ ઇંટ તૂટી જાય તોય હૈયામાં ચચરાટી થતી'તી એ જ બંગલાની ફરશ (અને દસ્તાવેજમાં લખ્યું હોય તો એકાદ ભીંત પણ) તોડી નાખતા તમે અચકાવ નહિ એનું શું કારણ? બંગલા પરના મમત્વને કોણે તોડ્યું? એ તોડવાથી વધુ લાભ મળશે એ વિચારે પેલા મમત્વને છેદી નાખ્યું.

આ સંદર્ભમાં ગજસુકુમાલમુનિની વાતને વિચારવી જોઈશે. શરીરના નાશે ત્યાં મોક્ષ મેળવવાની વાત હતી. ને તેથી એમના હૈયામાં પૂરો આનંદ હતો; શાશ્વત ખજાનાને હાથવગો બનાવવાનો જ સ્તો! ભયંકર ઉપસર્ગ કરનારને પણ મિત્ર આવા મહામુનિઓ જ માની શકે.

'એ તો વળી સખાયો મળિયો, ભાઈ થકી ભલેરો રે!' કોના શબ્દો છે આ? ખંધક મુનિના. ચામડી ઉતારવા આવનાર રાજસેવકને શું કહે છે તેઓ? 'રાય સેવકને ઈમ કહે મુનિવર, કઠિન ફરસ મુજ કાયા રે; રખે બાધા તુમ હાથે હોવે, કહો તિમ રહી એ ભાયા રે....' મારી ચામડી કઠણ છે (તપ-જપ વડે દેહને સૂકવી નાખ્યો

છે ને!), તેથી તમને એ ઉતારવામાં જરાય તકલીફ ન પડે એ રીતે હું ઉભો રહું!

કેવી તટસ્થતા! કડવી દવા ગટગટાવવાના ટાણેય લોકો ન રાખી શકે તેવી સ્વસ્થતા ચામડી ઉતરાવવાના ટાણે દર્શાવી રહ્યા છે તેઓ. મૂળ વાત આ હતી: મોક્ષનાં દ્વાર એમને એ વખતે ખૂલી રહેલાં લાગતા હતાં; પછી આનંદનો શો પાર હોય?)

આવા મહામુનિઓની વાતો આપણા આત્માની અમરતાના ચિન્તનને વેગીલું બનાવે છે. આત્માની વિચારણા એ સત્-શાશ્વતતાવડે પૂર્ણ બનવાની આપણી યાત્રામાં પ્રમુખ સહકારી બને તેવી છે.

**જ્ઞાન વડે પૂર્ણતા**

ચિત્ એટલે જ્ઞાન. જ્ઞાન વડે પણ પૂર્ણ બનવું છે. અત્યારે આપણું જ્ઞાન બહુ સીમિત છે. પણ એ સીમિત જ્ઞાને જો અપરિમિત જ્ઞાનની પ્રાપ્તિમાં સહકારી બને તો કેવું સારું!

જ્ઞાન શેના માટે? માત્ર મનોરંજન માટે? ના, જ્ઞાન તો જનમ-જનમનાં બંધન તોડવા માટે છે. સાડા નવ પૂર્વ જેટલું જ્ઞાન અભવીને હોય તોય એ નકામું; ને સંસારની ભયંકરતાનો ચીતાર રજૂ કરે તેવું થોડુંય જ્ઞાન કામનું. જ્ઞાનની સાર્થકતા, આ રીતે, તે આધ્યાત્મિક વિકાસમાં સહાયક બની શકે છે કે નહિ તે પર આધારિત છે.

**ભરત મહારાજાની વાત**

ભરત મહારાજા સ્નાન કરીને રોજ અરીસા ભવનમાં જતા. ચારે બાજૂ ગોઠવાયેલા મોટા અરીસાઓમાં પોતાનું રૂપ જોતાં એ હરખાતા. પણ એક દિવસે એ પોતાનું રૂપ નીહાળતા હતા ત્યારે એક આંગળી પરથી વીંટી સરી ગઈ અને એ ફિક્કી લાગવા માંડી.

આનાથીય શરીરને વધુ નિસ્તેજ–ફિક્કું તમે માંદગીના અંતે કદાચ જોયું હશે. એ વખતે એ ફિક્કા શરીરને જોઈ શું વિચાર આવેલો ?

સભાઃ વિટામીન્સની ટીકડીઓ લેવાનો !

મને ખબર હતી કે, તમે આમ જ કહેવાના ! અને એથી જ ભરત મહારાજાની વાત મેં મૂકી; તમારા અને એમના વિચારોમાં કેટલો ફરક છે, એ તમે તમારી જાતે તપાસી શકો એ માટે.

ભરત મહારાજા એક સામાન્યના બાબતના વિચાર-માંથી કેવા અસામાન્યના ચિન્તન તરફ જતા રહ્યા ! એમણે વિચાર્યુંઃ આ અલંકારોથી હું સુન્દર દેખાઉં, તો એનો અર્થ એ જ થયો કે મારી આ સુન્દરતા ઉછીની લેવાયેલી છે. એ પારકી છે, પોતીકી નથી. અન્યત્વ ભાવના આગળ વધીઃ આ શરીર પણ પરાયું જ છે ને ? હું કોણ ? અત્યાર સુધીનું ભ્રમણાનું અંધારું જ્ઞાનના પ્રકાશે દૂર થયું, અને કેવળજ્ઞાનનો સૂરજ ઝળહળવા લાગ્યો !

ભરત મહારાજાને કેવળજ્ઞાન સાંપડ્યું તેમાં અરીસો

પણ સહાયક હતો, અલંકાર પણ મદદગાર હતા, પણ મુખ્ય સહાય ભાવનાની હતી. દાગીનાઓ પહેરીને અરીસા સામે ઊભા રહેવાનું અને એકાદ વીંટી પાડી દેવાનું કામ તો તમારા માટે ય શક્ય છે; ખૂટે શું ?

સભાઃ ભરત મહારાજા જેવી ભાવના.

એવી ભાવના આવે એ માટે કેટલી મહેનત કરી ? મહેનત કરવી પડશે. આખું જીવન સંસારની જળોજથામાં જ જેણે વીતાવ્યું છે, એના માટે આવી ભાવના આવવાની તક ઓછી કહેવાય. શરીર માટે–દેહની ટાપટીપ માટે કલાકો ખર્ચનારો, આત્મા માટે કેટલો સમય આપે છે ? ભરત મહારાજા જેવી ભાવના લાવવી હશે તો ધર્મ ગ્રન્થોનો સ્વાધ્યાય કરવો પડશે. ધર્મતત્ત્વનું ચિન્તન કરવું જોઈશે, ધર્મતત્ત્વનું નિશદિનનું રટણ જ આવી ભાવનાઓને જન્માવશે.

અંત સમયે મુનિરાજ કોને યાદ આવે? ઉદયન મંત્રી જેવાને. ન દીકરાઓને યાદ કર્યા, ન સ્વજનોને યાદ કર્યા, યાદ કર્યા માત્ર મુનિરાજને. આજે તો ઘણી વાર મુનિવર 'પુણ્ય પ્રકાશ'નું સ્તવન સંભળાવતા હોય ત્યારે ખાટલામાં પડેલાનાં હૃદયમાં બીજી જ વાતો ઘૂમરાતી જોવા મળે.

તો જ્ઞાન આવી પરિણતિ માટે છે. મનને ધર્મમય વાતાવરણથી વાસિત બનાવવા માટે છે. અને આવું જ્ઞાન જ આપણને જ્ઞાનની પૂર્ણતા ભણી દોરી જાય છે.

## આનન્દ વડે પૂર્ણતા

સત્, ચિત્, આનંદની ત્રિપુટીમાં હવે આનંદ વિષે વિચારીએ. આ જે આનંદની વાત છે, તેનો આછેરો આસ્વાદ મળી જાય તોય દુન્યવી સુખો તુચ્છ, અસાર લાગી રહે. શાસ્ત્રમાં કહ્યું છે કે, બધા દેવોનુ સુખ એકઠું કરવામાં આવે તોય એક સિદ્ધ ભગવાનનાં સુખના અનંતમા ભાગ જેટલું માંડ તે થાય.

ભૌતિક સુખ તો હકીકતમાં સુખાભાસ જ છે. ધારો કે, તમે જમવા બેઠા. વેવાઈનું ઘર છે. વેવાણુ આગ્રહ કરી કરીને મિઠાઈ ને ફરસાણુ પીરસે છે. ભૂખ બરોબર લાગેલી હોય તો એ ભોજનિયાં કેવાં લાગે ? મીઠાં મીઠાં લાગે ને ? પણુ પેટપૂર ખાધા પછી વેવાઈ આવીને મોઢામાં લાડુ નાખી જાય અને પરાણે ખવડાવે (ચિન્તા ના કરતા, આવી મહેમાનગતીના દિવસો હવે પહેલાં જેવા નથી રહ્યા !), ત્યારે એ લાડુ કેવો લાગે ?

સભાઃ સાહેબ, ગળે જ ન ઉતરે ને ! (હસાહસ.)

જરા વિચારો. લાડવો બદલાણો છે ? વેવાણે પીરસ્યો હતો તે જ વેવાઈએ મોઢામાં નાખ્યો છે. તમને ભૂખ હતી ત્યારે જે પદાર્થ મીઠો લાગેલો, એ જ પદાર્થ હવે બેસ્વાદ લાગે છે. અહીં જરા ઉંડા ઊતરીને થોડું સમજી લો. ભોજન તમને આનંદ નથી આપતું; પણુ ભૂખનું દુખ સંતોષાવાથી–ઓછું થવાથી મને સુખ મળ્યું આવો

એક આભાસ ઉપજ્યો છે. આને જ શાસ્ત્રકારો સુખાભાસ કહે છે.)

એક નાના બાળાને માથું દુખતું હતું. એની માએ વેદના શામક ટીકડી આપી, થોડી વારમાં જ માથું હળવું ફૂલ થઇ ગયું. બાળાને થયું : એક ટીકડી લેવાથી આટલી મઝા આવી તો દશ-પંદર લેવાથી તો કેટલી બધી મઝા આવે! એણે પોતાનો એ વિચાર પોતાની માને કહ્યોય ખરો. માએ એને સમજાવ્યું : બેટા! આ ટીકડી લેવાથી મઝા આવે જ નહિ. આ ટીકડી વધુ લેવામાં આવે તો એ 'પોઇઝન' રૂપ થઇ જાય. પણ આ ટીકડીએ તારા માથાના દુખાવાને હળવો કર્યો, તેથી તને ભ્રમ થયો કે, આ ટીકડી આનંદ આપેછે.

આ જ વાત ભોજન માટે ને બધા ભૌતિક પદાર્થો માટે છે. ત્યારે નિર્ભેળ આનંદ કોણ આપી શકે? સ્વભાવ દશાનું પ્રગટીકરણ જ આવો આનંદ આપી શકે. આ આનંદ સિદ્ધ પરમાત્માઓ પાસે છે, અને આપણેય એક દિવસ એને પ્રાપ્ત કરીશું.

સત્, ચિત્, અને આનંદનો વિચાર, સચ્ચિદાનંદ-પૂર્ણ બનવા માટે યોગ્ય ભૂમિકા પૂરી પાડે છે. એનું જ ચિન્તન કરીએ અને મોક્ષના સુખને હાથવગું બનાવવા યતીએ.

[ २ ]

# કર્મોથી મુક્ત બનવું છે?

ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥

સચ્ચિદાનંદપૂર્ણ છે સિદ્ધ ભગવંતો. રોજ 'નમો સિદ્ધાણં'' પદ દ્વારા એ પરમાત્માઓને નમન કરનારા એવા તમને જરા પૂછું : આ સિદ્ધ ભગવંતોનો કયો ગુણ તમને ગમે છે ?

"તેઓ અષ્ટ કર્મથી મુક્ત થઈ ગયા છે એ વાત અમને ગમે છે. અમારે પણ એ ભૂમિકા પ્રાપ્ત કરવી છે. માટે અમો એ પરમાત્માઓને આદર્શ રૂપ રાખીએ છીએ." આવું જ તમારું કહેવું છે ને ?

જરા ધીરે ધીરે આપણે વાત કરીએ. સ્ટેપ બાય સ્ટેપ. એક પગથિયા પછી બીજું પગથિયું, ને એમ કરતાં આખો ડુંગર ચડી જવાશે. પહેલી તો વાત આ છે : તમને આઠે કર્મ ખટક્યા છે ? શાસ્ત્રોએ કહ્યું છે કે, આઠે કર્મ ખરાબ છે; માટે તમે ખરાબ જલ્દી જલ્દી કહી દો

એવી મારી ઈચ્છા નથી. કારણ કે એવું ઘણી વાર તમે બોલી ગયા છે, પણ બોલવાથી આગળ એ દિશામાં તમે કદાચ આગળ નથી વધી શક્યા. એટલે તમને પોતાને કર્મ ખટક્યા છે કે કેમ એ હું જાણવા માગું છું.

આંખની ખામીવાળાને ડૉક્ટર પૂછે કે, તમને ચન્દ્ર એક દેખાય છે કે બે ? ત્યારે બે દેખાતા હોવા છતાં પેલો વિચારે કે, બધાને એક જ દેખાય છે માટે હુંય એક કહું. તો એ બરોબર ગણાશે ? તમે નકારમાં જ જવાબ આપવાના. કારણ કે પેલો માણસ એવો જવાબ આપે તો ડૉક્ટર એની આંખોને સ્વસ્થ માની દવા ન સૂચવે. પરિણામે પેલાનું દર્દ વધતું જાય.

તમેય આવું ન કરો. આઠે કર્મો ખટકતા હોય તો જ હા કહો; નહિતર ના કહો. જેથી એ કર્મો તમને ખટકે એવું જ્ઞાન તમને આપી શકાય. પહેલાં તો ક્રમશઃ દરેક કર્મ વિષે થોડીક વિચારણા કરી લઈએ, જેથી કેટલાં કર્મ ખટકે છે એનો ખ્યાલ તમને આવે.

## જ્ઞાનાવરણીય કર્મ

જ્ઞાનાવરણીયમાં, મતિજ્ઞાનાવરણીયનો ઉદય હોય તો બુદ્ધિ સારી ચાલે નહિ. અને શ્રુત જ્ઞાનાવરણીયનો ઉદય હોય તો જ્ઞાન ચડે નહિ. હું માનું છું કે, આ કર્મ તમને ખટકે જ.

સભાઃ હા જી.

તમારે બુદ્ધિ સારી જોઇએ એ બરાબર. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો બુદ્ધિ તે પ્રમાણે તીવ્ર બને. પણ એક વાત પૂછી લઉં : એ બુદ્ધિ દ્વારા કયાં કાર્યો કરવાની તમે ઇચ્છા રાખો છો ?

સભા : સાહેબ, અહીં કહેવાય એવું નથી. (હસાહસ.)

તમારું ભલું થાય. મેં તો વિચાર્યું હતું કે, તમે તમારી બુદ્ધિનો ઉપયોગ શાસનના કાર્યોમાં વાપરવાનું ઇચ્છતા હશો; પણ તમારા મનમાં તો કંઈક બીજી જ વાત બેઠેલી લાગે છે.

પહેલાં ધર્મસ્થાનકોમાં ઘણા આરાધકો દેખાતા. 'વન'માં પેસેલા બધા દીકરાઓને કારોબાર ભળાવી પરભવનો કારોબાર સંભાળવા માટે – પરલોકનું ભાતું બાંધવા માટે દહેરે – ઉપાશ્રયે આવી જતા. આજે શું સ્થિતિ છે ? પુણ્યના યોગે જે બુદ્ધિ મળી, જે ઇન્દ્રિયો મળી, જે શક્તિઓ મળી; એમનો ઉપયોગ વધુ પુણ્ય ઉપાર્જવા સારુ કરવાનો કે સંસારની આબાદી માટે કરવાનો ?

શ્રુત જ્ઞાનાવરણીયનો ઉદય હોય તો જ્ઞાન ચડે નહિ, ને એથી તમે કહ્યું કે એ તમને ખટકે. પણ કયું જ્ઞાન ન ચડે તો ખટકે ? તમારો પુત્ર સ્કૂલમાં પાછળ રહે તો તમને ચિન્તા થાય કે, એને ધાર્મિક સૂત્રો ન આવડે તો ચિન્તા થાય ? છોકરો પાઠશાળાએ જાય છે કે નહિ એની કદી પૂછપરછ કરી છે ?

સભા : સાહેબ ! પાઠશાળા છેટી હોય છે શહેરમાં....

ને સ્કૂલ ઘરના આંગણામાં હોય છે એમ તમારું કહેવું છે ? આ બધી તમારી દલીલો મારા જાણવામાં છે. કાં તો પાઠશાળા છેટી છે; નજીક હોય તો સમય અનુકૂળ નથી — બાળકને સમ્યગ્ જ્ઞાન આપવા તમે આતુર હો તો આ બાબતો એવી નથી જે હલ ન થઈ શકે. નવી પેઢીમાં સંસ્કાર રાખવા હોય તો ધાર્મિક જ્ઞાન તમારા બાળકોને અવશ્ય આપો. અરે, પાઠશાળા ન હોય તોય માતા - પિતા થોડોક સમય લઈ બાળકોને ભણાવી શકે. જે બાળકો માટે તમે સેંકડો - હજારો ખર્ચો, કલાકો મહેનત કરો; એમના જ સમ્યગ્ જ્ઞાન માટે થોડી મિનિટો તમે ન ફાળવી શકો ?

### દર્શનાવરણીય કર્મ

દર્શનાવરણીયમાં ચક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય આંખના વિષયને અને અચક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય બીજી ઇન્દ્રિયોના વિષયોને અવરોધે છે. તમારે તો પાંચે ઇન્દ્રિય સ્વસ્થ અને મજાની જોઇએ ને ? અને તેથી તમને દર્શનાવરણીય કર્મ ન ગમે, નહિ ?

પણ કેવળદર્શનાવરણીય કે, જે કેવળદર્શનને રોકે છે, તે ખટકે ખરું ? આપણને કેવળ જ્ઞાનથી વંચિત રાખનાર છે કેવળ જ્ઞાનાવરણીય, જ્યારે કેવળ દર્શનથી વંચિત રાખનાર છે કેવળદર્શનાવરણીય. ઇન્દ્રિયો સ્વસ્થ ન હોય તો એ ખૂંચે. શરીરમાં ગરબડી હોય તો તમે

ચલાવવા ન દો. એક પોલ ચાલે છે ક્યાં ? આત્માની બાબતમાં !

એક વાત: ચક્ષુદર્શનાવરણીય અને અચક્ષુ દર્શનાવરણીયના ક્ષયોપશમથી ઇન્દ્રિયો સારી મળે, પણ એ ઈન્દ્રિયોનો ઉપયોગ તમારા દ્વારા કેવો થાય છે એની તપાસ કરી ? આંખ દ્વારા વધુ સમય પરમાત્માની મૂર્તિ જોવાય છે કે, દુનિયાનું દર્શન કરવામાં એ વધુ રોકાયેલ છે? કાન દ્વારા જિનવાણીનું શ્રવણ વધુ થાય છે કે રાગદ્વેષને પોષણ મળે એવી વાતોનું શ્રવણ વધુ થાય છે ? ફરી વાર પૂછું : પુણ્યના ઉદય દ્વારા મળેલ ઇન્દ્રિયોનો ઉપયોગ શું આ રીતે કરવાનો છે ? નહિ, કીમતી વસ્તુનો ઉપયોગ એને છાજે એવી રીતે કરવો જોઇશે. સોનાની થાળીમાં કચરો ન ભરાય, તેમ પુણ્યના ઉદય વડે મળેલ ઈન્દ્રિયોનો વિષય-કષાયના કચરાને મનમાં ભરવા માટે હરગીજ ઉપયોગ ન થઈ શકે.

વેદનીય

દર્શનાવરણીય પછી વેદનીય કર્મ.

વેદનીયમાં અસાતા વેદનીય કર્મના ઉદય વડે રોગ આવે, દુખ આવે; સાતા વેદનીય એનાથી બિલકુલ ઉલટું છે. ગરમાગરમ શીરા-પુરી મજેથી ખાવાની અને પછી સુન્દર પલંગ પર આળોટવાની ને બીજીય જાતની સુવિધા મળે આ વેદનીય કર્મ વડે. બોલો, સાતા વેદનીય કેવું લાગે ?

સભાઃ સાહેબ, સારું લાગે.

પરીક્ષામાં નાપાસ થઇ ગયા તમે! અહીં જ ખરી કસોટી છે. શત્રુના ઘરના પેંડોય દુન્યવી લોકો લે? કોઈને કોઇની જોડે અંટસ પડી ગઈ. પછી એ માણસના ત્યાં કોઇ શુભ પ્રસંગ હોય, ને એ મિઠાઇ મોકલાવે તો સામો માણુસ લે? અરે એ તો કહી દેઃ હું એના ઘરનું કશું જ ન લઉં. ભલે ને પછી 'અમરત' ન હોય! આવો રોષ તો તમનેય કદાચ આવડતો હશે; રોષનું સ્થાન જરા ફેરવી નાખોને! કર્મો સામે આવો દ્વેષ પ્રગટી જાય તો, સાતા વેદનીય કર્મ ગમે? તમે કહી દો: ન જોઇએ આ સુખ મારે. કારણ કે એ દુશ્મનના ઘરની ભેટ છે! આવો જુસ્સો જરા લાવતા શીખો ને! સાતા વેદનીય એટલે કર્મરાજાએ તમારી તરફ ધરેલો પેંડો, એમાં તમે લોભાઈ જાવ એવું હવે તો નહિ બને ને?

ઘણીવાર સાંભળ્યું છે તમે: સુખના રાગ પણ ખરાબ, ને દુખનો દ્વેષ પણ ખરાબ; પરંતુ એ સાંભળેલા પર મનન થયું છે? ભૌતિક સુખ આવે ત્યારે હરખાઈ જવું, નાચી-કૂદી ઊઠવું, ને દુખ આવે ત્યારે રોવા બેસવું; એ ભગવાનના ઉપાસકને શોભે? ભગવાનનો ભક્ત કદી દુખથી ગભરાય નહિ. એ પાપથી ગભરાય. પાપભીરુ એ હોય. કારણ કે દુખને ઉત્પન્ન કરનાર પોતાનું જ પાપ છે એવું તે સમજે છે.

**તાવને કપડામાં મૂકનારા !**

આપણા મહાપુરુષો દુખોને સામેથી આમંત્રતા, શા માટે ? દુખો આવે નહિ, રોગો આવે નહિ, તો કર્મ જાય ક્યાંથી ? અને કર્મોને કાઢવા એ તો એમનું મુખ્ય લક્ષ્ય હતું.

'સંતિકર''ના રચયિતા માનદેવ સૂરિ મહારાજાને તાવ આવેલો. ખૂબ તાવ. ટાઢથી શરીર થરથર ધ્રુજે. પણ શક્તિ–લબ્ધિ ઘણી. આવશ્યક ક્રિયા કરતી વખતે કપડામાં તાવને મૂકી કપડાને શરીરથી અળગું કરી, ક્રિયા કરે. બિલકુલ સ્વસ્થ થઈ જાય તે વખતે તેઓ. તાવ બધો કપડામાં ! એ વસ્ત્ર થરથર ધ્રૂજે. ઊંચુ–નીચું થતું દેખાય !

પણ ક્રિયા પૂરી થઈ જાય એટલે પાછો કપડો ઓઢી લે. અને લો, તાવ હાજર ! રોગથી ગભરાય શેના આ મહાપુરુષ ? કર્મો ખપાવવા છે ને ? કર્મ સામે મોરચો માંડનારા આ તો વીર પુરુષો.

તમે દુખથી ગભરાવ હવે ? ઉલટું કહી દો કે, અહીં જ્ઞાનદશામાં એ ભોગવાઈ જાય તો વધું સારું, કારણ કે તિર્યંચાદિના ભવમાં અજ્ઞાન દશામાં ભોગવવું પડશે ત્યારે એ ભોગવતી વખતે દુર્ધ્યાન ધરીને બીજું પાપ ફરી બંધાશે !

**મોહનીય કર્મ**

મોહનીય કર્મમાં, દર્શન મોહનીય કર્મ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં અંતરાય રૂપ થાય. ચારિત્ર મોહનીય કર્મ

સંયમની પ્રાપ્તિ ન થવા દે. આ કર્મ તમને ખટકે ને? કારણ કે, તમને ચારિત્ર બહુ ગમે છે, ને એને સ્વીકારવા માટે તમે આતુર થયા છો. તમારા વતી આ બધું હું કહી રહ્યો છું. મારી વાતમાં સહમત છોને તમે બધા? હું એમ કહેવા માગું છું કે, પરિસ્થિતિને વશ કે નિર્બળતાને વશ જ તમે સંસારમાં રહી ગયા છો; તમારી નિર્બળતાને ખંખેરી નાખનારા સદ્‌ગુરુ મળી જાય અને તમારી પરિસ્થિતિ અનુકૂળ થઈ જાય તો તો તમે મુનિવર બની જ જાવ ને?

સભાઃ સાહેબ, હા પાડવામાં તો વાંધો નથી, પણ પછી આપ સીધું આમંત્રણ પાઠવી દો ને!

એ આમંત્રણ હમણાં સ્વીકારાય એવું નથી? કોણ આડખેલી નાખે છે? ચારિત્ર મોહનીય ને? ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવામાં અડચણ રૂપ બનનાર એ કર્મ તરફ અણગમો પેદા થયો છે?

તો અમારે એવા શ્રાવકો જોઈએ, જેમને સંસારમાં રહેવું પડે, પણ એમની મીટ સાધુપણા ભણી જ હોય.

## સૂર રાજા જેવા બનો!

બે ભાઈ. મોટાનું નામ સૂરસેન, નાનાનું સોમસેન. મોટો રાજા બન્યો. સદ્‌ગુરુના સમાગમથી બન્ને ભાઈ વિરાગી બન્યા. પણ દીક્ષા તો સોમસેને જ લીધી. સૂરસેન માથે રાજની જવાબદારી હતી ને!

વર્ષો પછી, એકવાર સોમ મુનિ રાજધાની બાજુ પધાર્યા. નગરથી થોડે દૂર, નદીને પેલે પાર આવેલા એક ઉદ્યાનમાં સોમ મુનિરાજ આવ્યા છે એ ખબર મળતાં જ સૂરરાજા વન્દન કરવા જવા માટે થનગની ઉઠયો, પરિવાર સહિત મુનિના વન્દન તેણે કર્યા. રાણીએ તે વખતે મુનિવર અહીં રહે ત્યાં સુધી રોજ વન્દન કરવા આવવાનો નિયમ લીધો. પણ એક દિવસ નદીમાં પૂર આવ્યું છે.

રાણી કહે: નાથ! હમણાંના સમાચાર મુજબ, નદીમાં પાણી ખૂબ છે. બે કાંઠે વહી રહી છે નદી. શી રીતે જવાશે? રાજા કહે: તમે નદીના કાંઠે જઈને કહેજો કે, હે નદી દેવી! જો મારા પતિ સંપૂર્ણ બ્રહ્મચારી હોય તો મને માર્ગ મળજો. તમને માર્ગ મળી જશે.

રાણીને નવાઈ ઉપજી. પોતાની સાથે જ સંસારસુખ ભોગવનાર પતિ બ્રહ્મચારી શી રીતે? પણ એ આર્યનારી હતી. પતિ પર પૂર્ણ આસ્થાવાળી. સામા સવાલ વગર તેણીએ એ વાત સ્વીકારી લીધી.

એ પ્રમાણે માર્ગ મળી ગયો. મુનિવરને વાંદ્યા. હવે વળતાં શી રીતે જવું? મુનિરાજ બોલ્યા: તમે નદીના કાંઠે જઈને બોલજો કે, હે નદીની અધિષ્ઠાત્રી દેવી! જો આ સોમમુનિ હંમેશના ઉપવાસી હોય તો મને માર્ગ મળજો. તમને માર્ગ મળી જશે.

રાજાએ પોતાના બ્રહ્મચારીપણાની વાત કરી હતી

ત્યારે થયેલું આશ્ચર્ય મુનિરાજની ઉપવાસીપણાની વાતથી બેવડાયું. નમ્રતાથી એણીએ તે વિષે પૂછતાં મુનિવર બોલ્યા: સૂરરાજા સંસારમાં રહ્યા છે, પણ એમની ઇચ્છાથી નથી રહ્યા. ફરજ હતી માટે રહ્યા છે. સંસાર-સુખ ભોગવ્યું છે તે પણ આસક્તિથી નથી ભોગવ્યું. અને એથી તેઓ બ્રહ્મચારી છે આ વાતને નદીની અધિષ્ઠાત્રી દેવીએ સ્વીકારી લીધી.

મુનિરાજના ઉપવાસીપણાનું રહસ્ય પણ એ જ હતું. ખાવાની આસક્તિથી પર રહીને, ધર્મકાર્યમાં સહાય આપનાર દેહને, શેઠ નોકરને પગાર આપે તે રીતે, તેઓ ગોચરી આપતા હતા.

આ સૂરરાજાની વાત એટલા માટે માંડી કે, તમને પણ આવા નિરાસક્ત બનાવવા છે. જેઓ સંસારમાં રહે પણ ફરજ પડી છે માટે, એમની અંતરની ઇચ્છા તો નિશદિન મુનિ બનવાની જ હોય. 'સંયમ કબ હું મિલે સસનેહી'....નો જાપ જેમનું હૈયું હંમેશાં જપી રહ્યું હોય!

**આયુષ્ય કર્મ**

આયુષ્ય કર્મમાં, નરક ગતિમાં કે તિર્યંચગતિમાં લઈ જનાર આયુષ્ય કર્મ તમને ન ગમે. પણ મનુષ્ય-ગતિમાં કે દેવગતિમાં લઈ જનાર આયુષ્ય કર્મ કેવું લાગે?

મનુષ્ય ગતિમાં લઈ જનારું કર્મ ગમે તો શા કારણે? આ જન્મમાં દીક્ષાની ભાવના પૂરી નથી થઈ એટલે આવતા ભવમાં અથવા તો, વચ્ચે દેવનો ભવ આવી

જાય તો એના પછીના માનવના ભવમાં, એ ભાવના પૂરી થાય એ માટે માનવનો જન્મ ગમે છે કે બીજા કોઈ કારણે? દીક્ષા માટે માનવનો ભવ ગમતો હોય તો, આવતા ભવમાં નાનપણથી જ દીક્ષા ગમવા માંડે એવા સંસ્કારોનું રોપણ આ ભવમાં કર્યું છે?

**વજ્રસ્વામી : ઘોડિયામાં દીક્ષા સાંભરે છે!**

વજ્રસ્વામીને નાનપણમાં ઘોડિયામાં દીક્ષા સાંભરી હતી, તેમાં પૂર્વજન્મનો અભ્યાસ કારણ રૂપ હતો. પૂર્વ જન્મમાં તેઓ દેવ હતા. અષ્ટાપદ પર્વત પર યાત્રા માટે ગયેલા તેઓ. ત્યાં ગૌતમ સ્વામી ભગવાન યાત્રા કરવા આવેલા તે વખતે તેમના મુખેથી ઉપદેશ સાંભળ્યો. વૈરાગ્યની દૃઢતર છાપ પડી હૈયામાં. 'ક્યારે મનુષ્ય ભવ મળે અને ક્યારે હું દીક્ષા સ્વીકારું ?' આ ભાવના પ્રબળ બની. બીજ રોપાણા ત્યાં દેવના ભવમાં, અને અંકુરિત થઈને ફલિત થયા આ મનુષ્યના ભવમાં.

નાનકડો બાળ. ઘોડિયામાં રમતો. એના હૈયામાં દીક્ષાની પ્રબળ ભાવના! ઇર્ષા જાગે છે એના આ સૌભાગ્યની? કોઈ નાના બાળકના દીક્ષાના વરઘોડામાં જાવ તો આંસૂ આવી જાય ને આંખમાંથી; કે મારો આવો વરઘોડો ક્યારે નીકળશે ?

આપણે આયુષ્ય કર્મની વાત કરી રહ્યા છીએ. મનુષ્ય ગતિમાં લઈ જાય તેવા આયુષ્યની વાત કરી. હવે દેવ ગતિમાં લઈ જાય તેવા આયુષ્યની વાત કરીએ. તમને

દેવનો આવતાર કેવો લાગે ? જેને મોક્ષના સુખની લગની લાગી હોય તેને સ્વર્ગનાં સુખો તુચ્છ, અસાર, નકામાં લાગે. તમને મોક્ષ ગમે છે કે સ્વર્ગ ?

**અવંતી સુકુમાલની વાત**

અવંતી સુકુમાલના ઘરે મહાગિરિ સૂરિ મહારાજા પોતાના મુનિમંડળ સાથે ઉતર્યા. રાત્રે મુનિઓ સ્વાધ્યાય કરે છે. તેમાં પાંચમા દેવલોકમાં આવેલ નલિની ગુલ્મ નામના વિમાનનું જ્યારે વર્ણન ચાલતું હતું, ત્યારે ઉપર શય્યામાં પડેલા અવંતીસુકુમાલના કાન પર સ્વાધ્યાયના આ શબ્દો પડ્યા. સાંભળતાં જ તેને લાગ્યું કે, કોઈ પરિચિત જગ્યાનું આ વર્ણન છે. ઉહાપોહ–વિચાર કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતે તે વિમાનમાંથી જ અહીં આવેલો.

ને એ વિમાનનાં સુખો યાદ આવતાં જ અહીંનાં સુખો ફિક્કાં-ફસ લાગે છે તેને. રૂપ રૂપના અંબાર જેવી રમણીઓ રૂપવિહોણી લાગે; આભ ઉંચેરી હવેલી ને બત્રીશા ભોજન ને તેત્રીશા શાકના ઠાઠમાઠવાળો સંસાર અસાર લાગે; કોનો આ ચમત્કાર ? સ્વર્ગના સુખની યાદે આ માનવીય સુખોને ભૂલાવી દીધાં.

અહીં આપણે જે વિચારવું છે, તે આ છે : જે સૂત્ર એક વાર સાંભળતાં અવંતીસુકુમાલને સ્વર્ગ માટે પ્રબળ ઝંખના થઈ ઊઠી; એ જ સૂત્રનો મુનિઓ વારંવાર સ્વાધ્યાય કરતા, છતાં મુનિઓને એ સ્વર્ગ માટે કેમ

ઝંખના નહોતી થતી ? આપણે પહેલાં જ એ જોઈ ગયા કે, મોક્ષના સુખની આછેરી ઝાંખી પણ જેને થઈ ગઈ હોય, એને સ્વર્ગનાં સુખો બિલકુલ નિસ્સાર લાગે. મોક્ષ–સુખ માટે જ યતતા મુનિઓને સ્વર્ગનાં સુખ શી રીતે આકર્ષી શકે ?

## લવસત્તમિયા સુરની વાત

સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેલા એકાવતારી દેવોને એ સ્વર્ગીય સુખો કેવાં લાગે છે એ ખબર છે ? તમારી પાસે એનું વર્ણન કરું તો કદાચ તમને એ ગમી જાય. વીર વિજય મહારાજ કહે છે : રાગ-રાગિણી નાટક પ્રગટે, લવ-સત્તમ સુર ભોગે રે! તેત્રીસ સાગરોપમ સુધી સ્વર્ગીય સુખ ભોગવવાનું. પણ એ દેવોને એ સ્વર્ગીય સુખ અકારું લાગે છે. દેવશય્યા એમને કાંટાળી હોય તેવી લાગે છે.

શું કારણ આનું ? એ દેવો પૂર્વભવમાં મુનિ હતા. તેમનું આયુષ્ય જો સાત લવ જેટલું (ઓગણપચાસ શ્વાસોચ્છવાસ જેટલો કાળ તે એક લવ) વધારે હોત તો તેઓ જરૂર મોક્ષમાં જાત. છઠ્ઠનો તપ અને સાત લવનું આયુષ્ય ખૂટયું, ને તેમને મોક્ષને બદલે અહીં સ્વર્ગમાં આવવું પડયું !

પૂ. વીર વિજય મહારાજ વેદનીય કર્મની પૂજામાં આ જ વાત કરે છે : ભાખે ભગવઈ છઠ્ઠ તપ બાકી, સાત

લવાયુ ઓછે રે; સર્વારથ સિદ્ધે મુનિ પહોતા, પૂર્ણાયુ નવિ છોછે રે...."

અલબત, તેઓ એકાવતારી હોય છે. આ ભવ પછીના મનુષ્ય ભવમાં દીક્ષા લઈ તેઓ જરૂર મોક્ષે જવાના.

અનુત્તરના આ દેવોની જે પરિસ્થિતિ છે, તેને સમજવા એક દૃષ્ટાન્ત જોઈએ. તમારું જ દૃષ્ટાન્ત લઈએ, જેથી વાત તરત સમજાઈ જાય. બસ-સ્ટેન્ડ પર તમે ગયા. તમારે એક બસ પકડવાની છે. અત્યંત જરૂરી કામ છે. પણ બે મિનિટ માટે એ બસ તમે ચૂકી જાવ તો ? સુન્દર મઝાના બસ-સ્ટેન્ડમાં, તે પછી, બીજી બસની રાહ જોવા માટે બે કલાક ગાળવા પડે ત્યારે એ ગાળો તમને કેવો લાગે ? સર્વાર્થ સિદ્ધના દેવો માટેય તેત્રીશ સાગરોપમનો કાળ એ મોક્ષની પ્રતીક્ષાનો કાળ છે. અને તેથી એ સમય એમને અકારો લાગે છે.

એમને તો દેવનો ભવ અકારો લાગે છે. તમને કેવો લાગે છે ?

[૩]

# ક્યાં કર્મ ખટકે છે?

ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
संच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥

સચ્ચિદાનન્દપૂર્ણ છે સિદ્ધ ભગવંતો. એ સિદ્ધ ભગવંતોને રોજ નમનારાના હૈયામાં, આઠ કર્મોનો નાશ કરનારા એ મહાત્માઓ તરફ તીવ્ર ભક્તિ હોય છે. એ ભક્તિ દેખીતી રીતે જ આઠ કર્મોના અણગમા જોડે સંબંધવાળી હોય છે.

એક સામાન્ય માણસને એક મોટા શ્રીમંત પર દ્વેષ જન્મ્યો. હવે પેલો માણસ રોજ વિચારે છે કે, પેલા શ્રીમંત ને કઈ રીતે હેરાન કરું? પણ કોઈ રસ્તો એને જડતો નથી. એક તો શત્રુ જોરદાર, અને વધુમાં પોતે નિર્બળ! પણ એક દિવસ એવું બન્યું કે, એક બહાદૂર માણસને પણ પેલા શ્રીમંત જોડે વેરાણું થયું. અને

પછી તો એક દિવસ પેલા બહાદૂર માણસે જાહેરમાં પેલા શ્રીમંતની ખબર લઈ લીધી! પેલા માણસને જ્યારે ખબર પડી કે, એના દુશ્મનની તો કોઈકે બરોબર પટ્ટી પાડી દીધી છે, ત્યારે એ ખુશખુશાલ થઈ નાચવા લાગ્યો. એને પેલા બહાદૂર નર જોડે કોઈ ઓળખાણ–પીછાણ નહોતી, પણ 'શત્રુનો શત્રુ મિત્ર' એ કહેવત પ્રમાણે પેલાને આ મિત્ર માનવા લાગ્યો.

સિદ્ધ ભગવંતોએ, આપણે જે કર્મોને હજુ સુધી મહાત નથી કરી શક્યા, એમને મહાત કર્યાં છે અને તેથી આપણે એમના એ પરાક્રમને અહોભાવપૂર્વક બિરદાવીએ છીએ. એટલે સિદ્ધ પરમાત્મા તરફની ભક્તિ, કર્મો પ્રત્યેના અણગમા જોડે સંબંધવાળી છે. તેથી હું તમને પૂછવા માગું છું કે, તમને ક્યાં ક્યાં કર્મ ખટકે છે? ચારે ઘાતી કર્મ ખટક્યા છે?

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય અને આયુષ્ય કર્મની થોડી વાતો કરી. હવે નામ કર્મને જોઈએ.

### નામ કર્મ

નામ કર્મમાં નિર્માણ નામ કર્મ એવું છે કે જે, અંગો અને ઉપાંગોને – શરીરના તમામ અવયવોને જ્યાં જે જોઈએ તે પ્રમાણે, યોગ્ય રીતે ગોઠવે છે. આ કર્મનો ઉદય કેવો લાગે?

સૌભાગ્ય નામ કર્મનો ઉદય હોય તો એવી વ્યક્તિ

બધાને વહાલી લાગે. યશ નામ કર્મનો ઉદય હોય તો એનો યશ ચોમેર ફેલાય.

આથી વિરુદ્ધ, એક અયશ નામકર્મ છે; જે અપયશ ફેલાવે. દૌભાગ્ય નામ કર્મનો ઉદય હોય તો બધાને તે વ્યક્તિ અપ્રિય લાગે.

કર્મનું થોડું ઘણું પણ જે રહસ્ય સમજેલો હોય તે સુખના સમયે છકી ન જાય; દુખના વખતે એ નિરાશ ન બની જાય. સુખના સમયે એ વિચારે : પૂર્વભવમાં કોઈ કોઈ સત્કાર્ય કરેલ એના પ્રભાવે આ મળ્યું છે; એ સત્કાર્યોને જગતમાં દર્શાવનાર કોણ? તીર્થંકર ભગવંતો. આમ એ ભગવંતોની કૃપાએ હું સુખી બન્યો છું; યશ નામ કર્મના ઉદયવાળો થયો છું; સૌભાગ્ય નામ કર્મના ઉદયવાળો થયો છું.

દુખના વખતે વિચારે: મારા જ કોઇ દુષ્કર્મના લીધે આ અવસ્થાને હું પામ્યો છું. ભગવન્તોની આજ્ઞા પ્રમાણે પૂર્વ જન્મમાં જીવન ન વીતાવ્યું માટે આ પરિસ્થિતિ ઉપજી છે. કર્મનું ચિન્તન, દુખમય પંથ કાપવા માટે કેવું મઝાનું ભાતું પૂરું પાડે છે!

## અંજના સતીની વાત

અંજના સતી પતિગૃહે આવ્યાં ત્યાર પછી બાવીસ વર્ષ સુધી એમના પતિ પવનંજય એમને મળવા આવ્યા નથી; અરે, પવનંજય જ્યારે યુદ્ધમાં જઈ રહ્યો છે ત્યારે સ્વામીને વધાવવા આવેલ એ સતી પતિના હાથે

અપમાનિત થાય છે; છતાં અંજનાના હૈયામાં સ્વામી પ્રત્યે નથી ધિક્કારની લાગણી, નથી રોષની લાગણી. એની સખીઓ કહે છે; "આવો પથ્થરદિલ જેવો માનવ અમે બીજો નથી જોયો, જે આ રીતે ...." અધવચ્ચે જ અંજના કહે છે : ના, એમ ન બોલો. એમનો કોઈ વાંક નથી. જો તેમનો સ્વભાવ જ ખરાબ હોત તો એ બધા જોડે તોછડું વર્તન કરત. યુદ્ધના પ્રયાણની એ વીરયાત્રાના વખતે તેઓ બધાનું સ્વાગત હસીને સ્વીકારતા હતા, એક મને જોતાં જ એમના મુખ પરનું સ્મિત વીલાઈ ગયું હતું. એટલે વાંક મારો છે. વાંક મારા કર્મનો છે.

કેવી ઊંડી દૃષ્ટિ! અંજનાને કર્મના ચિન્તનનો સહકાર ન હોત તો શું થાત? એમનું દુખ કેટલું ભારે હતું? કર્મના ચિન્તન સિવાય બીજું કોઈ એ દુખને હળવું ન કરી શકત.

એક સુભાષિતમાં કહેવામાં આવ્યું છે કે, કૂતરો ઢેખાળા ફેંકનારને નહિ પણ ઢેખાળાંને બચકાં ભરે છે; જ્યારે સિંહ તીરને નહિ પણ તીર મારનારને ઝડપે છે! કર્મના ચિન્તનવાળો બીજું કાંઈ નથી કરતો. આ સિંહની જેમ મૂળ કારણને શોધવા મથે છે.

કો'કે તમને હેરાન કર્યાં. તમે એ વખતે આ પ્રમાણે વિચારો : આ માણસ શું બધાને હેરાન કરવાના જ સ્વભાવ વાળો છે? ના, એ બધાને નથી કરતો. મને

જ એણે હેરાન કર્યો. તો શું મારું કોઈ કર્મ આમાં નિમિત્તરૂપ નહિ હોય ?.... આ વિચારણા તમને પેલી વ્યક્તિ પ્રત્યેના ક્રોધમાંથી ઉગારી લે છે. હા, પોતાના કર્મે જ પોતાને હેરાન કર્યો છે. પોતે જ આમાં ગુન્હેગાર છે, પછી બીજા પર દોષનો ટોપલો ઓઢાડવાનું મન શે' થાય ?

નાના બાળકને કોઈ ટપલી મારે કો'કવાર તોય એ રડશેઃ મને પેલાએ માર્યો ! પણ એ જ બાળક રસ્તામાં દોડતાં ઠેસ વાગવાથી પડી જાય તો આજુબાજુ કોઈ જોતું તો નથી ને ! એમ જોઈને તરત ધૂળ ખંખેરી ચાલવા લાગશે. અત્યારે એ નહિ રડે. વડીલ પાસે ફરિયાદ નહિ કરે. ફરિયાદ કરે શી રીતે ? આરોપી જ પોતે છે ત્યાં !

એમ કર્મના ચિન્તન દ્વારા, આપણાં જ ભૂતકાળનાં અમુક કૃત્યોનું આ પરિણામ છે એમ લાગવાથી, રોષ નથી થતો. ટપાલી ટપાલ નાખી જાય તમારે ત્યાં. અને એ ટપાલમાં કોઈએ આઘાતજનક–દુખજનક વાતો લખેલી હોય તો તમે ટપાલીને હાંક મારીને પાછો બોલાવી ઠપકો આપવાનું વિચારશોય ખરા ? ના. તમે સમજો છો કે, ટપાલીએ તો ટપાલ આણવાનું કામ કર્યું છે. દુખજનક વાત તો પેલા પત્રલેખકે કરી છે. અહીં તમે તરત ભેદ પાડી શકો છો. આ જ ભેદ દૃષ્ટિને તમને દુખ સાંપડે ત્યાં લઈ જાવ તો ?

ટપાલીએ ટપાલ નાંખી એ વખતે તમે પારખી લીધું એવી જ સીધીસટ વાત અહીં છે. તમારું કો'ક

કર્મ હતું, એ કર્મે તમને હેરાન કરવામાં પેલા બિચારાને હાથો બનાવ્યો! મહાપુરુષો આ રીતે માનતા હતા, અને તેથી જ જીવતી ચામડી ઉતારવા આવનાર રાજસેવકને ખંધક મુનિ મિત્ર કહે છે.

મહાપુરુષોના જેવા ઉપસર્ગો આપણા પર સામાન્યતયા નથી આવતા; અને આવે તો એવા ટાણે વિચલિત ન થઈ જઈએ એવું ધૈર્ય પણ ક્યાં છે? હું તો એમ કહું છું કે કદાચ કોઈ બે-ચાર શબ્દો બોલી નાખે તો એને સહન કરતાંય નહિ શીખાય? ઘરે ઘરે જાદવાસ્થળી મચી રહેતી હોય છે એમાં શું કારણ હોય છે? નજીવા બે-ચાર શબ્દો સિવાય બીજું કાંઈ હોય છે?

જો કે, હું માનું છું કે તમારા પરિવારમાં તો આવા કલેશો હોય નહિ. પડોશીનેય કહેવું પડે કે, આ કુટુંબ એવું ધર્મનિષ્ઠ છે કે, કદી સાસુ – વહુ ઉંચા સાદે બોલ્યા હોય એવું અહીં બન્યું નથી. ધર્મને આ રીતે, આચરણાની સુવાસ દ્વારા, બીજાઓ સુધી પહોંચાડો.

### ગોત્ર કર્મ

નામ કર્મ પછી ગોત્ર કર્મ.

ઉચ્ચ ગોત્ર કર્મના ઉદયથી ઉચ્ચ ગોત્રમાં અને નીચ ગોત્ર કર્મના ઉદયથી નીચ ગોત્રમાં જન્મ મળે.

સારા કુળમાં જન્મ મળવો એ, તે પ્રકારના પુણ્યના પ્રભાવ વગર બનતું નથી.

જૈન કુટુંમ્બમાં અવતરવાનું તો મહાન પુણ્યના

પ્રભાવથી સાંપડે. બાળક જ્યારે બિલકુલ અણસમજુ હોય ત્યારે પણ જો એ ધર્મી માતા ને ધર્મી પિતાને ત્યાં અવતરેલ હોય તો એ અવસ્થામાંય એ ધર્મી માત – પિતા એનામાં સારા સંસ્કારો રેડે: આ આપણાથી ખવાય, આ આપણાથી ન ખવાય, કોઈ જીવને આપણાથી મરાય નહિ; વગેરે વગેરે.'

આજે તમે તમારા બાળકોની આવી ખબર રાખો છો ને? કે માત્ર 'કૉન્વેન્ટ'નું શિક્ષણ આપવાનો જ ઇરાદો રાખ્યો છે?

એક ભાઈ એક જગ્યાએ મહેમાન થયા. ઘોડા પર સવાર થઈને ગયેલા તેઓ. જજમાને ઘોડા માટે તો સરસ મઝાની ચંદી નીરી; પણ પેલા ભાઈને ચા–પાણીનું કે જમવાનું પૂછ્યું જ નહિ. પેલો ભાઈ ખુશ થાય કે નાખુશ?

તમેય તમારે ત્યાં આવેલ બાળકના શરીરની પૂરતી ચિન્તા કરો. દૂધમાં ઑર્નવિટા ખવડાવો. જાત જાતનાં વસ્ત્રો આપો. પણ એના આત્મા માટે ચિન્તા ન કરો તો? પેલા જજમાને કર્યું હતું એ બનાવની પુનરાવૃત્તિ થઈ એમ સમજાયું? હકીકતમાં, કોઈ જજમાન, બનતાં સુધી તો, ઉપર વર્ણવ્યો તેવો ન જ હોય. પણ ચાલુ વાતને સ્પષ્ટ કરવા માટે રૂપક તરીકે એ આપ્યું છે,

પેલા જજમાને શું કર્યું? ઘોડાની તો બરોબર ચિન્તા કરી. ઘોડા પર બેસીને આવેલ મહેમાનને જ એ ભૂલી ગયો! તમેય બાળકના દેહની ચિન્તા કરો; એ દેહમાં

રહેલા ચૈતન્યની – આત્માની ચિન્તા ન કરો તો પેલી વાતનું પુનરાવર્તન થયું ને?

તો તમારે ત્યાં જે બાળક આવે છે, તે કોઈ પુણ્યના પ્રભાવે આવે છે; એના એ પુણ્યને તમારે સાર્થક કરવું જોઈએ. તમે એને શાસન નાનપણથી જ સ્પર્શાવી દો, ધર્મની સમજૂતી બાળપણથી આપો તો જ તમે એ સાર્થકતા નિભાવી કહેવાય.

### અન્તરાય કર્મ

આઠ કર્મમાં છેલ્લું છે અન્તરાય કર્મ. અન્તરાયમાં દાનાન્તરાય કર્મનો ઉદય હોય તો દાન દેવાની શક્તિ હોય, દાન જેમાં સફળ થાય એવું સત્કાર્ય સામે તૈયાર હોય, છતાં આપવાની રુચિ ન થાય. ટીપવાળાને જોતાં ઘણાને ટાઢ વાતી હોય છે. આગેવાન ગણાતા સદ્‌ગૃહસ્થો સત્કાર્ય માટે દાન લેવા આંગણે આવે ત્યારે હર્ષ થવો જોઈએ. કહેવું જોઈએ : સારું થયું કે, તમે આ સત્કાર્ય માટે પ્રેરણા આપવા આવ્યા. નહિતર પરિવાર તો બેઠો જ છે કે જે પાપ માર્ગે મળેલ લક્ષ્મીને વધુ પાપમાં ખર્ચાવે!

અરે, શાસનનાં કાર્યો માટે સામેથી પૂછવા જવું જોઇએ. સંઘના અગ્રણીઓને કહેવું જોઇએ કે, કોઈ પણ સારો લાભ મળે તેમ હોય તો મને જરૂર સૂચવજો.

ઘણા છ'રી પાળતા સંઘો દ્વારા આ પરંપરા હજુ જીવંત રહી છે. જે ગામમાં સંઘ જાય ત્યાંની બધી પરિ-

સ્થિતિ નીહાળે. નાનું ગામ હોય અને ખર્ચ વધુ હોય તો વિનંતી પૂર્વક કહે : આપ બહુ સરસ રીતે ભક્તિ કરી રહ્યા છો. આપના એ ભક્તિ કાર્યમાં અમને સહકારી બનાવો. અને પછી યોગ્ય પ્રમાણમાં સંઘપતિ અને યાત્રિકો સાધારણ વગેરે ખાતામાં લખાવે.

દાનનો પ્રવાહ આપણે ત્યાં આ સમયમાં પણ સારી રીતે વહી રહ્યો છે. ભગવાનના શાસનનો મહિમા છે આ બધો ! દાન આપવામાં ક્યાંક ક્યાંક ત્રુટિઓ છે; પણ એ યત્નથી દૂર કરાવી જોઇએ. એક ત્રુટિ આ દેખાય છે : ટીપ (સાધારણ વગેરેનો ખરડો) કરતી વખતે થતી ખેંચાખેંચી. 'ના, મારા આટલા બધા નહિ. મારું નામ આટલે આગળ ન આવે....' ચડાવો બોલતી વખતે જે પાંચ કે દશ હજાર રમતમાં બોલી દે, તે જ વ્યક્તિ ટીપમાં આમ આનાકાની કરી શકે એ વાત જ નવાઈ પમાડે તેવી નથી શું ?

હકીકતમાં, સાધારણમાં તોટો પડે જ છે કેમ ? વ્યવસ્થાપકો કહેશે : કેસર–સુખડ વગેરેના ભાવ વધી ગયા છે. સ્વદ્રવ્યથી પૂજા કરવાની વાત વિસરાઈ ગઈ એટલે આ ઉપાધિ આવી.

**મોંઘવારી ક્યાં નડે ? પૂજામાં !**

પૂજાની વાત નીકળી છે, તો થોડી એની વાત કહી દઉં. આજે લોકોને મોંઘવારી ક્યાં ક્યાં નડે છે ? પચાસ કે સો રૂપિયે મીટર વાળું કાપડ ખરીદો ને તમે ?

સભા : સાહેબ, એના વગર સમાજમાં સ્ટેટસ નથી જળવાતું !

બહારથી અત્તર કોને છાંટવું પડે ? કુદરતી ગુલાબના ફૂલને કે કાગળના ફૂલને ? કાગળના ફૂલને અત્તરના છંટકાવની જરૂર પડે છે, કારણ કે એની અંદર સુગંધ નથી. એમ તમારે બાહ્ય ઠઠારા દ્વારા સ્ટેટસ–મોભો સાચવવા જવું પડે છે, એ શું બતાવે છે ?

આપણી મૂળ વાત પર આવીએ. કપડામાં ક્યાંય મોંઘારત નથી નડતી. મોંઘવારી નડે છે ક્યાં ?

સભા : સાહેબ, પૂજામાં !

સમજી ગયા તમે મારું કહેવાનું, હો ! દહેરાસરમાં જ મોંઘવારી આવી ગઈ છે. કેસર મોંઘું થઈ ગયું છે, માટે એનો ઓછો વપરાશ થવા માંડ્યો. હવે તો સુખડનો ભાવે પરવડતો નથી. બીજું કોઈ સસ્તું, સુગંધી લાકડું હજુ નથી શોધ્યું એ નવાઈ છે !

સભા : સાહેબ, પાણી વધુ નાખીને સુખડમાંય કરકસર કરવા માંડ્યા છીએ !

આ બધું તમને શોભે ? ત્રણ લોકના નાથની પૂજામાં ઊંચામાં ઉંચી જાતનાં દ્રવ્યો વાપરો ! મહાપુણ્યે આ ભક્તિ સાંપડે છે.

**દાનાન્તરાય ખટકે કે લાભાન્તરાય ?**

આપણે અન્તરાય કર્મની વાત કરી રહ્યા છીએ.

દાનાન્તરાય વિષે થોડું વિચાર્યું. હવે લાભાન્તરાય વિષે થોડીક વાત. શક્તિ હોય, બુદ્ધિ હોય, બીજાઓને લાભ મળે એવો ધંધો હોય છતાં લાભાન્તરાય કર્મ બેઠું હોય તો ધન વગેરેનો લાભ ન થવા દે.

આ કર્મ કેવું લાગે? ખાસ તો હું એ પૂછવા માગું છું કે, દાનાન્તરાય અને લાભાન્તરાય એ બેમાંથી કયું વધુ ખટકે? પૈસા ઘરમાં હોય, સત્કાર્યનો યોગ હોય, છતાં દાન દેવાનું મન ન થતું હોય તો એ વાત ખટકે, કે વેપારમાં બરોબર લાભ ન થતો હોય તો તે ખૂંચે?

**કર્મ ખૂંચવા જોઇએ.**

મૂળ વાત એ છે કે, કર્મો – આઠે આઠ કર્મો ખટકવા જોઇએ. જેને કર્મો ખટકતા ન હોય એ મોક્ષની વાતો શી રીતે કરી શકે? કર્મો ખટકે ક્યારે? જ્યારે એ કર્મો આપણી સ્વતંત્રતાને ખૂંચવી રહ્યા છે આ ભાન તીવ્ર બને ત્યારે. આઠ કર્મમાંથી ચાર ઘાતી છે: જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય. ક્રમશ: તેઓ આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર અને દાનાદિ શક્તિઓને આવરે છે. બીજા ચાર અઘાતી છે. જે મુખ્યતયા દેહાદિને અસર કરે છે.

કર્મગ્રન્થ ભણવા કદાચ અઘરા લાગતા હોય તમને, તોય મહાપુરુષોએ કેવી સરસ સગવડ કરી આપી છે? પૂ. વીર વિજય મહારાજે ચોસઠ પ્રકારી પૂજાની ઢાળોમાં બધા કર્મગ્રન્થ રજૂ કરી દીધા છે! ગુજરાતી ભાષામાં, ગાતાં

ગાતાં, ભગવાનની ભક્તિ કરતાં કરતાં કર્મગ્રન્થો ભણી શકાય. કેવી મઝાની વાત ! ચોસઠ પ્રકારી પૂજાના અર્થની ચોપડીઓય મળે છે. બીજાં પણ સારા સારા, વિદ્વાન મુનિવરો અને લેખકોએ લખેલા પુસ્તકો મળે છે.

થોડોક સમય લઇ તત્ત્વજ્ઞાન મેળવો, ને આત્માના અખૂટ ખજાનાને હસ્તગત કરવા આગળ વધો !

[૪]

# વિરોધાભાસ જગવો !

ऐन्द्रश्रीसुखमग्नेन, लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानन्दपूर्णेन, पूर्णं जगदवेक्ष्यते ॥

'જ્ઞાનસાર'ના પ્રારંભમાં ગ્રન્થકાર મહાપુરુષે સ્પષ્ટ કહી દીધું કે, સત્, ચિત્, આનંદ વડે જ પૂર્ણ બની શકાય. ન ધન વડે સાચી પૂર્ણતા પ્રાપ્ત થાય, ન સત્તા વડે એ સાંપડે, ન દુન્યવી કોઇ પદાર્થ વડે એ ખરીદી શકાય.

તમારેય પૂર્ણ તો બનવું છે ને? એ માટે ક્યાં સાધનો ભેગા કર્યાં છે તમે?

સભા : એ જ ગડમથલ છે, સાહેબ !

ગડમથલ શેની? ગડમથલ જાગી હોત તો તમે અમને પૂછવા આવત કે, "સાહેબ! શું કરવું? કંઇ સમજણ પડતી નથી. શાસ્ત્રકાર ભગવન્ત કહે છે કે, સત્ ચિત્, આનંદ વડે પૂર્ણ બનાય; જ્યારે અમે તો ધન, માલ,

મિલકત વડે પૂર્ણ બનવા નીકળ્યા છીએ. અમને કંઈ સૂઝતું નથી. માર્ગ બતાવો અમને.” પણ આવી મૂંઝવણ કદી પ્રગટી છે ?

**વિરોધાભાસ ઉત્પન્ન કરો !**

શાસ્ત્રના વચનથી વિરુદ્ધનું પોતાનું આચરણ દેખાય ત્યારે એ વિરોધાભાસને મીટાવવાની કોશીશ થવી જોઈએ. પણ અત્યારના તબક્કે હું જુદું જ કહેવા માગું છું. હું કહું છું કે, પહેલાં વિરોધાભાસ ઉત્પન્ન કરો. બરોબર સમજો. વિરોધાભાસ પેદા થાય ક્યારે ? શાસ્ત્રોની વાત બિલકુલ સાચી છે; છતાં મને એની ગેડ કેમ નથી બેસતી આ ભૂમિકા પર તમે હો તો જ વિરોધાભાસ જાગે. શાસ્ત્રો માત્ર સાંભળવા માટે રાખ્યા હોય, એના પર કોઈ જાતનું ચિન્તન કરવા માટે નહિ; તો શાસ્ત્ર પણ સંભળાયે જશે અને જીવનની એ ને એ ઘરેડ પણ ચાલુ રહેશે. વિરોધાભાસ નહિ જાગે.

તો વિરોધાભાસ ઉત્પન્ન કરવા માટે આ ભૂમિકા જોઈએ : શાસ્ત્રકાર મહાપુરુષોએ કહ્યું છે તે બિલકુલ સાચું છે; પણ મને કેમ એ સમજાતું નથી ?

**વીરા મોરા, ગજ થકી ઉતરો !**

બાહુબલિજી કાઉસ્સગ્ગ–ધ્યાનમાં હતા, ત્યારે ઋષભદેવ પ્રભુની આજ્ઞાથી બ્રાહ્મી અને સુન્દરી બેઉ સાધ્વીજીઓ ત્યાં આવે છે અને કહે છે : વીરા મોરા, ગજ થકી ઉતરો ! હે ભાઈ, હાથી પરથી હેઠા ઉતરો !

બાહુબલિજીના કાન પર એ શબ્દો અથડાયા. અથડાયા એટલું જ નહિ, આ બહેનીના શબ્દો છે એ રીતે એમણે એ શબ્દોને પિછાણ્યા પણ ખરા. તેઓ વિચારવા લાગ્યા : બહેનો સાધ્વી–અવસ્થામાં છે, તેથી તેઓ ખોટું બોલે એ પ્રશ્ન જ અસંભવિત છે; જ્યારે સામી બાજુ હું હાથી પર છું નહિ. ત્યારે બહેનનાં–સાધ્વીજીનાં વચનનું રહસ્ય શું ?

જો બાહુબલિજીએ માની લીધું હોત કે, પોતે હાથી પર છે જ નહિ; અને એથી બોલાયેલા વચનો પર એમણે ધ્યાન ન આપ્યું હોત તો આગળ જવાત કે ? પણ એમણે વિરોધાભાસ જગવ્યો : હું હાથી પર છું નહિ, એ અંકે સો ટકા સાચી વાત; ને સામી બાજુ બહેન ખોટું બોલે નહિ એ પણ એટલું જ સાચું; તો આ બેમાંથી અંતિમ–નિર્ણાયક સત્ય કયું ?

તમે પણ કમસે કમ, આ ભૂમિકા પર તો આવી જાવ ! આ ચોમાસામાં મારે આ જ કામ કરવું છે. તમારા મનમાં વિરોધાભાસ, વિમાસણ, મથામણ ઉભાં કરવા છે. પણ એ માટે, બાહુબલિજીની વાતમાં આપણે જોયું તેમ, એક બાજુ દૃઢ વિશ્વાસ ઉત્પન્ન કરવો જોઈશે.

શાસ્ત્રો પર તો વિશ્વાસ–શ્રદ્ધા છે ને ? તમારા વતી હું કહી દઉં કે, છે. શ્રદ્ધા ન હોત તો તમે પ્રવચન–ભગવાનની વાણીને સાંભળવા રોજ દોડી ન આવત !

તો એક બાજુના આ વિશ્વાસે તમને વિરોધાભાસ ભણી દોરી જ જવા જોઇએ. એમ કેમ નથી થતું એ માટે આપણે વિચારવું જોઇશે. પ્રવચન પર મનન-ચિન્તન કરો. જરૂર વિરોધાભાસ જાગશે.

અને વિરોધાભાસ જાગ્યા પછી એને મીટાવવો એ તમારા માટે બહુ મોટી વાત નહિ જ હોય. બાહુબલિજી આગળ વધ્યા : સાચું શું ? સાધ્વીજી કહે છે તે કે હું અનુભવું છું એ ? અને આગળ વધતાં જ સમાધાન મળી ગયું : 'હાં રે હું તો માન ગજે ચડ્યો, અવર નહિ ગજ ઈહાં કોય રે....!' બહેન કહે છે તે સાચું છે. હું અભિમાન રૂપી હાથી પર બેઠો છું. સંસાર છોડ્યો; રાજપાટ છોડ્યા; હવે અહંની આ ગાંઠ શા માટે ? અને અહંકાર જતાં જ કેવળજ્ઞાન આવી ગયું !

તો વિરોધાભાસની ઉપજ, પછી વિરોધાભાસનું શમન. ને એ શમન માટે તત્ત્વજ્ઞાનનું ચિન્તન.

**નિધાન ઘરમાં હોય પછી......**

જે સુખ માટે માણસો અહીંથી તહીં, ને તહીંથી અહીં દોડધામ મચાવે છે; તેને ક્યાંય આંટી દે તેવું સુખ અંદર જ પડ્યું છે, આવી જાણ થાય તો બહારની દોડ અટકી જાય કે નહિ ?

અંદરના એ વૈભવી ખજાનાની જાણકારી મળી છે ?

ગોવિન્દ નાની વયમાં જ માત-પિતા વગરનો બન્યો. સગા-વહાલા હતા; પણ એ બધા ગોવિન્દની લક્ષ્મીના સગા

હતા; ગોવિન્દના નહિ ! એટલે જેને જે હાથમાં આવ્યું, તે બધા ઘરભેગું કરવા માંડ્યા. થોડા સમયમાં બધું સફાચટ થઈ ગયું !

ગોવિન્દ પંદર-સોળ વર્ષનો થયો ત્યાં સુધી તો એણે વાસણ-કૂસણ વેચીને ગાડું રેડવ્યું; પણ પછી તો વાસણ-કૂસણે ગણ્યા-ગાંઠા રહ્યા. ગોવિન્દ બહુ ચાલાક છોકરો હતો. એણે પરિસ્થિતિનો તાગ કાઢ્યો. એને લાગ્યું કે, હવે એણે પરદેશ જવું જોઈએ. અને પોતાના ભાગ્યને વિકસાસવું જોઈએ. અહીં આ રીતે રહેવાનો કોઈ અર્થ નથી.

આ બાજુ, ગોવિન્દના પિતા બહુ સમજુ હતા, અને પહેલાં ચાલી આવતી પ્રણાલિકા મુજબ, પોતાના ધનનો એક ભાગ – જે કરોડો રૂપિયાનો થાય – નિધાન રૂપે પોતાના ઘરની પાછળના એક વંડામાં દાટી ગયા હતા અને જૂના ચોપડામાં એની નોંધ પણ કરી હતી.

વિદેશ જવા માટે તૈયાર થયેલા ગોવિન્દના હાથમાં, ભાગ્યયોગે આ ચોપડો આવી ગયો. નિધાનની વાત વાંચતાં જ એ તો ખૂબ આનંદિત થઈ ગયો. એણે તરત જ દટાયેલું નિધાન ખોદી કાઢ્યું અને પિતાની જેમ પૂર્વવત્ પેઢી જમાવી.

આ નાનકડી કથા આપણને શું કહી જાય છે? પોતાના ઘરને આંગણે જ ખજાનો દટાયેલો છે એ વાત વાંચતાં જ પેલા છોકરાને આનંદ આનંદ થઈ ગયો હતો, તેમ

દરેક વ્યક્તિ અનંત ગુણોની સમૃદ્ધિથી યુક્ત છે આવી શાસ્ત્રોની વાત સાંભળી તમને કઈ લાગણી જન્મે છે?

ગોવિન્દને ખબર પડી કે, ઘર આંગણે જ અનર્ગળ લક્ષ્મી પડી છે; ત્યારે બહાર જવાનો વિચાર તરત એણે પડતો મૂકી દીધો. તમારી વાતમાં આવું કાં ન થાય? અંદરના અનંત ગુણોના ખજાનાની વાત સાંભળવા છતાં બહારની દોટ કેમ બંધ નથી થતી? બહારના સુખને ક્યાંય પાછળ મૂકી દે એવો આનંદ અંદર છે આવું સાંભળવા છતાં અંદરના એ ખજાનાને શોધવાનો પ્રયત્ન કાં ન થાય?

બાહ્ય પદાર્થો – ધન, ઘર, પરિવાર આદિદ્વારા જ પૂર્ણતા મળી શકે આ વાત કદાચ એવી જડબેસલાક બેસી ગઈ છે કે, આધ્યાત્મિક પૂર્ણતાની વાત સાંભળવા છતાં એ બાજુ પ્રયત્ન નથી થતો. અને એથી શાસ્ત્રોએ વર્ણવેલ આધ્યાત્મિક પૂર્ણતાની વાતમાં 'હાજી – હાજી'ય કહેવાયે જાય છે અને એને સમાંતર જ ભૌતિક દુનિયા ભણીની દોડ પણ એમને એમ ચાલુ રહે છે.

એટલે મને લાગે છે કે, તમારી માનેલી પૂર્ણતા એ અપૂર્ણતાની ભૂમિ પર જ કેવી રીતે સ્થિર થયેલી છે એ મારે તમને બરોબર સમજાવવું પડશે. ને એ સમજૂતી બરોબર સ્થિર થયા પછી જ તમે 'સચ્ચિદાનન્દપૂર્ણેન'ની વાત તરફ મનને કેન્દ્રિત કરી શકશો.

તમારી માની લીધેલી પૂર્ણતા અપૂર્ણતાની ભૂમિ પર સ્થિર થયેલી છે એમ કહીને હું એ પ્રતિપાદિત કરવા

માગું છું કે, તમારી પૂર્ણતા ગમે ત્યારે અપૂર્ણતામાં ફેરવાઈ શકે છે. એક જૂની વાત દ્વારા આ બાબતને જરા જોઈએ.

## કૃષ્ણ વાસુદેવની વાત

સોળ હજાર રાણીઓના સ્વામી કૃષ્ણ વાસુદેવને નારદજીએ એક વાર એક સુન્દર યુવતી (રુક્મિણી)નું ચિત્ર બતાવ્યું, ત્યારે એ ચિત્ર જોતાં જ વાસુદેવ વિચલિત બની ગયા. વિહ્વળ થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા : આ ખરેખરી કોઈ યુવતીનું ચિત્ર હશે કે પછી કળાકારની પીંછીનો જ કોઈ ચમત્કાર હશે આ? વાસ્તવિક દુનિયામાં રહેલી કોઈ સ્ત્રીનું આ ચિત્ર હોય તો એ પરણેલી હશે કે કુંવારી? આ બધા પ્રશ્નોની સમાંતરે દોડતું એમનું મન બીજી બાજુ નક્કી કરી નાખે છે : આ યુવતી જો ન મળે તો તો બસ, આ જીવન અંધકારમય બની જાય. સૂનું સૂનું થઈ જાય. આના વગર તો ચાલે જ નહિ!

વાસુદેવ કેવી મઝાથી સિંહાસન પર બેઠા હતા! ત્રણ ખંડના એ અધિપતિનો પડતો બોલ ઉઠાવવા નોકરોની ફોજ ખડી હતી. હજારો રાણીઓ એના અંતઃ-પુરમાં હતી. અપરંપાર સેના, અમર્યાદ સત્તા, અપૂર્વ વૈભવ; તમારી દૃષ્ટિએ વાસુદેવ કેવા લાગે? પૂર્ણ લાગે ને? પણ એ પૂર્ણતા કેટલો સમયની? એક ચિત્ર જોયું, ને પેલી પૂર્ણતાનો પત્તાનો મહેલ પડું પડું થતોક ને પડી ગયો!

બોલો, તમારી પૂર્ણતા કેવી?

સભા : આપે કહી તેવી જ.

વાણિયા ભાઈ મગનું નામ પાડે નહિ તે આ! કહે છે: આપે કહી તેવી. પણ સીધી રીતે, અમારી પૂર્ણતા અપૂર્ણતાના ભારેલા અગ્નિ પર આસન જમાવીને બેઠી છે એમ બોલતા નથી! નીચે અગ્નિ છે જ. પણ રાખ આવી ગઈ છે તેથી ઉપર ઠંડક લાગે છે. પણ પવન વડે એ રાખ ઉડી જાય ત્યારે? પેલા અંગારા દેખા દેવાના જ!

જરા વિચારીએ: સૂતેલી અપૂર્ણતાને જગાડે છે કોણ? અપૂર્ણતાને જગાડનાર છે ઇચ્છા, આકાંક્ષા, રાગ.

### કર્ણદેવ અને મીનળદેવી

રાજા કર્ણ, રાણી મીનળ દેવીના પ્રેમમાં ગાઢ રીતે ડૂબેલો હતો. રાજાના આ પ્રેમથી રાણીને સ્વર્ગ હાથવેંતમાં લાગતું! દિવસો વીતવા લાગ્યા. પ્રેમ ચિરસ્થાયી જ હોય એવું બનતું નથી, થોડા દિવસો થયા ને રાજાને રાણી અણગમતી થઈ પડી. પહેલાં, જેના વગર રાજા થોડી પળો રહી ન શકતો, હવે એ એની હાજરીને થોડી પળો માટેય સહી શકતો નથી! પ્રેમનો હવાઈ મહેલ તૂટી પડયો! જેવા સંધ્યાનાં વાદળાના રંગ, એવું છે માનવીનું મન! ઘડી ઘડીમાં નવાં નવાં રૂપ ધારણ કરે.

રાણીનું સ્વર્ગ હવે છેટું જતું રહ્યું! રાણી દુખી દુખી થઈ ગઈ. કોણે દુખી કરી રાણીને?

સભા : રાજાએ. રાજાનો એણીના પ્રત્યેનો પ્રેમ દૂર થયો એટલે એ દુખી થઈ.

ના, તમે મૂળ કારણ સુધી પહોંચ્યા નહિ. રાજાનો પ્રેમ ન હોવાથી મીનળ દેવી દુખી થયાં, એ ધારણા ખોટી છે. રાજાનો પ્રેમ તો ઘણા પર નહોતો; શું એ બધા દુખી હતા ? તો રાજાનો પ્રેમ ઓછો થયો એ બાબતે નહિ, પણ રાણી પોતાનો પ્રેમ ઓછો ન કરી શકી, માટે દુખી થઈ છે.

આ વાતને બહુ લાંબા ફલક પર લેવી પડશે. પૈસા ઓછા છે, માટે હું દુખી છું એવું હવે કદી માનતા નહિ. પૈસા પર રાગ છે, માટે તમે દુખી છો. સાધુ મહારાજ પાસે કશું નથી છતાં તે દુખી છે ? અમારા મોઢા પર ગ્લાનિ દેખાણી કદી ?

સમજાણું હવે ? રાણી કેમ દુખી છે ? રાજાનો પ્રેમ ઓછો થયો માટે દુખી છે, એમ કહેવાની ભૂલ હવે નહિ કરો ને ? રાણી દુખી છે, કારણ કે એ રાજા પરનો પ્રેમ ઓછો કરી શકતી નથી !

અપૂર્ણતાનું પગેરું જડી ગયું ને ? રાગે મીનળ-દેવીને દુખી કર્યાં. પણ રાગને કંઈ ફક્ત મીનળદેવી જોડે શત્રુતા નથી; કે એ એમને જ હેરાન કરે. એ તમને પણ એટલા જ હેરાન કરી શકે છે.

### આ દુખમાંથી છૂટવાનો રસ્તો

અહીં જરા આપણે એ જોઈએ કે, રાગે ઉપજાવેલ આ દુખમાંથી શી રીતે છૂટકારો મેળવી શકાય. જેના અભાવમાં – વિરહમાં તમે દુખી હો, એ વસ્તુને કે એ વ્યક્તિને ભૂલવા માંડો તો તમે એ ચુંગાલમાંથી છૂટી શકો.

મીનળદેવી કર્ણરાજાને વિસરી જાય તો એનું એ દુખ જતું રહે. ધનના અભાવે દુખી માણસ ધનને ભૂલી જાય તો રાહત અનુભવે.

### વાત નંદીષેણ મુનિની

કુરૂપતા નંદીષેણને વરી હતી. ભાગ્ય પણ રૂઠયું હતું એના પર. નાનપણમાં જ માત-પિતા સ્વર્ગવાસી થતાં દૂરના મામાએ એને પોતાને ત્યાં રાખ્યો. યૌવન ધીરે ધીરે આવ્યું, પણ એ જુવાનીએ એની કુરૂપતા સહેજે ઓછી ન કરી.

લગ્ન માટેની એની ખૂબ ઈચ્છા. પણ કયો પિતા પોતાની પુત્રીને આની જોડે વરાવવા તૈયાર થાય ? છેવટે મામાને દયા આવી. એણે પોતાની પુત્રીઓને નંદીષેણ જોડે લગ્નગ્રંથિથી જોડાવા સમજાવી. પણ બધી પુત્રીઓએ સાફ સાફ કહી દીધું : કહો તો કૂવામાં પડવા તૈયાર થઈશું, કહો તો ઝેર ખાઈશું; પણ આની જોડે લગ્નની વાત તો કરશો જ નહિ.

ઉદાસ નંદીષેણ આ વાતથી વધુ ગમગીન બને છે. એક

દિવસ આત્મહત્યાના વિચારથી જંગલ ભણી જાય છે. ત્યાં એક મુનિવર મળે છે. પોતાના મનની બધી વાત મુનિને તે કહે છે. મુનિ તેના દુખનું મૂળ તેને બતાવે છે: તને લગ્ન માટે કન્યા નથી મળતી, આ તારા દુખનું મૂળ કારણ નથી. તારા દુખનું પગેરું શોધ. જ્યાં સુધી લગનના વિચારો તારા મનમાં નહોતા ઉઠચા ત્યાં સુધી આ ચિન્તાનો ઉદ્ભવ થયો હતો? તો લગ્ન માટેની તારી ઈચ્છાએ જ તને દુખી કર્યો છે. બીજા કોઈએ નહિ. તને દુખી બનાવનાર પણ તું જ છે. અને જો સુખી બનાવનાર કોઈ હોય તો તે પણ તું જ છે. પરણવાના વિચાર મનમાંથી કાઢી નાખ. તું દુખી છે જ નહિ!

તમને આગળ મેં સૂચવી, તે જ દવા મુનિ નંદીષેણને બતાવી રહ્યા છે: જેના અભાવમાં તું દુખી છે, તે બાબતને ભૂલી જા. દુખનાં રોગને હાંકી કાઢવાનો મૂળ મંત્ર આ છે. નંદીષેણે એ મંત્ર શીખી લીધો. એણે મુનિવરને કહ્યું: ભગવંત! આપનું શરણ સ્વીકારું છું હું. હવે આપના ચરણોમાં મને સ્થાન આપો. યોગ્ય જાણી ગુરુએ તેને દીક્ષા આપી.

## પૂર્ણતા

તમારી પૂર્ણતાનું અપૂર્ણતાની ભૂમિકા પર જ મંડાણ થયું છે, આ વાત પર આપણે આ બધી ચર્ચા કરી. હવે સમજાઈ ગયું કે; તમારી પૂર્ણતા એ ખાલી કહેવાની જ પૂર્ણતા છે; સાચી પૂર્ણતા નહિ?

જો એ સમજાઇ ગયું હોય તો હવે 'સચ્ચિદાનન્દ પૂર્ણેન'ની વાત સમજાશે. સત્ ચિત્ આનન્દથી પૂર્ણ ભગવન્તો આપણનેય સચ્ચિદાનંદ પૂર્ણ તરીકે દેખે છે. હા, આપણેય પૂર્ણ જ છીએ; અપૂર્ણ નથી; પણ એ પૂર્ણતા તરફ આપણું ધ્યાન ખેંચાવું જોઈએ. 'સચ્ચિદાનન્દ પૂર્ણેન, પૂર્ણં જગદવેક્ષ્યતે;' સચ્ચિદાનન્દપૂર્ણ ભગવંતો આખા જગતને પૂર્ણ જુએ છે, આવી ગ્રન્થકારની વાણી આપણને આશાન્વિત બનાવી જાય છે. કેવળજ્ઞાની ભગવંતોની દૃષ્ટિએ આપણે પૂર્ણ જ છીએ. આગળ કહ્યું તેમ, માત્ર એ પૂર્ણતાને આપણે ખુલ્લી કરવાની છે.

માની લીધેલી પૂર્ણતાને પ્રાપ્ત કરવા પાછળ લોકો જે શ્રમ ઉઠાવે છે, તેટલો શ્રમ જો સાચી પૂર્ણતાને હાથવગી બનાવવામાં ખર્ચાય તો જરૂર એ પૂર્ણતાના એક દિવસ સ્વામી બની જવાય.

[૫]

# ઉછીનો શણગાર !

पूर्णता या परोपाधेः, सा याचितकमन्डनम् ।
या तु स्वाभाविकी सैव, जात्यरत्नविभानिभा ॥

એક ઠીંગણો માણુસ મેજ પર ચડી ગયો, ને કહેવા લાગ્યો : જુઓ, હું કેટલો ઉંચો છું ! બધા માણુસો છ ફૂટ ઊંચા છે, હું આઠ ફૂટ ઊંચો છું ! તમે એના એ દાવાને સ્વીકારી લેશો ?

નહિ ને ? કેમ ? તમે સમજો છો કે, એની કહેવાતી આઠ ફૂટની ઊંચાઈમાંથી એની પોતાની તો ચાર ફૂટની જ છે. ચાર ફૂટ વધુ ઊંચો તો એ મેજ પર ચડવાથી થયો છે. એની પોતાની ઉંચાઈ થોડી એટલી બધી છે !

બીજા દ્વારા મળેલી ઉંચાઈ પોતાની ન કહેવાય, તો બીજા દ્વારા મળેલી પૂર્ણતા પોતાની કહેવાય? ગ્રન્થકાર કહે છે : પૂર્ણતા યા પરોપાધેઃ, સા યાચિતકમન્ડનમ્. 'પૂર્ણતા જે પર થકી, તે ઉછીનો શણગાર !' તમે કેવી

પૂર્ણતાથી ખુશ થાવ? સંસારમાં જે ઋદ્ધિ, સિદ્ધિ, ઠકુરાઈ છે; તે કર્મની દેણ છે. પુણ્ય પાંસરું હોય તો વૈભવ ને ઠાઠમાઠ દેખાય, ને પુણ્ય પરવારી જાય ત્યારે? ત્યારે કશું ન હોય! તમે આવી કર્મની મહેરબાની વડે આવેલ પૂર્ણતામાં રાચો એવું બને?

## શાલીભદ્રની ઋદ્ધિ હોજો!

શાલીભદ્રે ક્યારે દીક્ષા લીધેલી? આકાશમાંથી પેટીઓ ઉતરવાની બંધ થયા પછી દીક્ષા લીધી છે, એવું નથી હો! વૈભવ તો પૂર્ણ હતો, પણ જ્યારે એમ લાગ્યું કે આ બધું ઔદયિક ભાવનું તો કર્મની મહેરબાનીથી મળેલું છે; હું સુખી છું, પણ કો'કની મહેરબાનીથી; કો'કની કૃપા પર આ હર્યો-ભર્યો સંસાર હું માણી રહ્યો છું-ત્યારે તરત જ આ સંસારને છોડી દેવાનો એમણે નિર્ણય કરી લીધો!

કર્મને પડકાર ફેંક્યો શાલીભદ્રેઃ તારી મહેરબાનીથી મળેલ સમૃદ્ધિ મારે ન જોઈએ! મારી પોતાની મહેનતથી મળેલ આધ્યાત્મિક સામ્રાજ્ય જ મને ખપે.

એક વાત: શાલીભદ્રની ઋદ્ધિ હોજો! એવું જે તમે ચોપડામાં લખો છો, તેના કારણની ખબર છે તમને? કોઈ ચક્રવર્તીની કે વાસુદેવની સમૃદ્ધિ ન માગતાં શાલીભદ્રની જ કેમ માગી? શાલીભદ્રની સમૃદ્ધિ ગમે એટલી, પણ સત્તા કેટલી? તો પછી, ચક્રવર્તી કે વાસુદેવની સમૃદ્ધિ

ન માગતાં શાલીભદ્રની માગવાનું સૂચવવામાં આવ્યું તેનું રહસ્ય શું? રહસ્ય જાણવા માટે ઊંડા ઉતરવું પડશે.

શાલીભદ્રની ઋદ્ધિ એટલા માટે માંગવામાં આવે છે કે, શાલીભદ્રને જ્યારે સાચો ખ્યાલ આવ્યો ત્યારે એ ઋદ્ધિ એના માટે બંધન રૂપ ન બની શકી. સાકર પર બેઠેલી માખી ઇચ્છા હોય ત્યાં સુધી રસ ચૂસે, ને ઉડવાનું ધારે ત્યારે ઉડી શકે એના જેવી આ વાત. સાકર જેવી આ ઋદ્ધિ. તમારે આવી ઋદ્ધિ જોઈએ ને? બાકી તો બીજો પણ એક પ્રકાર છે: ગુંદર પર બેસેલી માખીનો. ન રસ આસ્વાદનો. ન ત્યાંથી ઉડી શકે. તમારી ઋદ્ધિ આવી તો નથી ને?

સભા: એવી જ છે, સાહેબ!

શાલીભદ્ર જેવી ઋદ્ધિ હોત તમારી, અને એ કાળ જેવી રાજકીય – સામાજિક સુવિધા હોત; ને તમે લોકો સંસારમાં બેસી રહ્યા હોત તો અમને એટલું આશ્ચર્ય ન થાત, જેટલું અત્યારે તમારી ઋદ્ધિ અને સંયોગો જોતાં અમને થાય છે.

શાલીભદ્રની ઋદ્ધિની વાત રાજા સાંભળે. ને એ ખૂશ થાય: મારા રાજમાં આવા પુણ્ય શાળી મહાનુભાવો છે! તમારી સંપત્તિની વાત સાંભળી તમને સન્માને એવા સત્તાધારીઓ છે આજે?

સભા: સાહેબ! આજ તો સંપત્તિ કેટલી છે, એ છૂપાવીને રાખવું પડે છે! ખબર પડી જાય તો દરોડા પડે!

એ તમારી અર્થ લાલસાના પાપે. વધુ પડતો પરિગ્રહ કરો તો દરોડા પડે ને! આપણે મૂળ વાત પર આવીએ. હું એમ કહેતો હતો કે, તમારો સંસાર શાલીભદ્ર જેવો હોત ને તમે એને પકડી રાખ્યો હોત તો, જ્ઞાનીઓ કહેત કે, અજ્ઞાની જીવ છે. ભોગની પાછળ રહેલા નરકાદિગતિના દુખો તે જોઈ શકતો નથી. પણ જે સંસારમાંય ભલીવાર ન હોય, ત્રણ સાંધતાં જ્યાં તેર તૂટતાં હોય; ત્યારેય એવા સંસાર પરથી પણ મોહ ન ઉતારી શકનારા પ્રત્યે જ્ઞાનીઓને આશ્ચર્ય જ થાય ને!

**વાત સાબુની ગોટી ખાનારની!**

એક શેઠ શહેરમાં કોઈ પ્રસંગે પોતાના ગામથી ગયા ત્યારે સાથે દુકાનના નોકરને પણ લઈ ગયેલા. પોતાના મિત્રના ત્યાં ઉતર્યા શેઠ. આવા મોટા શેઠની મહેમાનગતીમાં પેલા ભાઈ કાંઈ ખામી આવવા દે? જાત જાતની મિઠાઈ, ને જાત જાતના ફરસાણ. એક નવી જ જાતની મિઠાઈ ઘેર બનાવીને પીરસી. મૂળ તો એ માવાની મિઠાઈ હતી, પણ ઘરે બનાવેલી, તેથી આકાર નવો આપેલો રસોઈયાએ. જાણે સાબુની ગોટી જ જોઈ લો! આકાર પણ નવો, સ્વાદ પણ મઝાનો.

પેલા નોકરને તો આ મિઠાઈ બહુ ભાવી ગઈ. ત્રણ–ચાર ટૂકડા ખાધા, પણ તૃપ્તિ જ ન થાય. સાંજે પેલો નોકર નજીકમાં ફરવા ગયો. બિલકુલ ગામડા ગામનો માણસ, ને હમણાં જ શેઠને ત્યાં નોકરીએ રહેલો. એટલે

આવડું મોટું શહેર જોવાનો એના માટે પહેલો જ પ્રસંગ હતો. ત્યાં એની નજર કરિયાણાની દુકાનમાં રહેલ સાબુની ગોટી પર પડી!

થોડાંક વર્ષો પહેલાં ગામડામાં સાબુનો વપરાશ નહિવત્ હતો. સુખી માણસોના ત્યાં જ એ દેખાતો. સામાન્ય માણસો તો તળાવની માટી વડે જ કપડાંનો મેલ કાઢતા. આ નોકરે પણ સાબુ નહિ જોયેલો. એને તો એ સાબુ જોતાં લાગ્યું કે, આ બપોરે ખાધેલ તે મિઠાઈ જ છે. તેણે પૈસા આપીને તે ગોટી ખરીદી, અને સહેજ બાજુએ જઈ મોઢામાં નાખી.

પણ આ શું ?

મોઢામાં ટૂકડો મમળાવતાં જ તે એકદમ બેસ્વાદ લાગી. વિચાર્યું એણે : પેલી તો બહુ સ્વાદિષ્ટ લાગતી'તી, આ આવી કેમ ? કદાચ એક બાજુ આવી હશે એમ માની બીજી બાજુએથી કટકો ખાધો. પણ એય એવો ને એવો ! થૂ-થૂ કરીને થૂંકી દેવો પડે તેવો. પણ એમ તો આ નોકરે કંઈ કમ ન હતો. ગમે તેવો સ્વાદ હોય પણ આવી કીમતી વસ્તુ ફેંકી દેવાય ? એ તો આંખો બંધ કરીને ચાવી જ ગયો !

ત્યાંથી એક શહેરી માણસ નીકળ્યો. અચાનક જ એની નજર આ સાબુની ગોટી ખાતા પરાક્રમી પુરુષ (?) પર પડી ! એને નવાઈ લાગી. કહ્યું ય ખરું : અરે, ભાઈ! આ ખવાય નહિ. આ ખાશો તો માંદા પડશો. પણ એમ

કંઈ આ ગામડિયા ભાઈ શહેરીથી અંજાઈ જાય ? એ કહે : પૈસાથી ખરીદ્યો છે, ખબર છે ? અમે તો ખાવાના જ. અને પેલો શહેરી ગયો આમ, ને આ નોકરે ત્રીજી બાજુથી ત્રીજું બચકું ભર્યું !

ગામડિયાને પેલી મિઠાઈ બહુ ભાવી હોત, ને પેટનો વિચાર કર્યા વગર એ પેટ ભર ભર કર્યે ગયો હોત તો તમે વિચારત કે, આ અત્યારે સ્વાદની મઝા માણી રહ્યો છે, પણ એના ભાવીનો એ વિચાર કરતો નથી, પરંતુ જ્યારે પેલો સાબુની ગોટી ને ખાવા માંડ્યો ત્યારે તમને શું લાગ્યું ?

આ જ વાત આપણે સમજવાની છે. શાલીભદ્ર જેવી ઋદ્ધિ વાળો માણસ સંસારને પકડી રાખે; સંસારને વળગી રહે તો જ્ઞાનીઓ વિચારે કે, ' અહો ! આ વિષયાધીન જીવ ભોગોના પરિણામને જોઈ શકતો નથી. ' પણ સાબુની ગોટી ખાવા જેવો સંસાર હોય, છતાં મોહ ન છૂટે ત્યારે જ્ઞાનીઓ વિચારે છે : અહો ! મોહનું જોર કેવું છે ! મોહ મનુષ્યને સાચું ભાન થવા દેતો નથી. આજે મોટા ભાગના લોકોનો સંસાર પ્રાય : કેવો હોય છે ?

સભા : સાબુની ગોટી ખાવા જેવો જ.

અને તોય એવાય સંસાર પર નફરત ન છૂટે એનું કારણ શું ? આ મોહ. તો આમ મોહ મૂંઝવે છે. ડાહ્યો કહેવાતો માણસ, જેની બીજી બધી બાબતમાં બુદ્ધિ

ચાલતી હોય તે પણ 'સંસાર ખરાબ છે' આવું વિચારવામાં પાછળ પડતો હોય છે, તે આ મોહના કારણે.

**બળભદ્રજીની વાત**

કૃષ્ણ વાસુદેવનું મૃત્યુ થયું પછી બળભદ્રજી એમના મૃતદેહને ઉંચકીને જંગલમાં ફરે છે. અતિશય રાગ હતો ભાઈ પર. અને એને કારણે બીજી બધી બાબતોમાં જેમની બુદ્ધિ બરોબર ચાલે છે એવા બળભદ્ર કૃષ્ણ મરી ગયા છે એવું માનવા તૈયાર નથી.

પૂર્વભવનો સ્નેહી દેવ થયેલો તે એમને પ્રતિબોધવા જુદી જુદી યુક્તિઓ કરે છે. એક વખત દેવ ભરવાડનું રૂપ ધારણ કરે છે. એની પાસે મરેલી ગાય વિકુર્વેલી પડી છે. ગાયના મોઢા પર માખીઓ બણબણે છે. જીવનનાં કોઈ ચિહ્ન વરતાતાં નથી. બળભદ્રજી ત્યાં આવે છે. જુએ છે કે, કોઈ ભરવાડ મરેલી ગાય પાસે બેઠો બેઠો માખો ઉડાડી રહ્યો છે.

બળભદ્ર વિચારે છે કે, આ ગાય તો મરેલી છે, ને તોય આ માણસ કેમ એની સેવા કરે છે? એણે પૂછ્યું ય ખરું. પેલો કહે : કોણ કહે છે કે, મારી ગાય મરી ગઈ છે? અરે, એ તો આરામ લઈ રહી છે. હમણાં આંખો ખોલશે. બળભદ્ર કહે : પણ એ જીવતી હોય એવા એકે ચિહ્ન ક્યાં દેખાય છે?

પેલો મોકો જોઈને બાણ મારે છે : જો આ ગાય મરેલી કહેવાય, તો તમારા ખભા પર રહેલ આ માણસ

પણ મરેલો જ કહેવાય. પહેલાં તમે એને ફેંકી દો. પછી હું ગાયની સેવા નહિ કરું.

બસ, આ વાત આવી કે બાજી બગડી! બીજી બધી બાબતમાં બરોબર સમજનારા બળભદ્ર આ વાત આવી, એટલે વિચારવા નથી માગતા. એ બગડી બેઠા : મારા ભાઈને મરેલો કહેનાર તું કોણ?

આ છે મોહ. રાગ. જે માણસને પૂર્વગ્રહનાં એવાં ચશ્માં પહેરાવી દે છે કે તે ચશ્માંના કાચના રંગને એ વ્યક્તિ પદાર્થનો રંગ માનવાની ભૂલ કરી લે છે. પીળિ-ચાવાળાને બધું કેવું દેખાય? પીળું પીળું. એમ મોહ-વાળાનેય સંસાર સારો સારો લાગે છે. ફરક એટલો છે કે, પીળિયાવાળો માને છે કે, પોતે રોગથી ઘેરાયેલો છે; જ્યારે મોહી મનુષ્ય એવું નથી માનતો.

રોગ હોવો એ જેટલું ખતરનાક નથી, એથી વધુ રોગ હોવા છતાં પોતે નિરોગી છે આવી ભ્રમણા હોવી તે વધુ ખતરનાક છે. તમે તો આવી ભ્રમણામાં નથી ને?

**ડૉક્ટર પાસે દર્દની વૃદ્ધિ ન મગાય!**

'સંસાર રૂપી રોગ વળગ્યો છે મને' આવું તમને લાગે છે? લાગેલું હોય તો પ્રભુ પાસે 'ભવનિવ્વેઓ' (સંસાર પરનો કંટાળો) તમે સાચેસાચો માગત. અત્યારેય પ્રાર્થનાસૂત્ર 'જય વીયરાય'માં તમે 'ભવનિવ્વેઓ' બોલો છો, પણ બરોબર સમજીને બોલો છો?

ઘણીવાર દહેરાસરમાં આ કડી સાંભળવા મળે : મેં

દાન તો દીધું નહિ, ને શીયળ પણ પાળ્યું નહિ; તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ....' તમે પણ કદાચ આ કડી ગાઈ ગયા હશો. પણ ખરેખર શું તમને દાન – શીયળ – તપ – ભાવ નથી આરાધ્યા એનો ડંખ જાગેલો ને તમે બોલેલા કે, રત્નાકર સૂરિ મહારાજના વતી તમે પ્રભુ સમક્ષ બોલેલા ? ઘણીવાર એવું બને કે, શેઠના વતી મુનીમ કંકોતરી વહેંચવા જાય. ખૂબ આગ્રહ કરે જ્યાં જાય ત્યાં : જરૂરાજરૂર આવજો. પણ કોના ત્યાં આવવા માટે એ આગ્રહ કરે છે ? એના પોતાના ત્યાં આવવા માટે કે શેઠના ત્યાં આવવા માટે ? કદાચ ભાગ-જોગે કોઈ ઊંધું સમજ્યું હોય, કંકોતરી વાંચી ન હોય, ને મુનીમના ત્યાં પહોંચી જાય તો ? ફિયાસ્કો જ થાય ને ? તો મુનીમે આગ્રહ કર્યો. પણ એના પોતાના ત્યાં આવવા માટે નહિ. એના શેઠના ત્યાં આવવા માટે.

એમ તમે પૂજાની ઢાળમાં બોલો કે, 'મનમંદિર આવો રે !' ત્યારે તમે શું સમજીને બોલો છો ? ખરેખર એ શબ્દો દ્વારા તમે ભગવાનને હૃદય – મંદિરમાં આવવાનું આમંત્રણ પાઠવો છો ? કે વીર વિજય મહારાજના વતી તમે બોલો છો ?

આપણે 'ભવનિવ્વેઓ' ની વાત કરતા હતા. તમે પ્રભુ આગળ સાચોસાચ ભવનિર્વેદ માગતા હો તો એ જ પ્રભુ સમક્ષ તમે તમારા સંસારને આબાદ બનાવવાની માગણી કરી શકો ?

ડૉક્ટર પાસે શી માગણી કરાય? આ તાવ ૧૦૩ ડીગ્રી પર છે, તેને જરા દવા આપીને થોડોક વધારી દો એમ કહેવાય? કે આ દર્દની નાબૂદી માટે કહેવાય? બીજી વાત: જે વ્યક્તિ દર્દની વૃદ્ધિ માટે ડૉક્ટર પાસે જાય તેણે ડૉક્ટરને ઓળખ્યા કહેવાય? તેમ સંસાર રૂપી રોગની વૃદ્ધિ માટે પ્રભુ સમક્ષ જે જાય તેણે ભગવાનને ઓળખ્યા કહેવાય?

સંસાર એ રોગ છે, પણ મોહ એ રોગને રોગ તરીકે જોવા નથી દેતો. આપણે ધર્મચિન્તન વડે એ રોગ મટાડવો જોઈશે.

**કર્મરાજાની દેણ!**

સંસારનું સુખ એ કર્મરાજાની દેણ છે. ધર્મી માણસ એમાં મૂંઝાય નહિ. શાલીભદ્રને જ્યારે ધર્મદેશના-ના શ્રવણ વડે સમજાયું કે, આ સુખ કર્મરાજાની ભેટ છે. ત્યારે એમણે એ ભેટ સ્વીકારવાનો ઈન્કાર કર્યો. એ કહે-વાતા સુખો છોડી દીધા એમણે.

'પૂર્ણતા યા પરોપાધે: સા યાચિતક-મન્ડનમ્.' 'પર' દ્વારા મળેલ પૂર્ણતા એ ઉછીનો શણગાર છે. ઘરે લગ્ન જેવો પ્રસંગ હોય ત્યારે કોઈ સામાન્ય માણસ કદાચ સંબંધીના ત્યાંથી દાગીના લઈ આવે, અને એ દાગીના વડે પોતાના પુત્રને – વરરાજાને શણગારે પણ એના મનમાં તો માનતો હોય છે કે આ બધો ઠાઠ માઠ પરાયો છે, ઉછીનો લવાયો છે.

'ઉછીનો' એ શબ્દ જ એ પદાર્થો જોડે 'મમત્વ'નો સંબંધ થતાં રોકે છે. એથી જ લગ્ન પૂરું થયે પેલા દાગીનાઓને પેલા સંબંધીને ત્યાં આપીને પાછા ફરતો પેલો માણસ 'હાશ' અનુભવે છે. એ દાગીના પેલી વ્યક્તિને પાછાં આપતાં એને જરાય દુખ નથી થતું.

તમારી સંપત્તિ, સમૃદ્ધિ, આ બધો ઠાઠ – માઠ; એમને પરાયા – ઉછીના માન્યા છે ? જો માનેલા હોય તો સંપત્તિ ઓછી થાય કે સમૂળગી જાય ત્યારે દુખ ન થાય. તમારું હતું જ કયાં કે ગયાનું દુખ થાય ? પણ મારાપણાની ભાવના એવી ગાઢ બનાવી છે કે સહેજે એમાંથી ઓછું થાય તો આઘાત લાગી જાય છે ! એનો અર્થ જ એ થયો કે તમે આ બધા પદાર્થોને પરાયા નથી માન્યા.

## કેશિયર કે માલિક ?

બેન્કનો કેશિયર એક લાખ રૂપિયા ચેકવાળાને આપી દે, એથી એને દુખ થાય ? કેમ નહિ ? કારણ કે એ માને છે કે, આ બધું એનું નથી. કેશિયર કરોડોની નોટો સ્ટ્રોંગ રૂમમાં મૂકે, છતાં એ કરોડપતિ કહેવાય ?

સભા : ના જી !

કેમ ?

સભા : સાહેબ, એ પૈસાને એ ઇચ્છા પ્રમાણે વાપરી શકતો નથી.

ને અત્યારનો ધનવાન પણ, એને લાગતું હોય કે અમુક સારા કાર્યમાં ધન ખર્ચવા જેવું છે, છતાં ન

ખર્ચી શકે કે તો કેવો કહેવાશે ? કેશિયર કે માલિક ? તમે કયા વિભાગમાં આવો એમ છો ?

સભા : સાહેબ, કેશિયર !

અરે, કેશિયરે નથી કહું છું ! કેશિયરની વાતમાં તો પહેલાં જ કહ્યું કે, બે – પાંચ લાખ સ્ટ્રોંગ રૂમમાંથી ઓછા થાય એનો સહેજે રંજ એને નથી. તમારી તીજોરીમાંથી થોડું ઓછું થાય તો કેશિયર જેવી તટસ્થતા રાખી શકશો ?

સભા : ના જી !

ત્યારે તમે નથી માલિક કે નથી કેશિયર – ખજાનચી. ખટકે છે આ સ્થિતિ ? ખટકતી હોય તો રસ્તો બતાવીએ. આત્માની વાસ્તવિક પૂર્ણતા તરફ જેમ પ્રીતિ થતી જાય તેમ આ જડ પદાર્થોની આસક્તિ ઓછી થતી જાય. અને આસક્તિ ઓછી થતાં તમે તમારા ધન વગેરેનાય માલિક બનશો, અને આગળ જઈને મોક્ષની લક્ષ્મીનાય સ્વામી બનશો.

પર ભાવની પ્રીત તોડી, નિજ સ્વભાવ તરફ પ્રીત જોડો; પૂર્ણતા તમારા હાથમાં જ છે !

[૬]

# પૂર્ણતા:
# કાલ્પનિક ને વાસ્તવિક

अवास्तविविकल्पैः स्यात्, पूर्णताब्धेरिवोर्मिभिः ।
पूर्णानन्दस्तु भगवान्, स्तिमितोदधिसन्निभः ॥

કાચનો ટૂકડોય ઝગમગે, પણ ક્યારે ? સૂર્યના કિરણો એના પર અમુક એંગલથી પડતા હોય ત્યારે. અંધારામાં એ નહિ ચમકે, કારણ કે એનો પ્રકાશ એના પોતાનામાંથી નથી ઉદ્ભવેલો; બહારથી આવેલો છે એ. અંધારામાંય ચમકે એ તો મણિ હોય.

તમારી પૂર્ણતા પરપ્રકાશિત છે કે સ્વપ્રકાશિત ? સૂર્ય આથમી જાય પછી કાચનો ટૂકડો ન ચમકે, કારણ કે એ જેની પાસેથી પ્રકાશને ઉછીનો લેતો હતો, એ સૂર્ય જ અદૃશ્ય થઈ ગયો છે! તમારી પૂર્ણતા આવી ક્ષણિક તો નથી ને; કાચના ટૂકડા જેવી ! ક્ષણિક પૂર્ણતા માટે ગ્રન્થકારે સરસ ઉપમા આપી છે : પૂર્ણતાબ્ધેરિવોર્મિભિઃ' ભરતી વખતે સમુદ્રના પાણી ક્યાં ને ક્યાં પથરાયેલા

દેખાય; પણ એ પાણીનો પથારો – વિસ્તાર ક્ષણસ્થાયી હોય છે. જ્યાં થોડી વાર પહેલાં પાણી – પાણી દેખાતું હોય, ત્યાં થોડી વાર પછી રેતી દેખાવા માંડે !

**સાધુ તો સુખિયા ઘણા...**

તમારા મોઢા પરની પ્રસન્નતા ક્ષણિક કે ચિરસ્થાયી ? મુનિરાજને જુઓ ત્યારે એમના મુખ પર હંમેશા કયો ભાવ દેખાય ? પ્રસન્નતાનો કે અપ્રસન્નતાનો ?

સભા : પ્રસન્નતાનો.

તમે તો બોલો છોય ખરા કે, 'સાધુ તો સુખિયા ઘણા, દુખનો નહિ લવલેશ....' ખરેખર તમને મુનિરાજ સુખી લાગે છે ?

સભા : હા જી.

મુનિરાજ સુખી હોય તો એ કયા કારણથી ? બાહ્ય સમૃદ્ધિ એમની પાસે ખરી ? એમણે બાહ્ય સમૃદ્ધિ – આ બધી ઉપાધિ છોડી છે, માટે તેઓ સુખી છે આવું તમને ખરેખર લાગે છે ? પહેલાં તો મને એ કહો કે, તમને બાહ્ય ઋદ્ધિ ઉપાધિ જેવી લાગી છે ? કે મઝાની લાગી છે ?

આ એવા પ્રશ્નો છે, જેમનો ખરેખર ઉત્તર આપ્યા વગર આગળ વધી શકાય નહિ. કેટલી ભવ્ય પરંપરાઓ તમને મળી છે ! ન નમો તમે કોઈ મિલમાલિકને કે શાસકને, ન ભરાવો મૂર્તિ તમે કોઈ રાજા, મહારાજા કે ચક્રવર્તીની; તમે નમો ફક્ત વીતરાગ દેવની પ્રતિમાને અને નમો નિર્ગ્રંથ મુનિને. ત્યાગના કેવા અત્યુચ્ચ આદર્શ પર

સ્થિર થઈ છે આ પરંપરાઓ! આ પરંપરાઓ જેને સાંપડી છે તે વ્યક્તિ ભોગનો ઉપાસક હોય એવું માની શકાય? તમને સુખ તો ત્યાગમાં જ લાગ્યું છે ને?

સભા : આમ તો ત્યાગમાં જ સુખ છે....

પાછું 'આમ તો' લાવ્યા? હં, સમજાણું. તમે કદાચ એમ કહેવા માગો છો કે, ત્યાગમાં સુખ તો ખરું, પણ એ બીજો આદરે તો. અમારા માટે નહિ! કોઈ અત્યારે દીક્ષા ગ્રહણ કરે તો તમે રાજી ને! વરઘોડામાં–દીક્ષાના વરઘોડામાં આગેવાની ભર્યો ભાગ પણ લો ને? અને એ વ્યક્તિ દીક્ષિત થાય એટલે એને પગે લાગવાય તમે તૈયાર. તમારી દીક્ષાની તૈયારી નહિ, કેમ?

ગુરુ મહારાજના પ્રવચનથી ગામની કોઈ વ્યક્તિનું હૃદય પલળી જાય, અને એ દીક્ષા લેવા નીકળે તો તમે રાજી ને? પણ એ 'કો'ક' તમારો જ દીકરો હોય તો....

**શાસનને સંતાન સમર્પવા તૈયાર છો?**

તમારા પુત્રને શાસન માટે આપવા ઇચ્છો છો? રાજસ્થાનમાં ત્રણ–ચાર દીકરા જેને હોય, એ પોતાના ભાઈને કે સગાને પોતાનો પુત્ર ખોળે આપે. હું કહું છું કે, તમે શાસનને તમારો પુત્ર સમર્પવા તૈયાર ખરા? ધર્મી માતાને લાગવું જોઈએ કે, મારા સંતાનોમાંથી એકાદ સંતાન સંયમના પંથે જાય તો મારી કૂખ એ સંતાન ઉજાળે. ધર્મી પિતાને થાય કે હું તો સંસારના ખાડામાં ફસાઈ ગયો; પણ મારા સંતાન

એમાં ન ફસાય તો સારું. તો તમારા પુત્રને તમે આ માર્ગે વાળવા તૈયાર છો ને? શાસનને સમર્પવા કટિબદ્ધ છો? જો કે, તમારી એવી ભાવનાને ટેકો આપે તેવાં સંતાનોય પુણ્યના ઉદય વગર ન મળે; પણ હું પૂછું છું કે તમારી તો ભાવના ખરી જ ને?

સભા : સાહેબ! અત્યારે ચોમાસુ છે ને! (ચોમાસામાં દીક્ષા અપાય નહિ ને!)

એની ચિન્તા તમે ના કરો. ભગવાનના શાસનમાં બધા ઉપાયો દેખાડેલા છે.

વજ્રસ્વામી નાના હતા, છતાં તેમને જ્ઞાની ગુરુએ લઈ લીધેલા. ને પછી સાધ્વીજીના ઉપાશ્રયમાં રખાવેલા. પહેલાં એક જ માતા લાલન-પાલન કરનારી હતી, પછી ઘણી શ્રાવિકાઓ એ વજ્ર કુમારની સાર સંભાળ લેવા માંડી.

એટલે ચોમાસામાં દીક્ષા નથી અપાતી એની ચિન્તા ના કરતા!

**હરખ-શોકનાં મોજાં!**

તમારી પૂર્ણતા સ્વપ્રકાશિત છે કે પરપ્રકાશિત, એની વાત ચાલે છે. અહીં બે રૂપક દ્વારા એ બે પૂર્ણતાઓને બતાવવામાં આવી છે : પૂર્ણતાબ્ધેરિવોર્મિભિ :, અને સ્તિમિતોદધિસન્નિભ : અવાસ્તવિક પૂર્ણતા – પર દ્વારા આવેલી પૂર્ણતા એટલે સમુદ્રમાં ભરતી વખતે આવેલી પૂર્ણતા; જે ક્ષણજીવી છે, થોડો સમય જ ટકનાર છે. જ્યારે વાસ્તવિક પૂર્ણતા સ્થિર સમુદ્રની શાન્ત સપાટી જેવી છે.

ઉછળતા મોજા પર સવાર થઈ વહી જતી નાવડી કદી જોઇ છે? ઘડીમાં એ મોજાની ટોચ પર ચડી જાય. ઘડીમાં એકદમ નીચે પછડાતી એ જોવા મળે. દુન્યવી માણસનું મન પણ આ જ રીતે હરખ – શોકના તરંગોમાં અથડાતું – કૂટાતું જોવા મળે છે.

એક વેપારીએ જે માલ લીધો હતો તેના ભાવમાં વધારો થયાનો ટેલીફોન રણકયો. ને તેના મનની નાવડી હરખના મોજાની ટોચ પર ચડી ગઈ. પણ થોડી વાર પછી પાછું 'એલાવ' થયું. અને એમાં આવ્યા મોંકાણના સમાચાર! જોઈ લો, પેલી નાવડી નીચે પટકાવા લાગી!

અરે, આમાં તો પોતાને આર્થિક નુકશાન જઈ રહ્યું છે, માટે પેલો વેપારી ખિન્ન થઈ રહ્યો છે. પણ ઘણી વાર એવું ય જોવામાં આવે કે, આર્થિક નુકશાન એક પૈસાનું ન હોય છતાં કલ્પનાનો લાભ વ્યક્તિને રોવડાવે.

એક વેપારીએ ઓછા ભાવમાં માલ લીધો. પછી ભાવ ઉંચકાયો એટલે સારે નફે એ માલ એણે વેચી માર્યો. ખુશખુશાલ હોય ને એ? એને તો ચોકખો લાડવો મળી ગયો ને! પણ પછી એવું બન્યું કે, જે માલ એણે સારે નફે વેચ્યો એના ભાવ બે–ચાર દિવસ પછી એવા ઉંચકાણા કે, સીધા ડબલ! પેલાં વેપારીનું મોઢું ખિન્ન થઈ ગયું. કેમ, ભાઈ? એને શું નુકશાન ગયું છે કે એ રોવા જેવું મોઢું કરીને બેઠા છે? તમે કહેશો કે, કલ્પનાનો નફો એને દુખી કરી રહ્યો છે.

**કલ્પનાનો હુલવો......!**

એક ભાઈ એક જગ્યાએ મહેમાન થયેલા. જમવાના ટાણે શીરા-પૂરી ખવડાવ્યા યજમાન શ્રેષ્ઠીએ. તમારા ત્યાં કોઈ મહેમાન આવે ત્યારે તમારી ફરજ શું ? સારી આગતા-સ્વાગતા કરવાની. સારું ભોજન જમાડવાની પણ સામે મહેમાન શું કરે ? એ ના-ના પાડતો જાય. આપણામાં કહેવત છે : આડા હાથને માન છે, ભાઈ ! પેલા ભાઈએ ભર પેટે શીરા-પૂરી ખાધાં. બપોરે જમીને સૂતા. બે-અઢી વાગ્યે ઉંઘ ઉડી. પણ પેલા શીરા-પૂરી હજુ પલંગમાંથી ઉભા નથી થવા દેતા.

પ્રમાદી કોણ બનાવે ? શાસ્ત્રોએ સાધુને માદક આહાર લેવાની મનાઈ કરી છે, એ આ કારણે. એવો આહાર પ્રમાદી બનાવ્યા વગર રહે નહિ. સાધુએ તો જાણે પ્રમાદી બનવું ન જોઈએ. પણ તમે પ્રમાદી બનો તો વાંધો ખરો ?

ભગવાન મહાવીરે કહ્યું હતું : સમયં ગોયમ ! મા પમાયએ. હે ગૌતમ ! તું ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ. એ સૂત્ર સામાન્ય જીવોને પ્રમાદ ખંખેરી જાગૃત બનાવવા માટે બહુ ઉપયોગી છે. કીચ્ચડભરી ભૂમિ હોય, ને જ્યાં સ્વસ્થ માણસે પડી જાય એવું હોય ત્યાં લાકડીના ટેકે ચાલનારો માણસ કેવી સાવધાની રાખે ? એમ ગૌતમ સ્વામી ભગવાન જેવા ચાર જ્ઞાનના સ્વામીને પણ એક ક્ષણ પ્રમાદ ન કરવા સૂચવવામાં આવે ત્યારે સામાન્ય

સાધુ કે શ્રાવક તો વિચારવા જ માંડે ને કે, મારાથી તો ગફલત થાય જ કેમ ?

પેલા ભાઇ પલંગમાં પડ્યા છે. ત્યાં શેઠ અને તેમના દીકરા વચ્ચે વાતચીત ચાલે છે. વાતચીત સાંજના ભોજન અંગેની છે, એટલે પેલા ભાઈ કાન સરવા કરીને સાંભળે છે. વાતચીત ધીમે ધીમે થઈ રહી છે. દીકરો કહે છે: પૂરી, દાળ, ભાત બધું વધેલું છે; દાળ – ભાતને તો ગરમ કરી નંખાશે. બીજું શું કરવું છે ? શેઠ કહે: હલવો ત્યારે ! પછી શેઠ બોલ્યા : બીજી કાંઈ જરૂર નથી. પણ એ શબ્દો બહુ ધીમેથી બોલાયેલા હોઈ પેલા મહેમાનના કાનમાં ન પડ્યા.

હલવો શબ્દ સાંભળીને એ તો ખુશ ખુશ થઈ ગયા. વાહ ! સાંજે હલવો ખાવા મળશે ! હકીકતમાં શેઠ જે 'હલવો ત્યારે' બોલેલા, એનો અર્થ હતો : ચલાવો ત્યારે એનાથી જ. હલવો એટલે ચલાવો. કાઠિયાવાડી તળપદી આ બોલીનો મર્મ પેલા મહેમાન ન સમજી શક્યા; ને હલવો ખાવાની કલ્પનાથી ખુશ ખુશ થઈ ગયા.

મહેમાન તો ચા–પાણી પીને ગામમાં એક–દોઢ કલાક ફરી પણ આવ્યા. પેટમાં જરા જગ્યા થાય તો હલવો ખાવાની મઝા આવે ને ! પણ સાંજે પૂરી–દાળ–ભાત જ ભાણામાં જોતાં પેલા આનંદના ફુગ્ગામાં ટાંચણી ઘોંચાઈ ગઈ ! વિચારે છે કે, થોડી વાર પછી હલવો આવશે. પણ હલવો બન્યો જ હતો ક્યાં કે એમના ભાણામાં આવે ?

કલ્પનાના હલવાએ વાસ્તવિક દાળ-ભાતની મઝા મારી નાખી! કલ્પનાનો હલવો વાસ્તવિક દાળ-ભાતની મઝા મારે, ને કલ્પનાનો નફો વાસ્તવિક આર્થિક લાભની મઝા ખોવડાવે!

પેલા વેપારીની વાતમાં આપણે જોયું હતું કે, એણે માલ વેચ્યા પછી ભાવ ઉંચકાઈ ગયા ત્યારે કલ્પનાના નફાએ એને રોવડાવ્યો હતો.

**જેની કલ્પનાય રોવડાવે એ વસ્તુ કેવી!**

જેની કલ્પનાય માણસને દુખી કરે – રોવડાવે – આંસૂ સરાવે એ પદાર્થો કેવા? રોવડાવે છે કોણ? પદાર્થનો રાગ રોવડાવે છે. જો રાગની સાંકળ કાપી નાખવામાં આવે તો પદાર્થો દુખી કરી શકે નહિ.

નિર્વાસિતોની છાવણીમાં ભૂતકાળનો કરોડપતિ બેઠો હોય તો તેની આંખમાં આંસૂ સિવાય બીજું શું જોવા મળે? એ વિચારતો હોય: કાલનો હું શ્રીમંત. આજે હું ભિખારી છું. રાજ્યતંત્રમાં અવ્યવસ્થા થઈ અને જે દેશમાં કરોડોની માલમત્તા જમાવેલી ત્યાંથી પહેર્યા કપડે ભાગીને સ્વદેશમાં આવવું પડ્યું! આજે એ ખૂબ દુખી છે. પોતાની સંપત્તિની યાદ એને રડાવે છે.

પણ ચક્રવર્તીએ છ ખંડ છોડીને દીક્ષા લીધી હોય તોય એને આનંદ જ હોય. દુખ હોય જ નહિ. કારણ

કે એ પદાર્થો પ્રત્યેનો રાગ એણે મૂકી દીધો છે. અને એથી એ પદાર્થો એને સતાવી શકે તેમ નથી.

તો વાસ્તવિક પૂર્ણતા આ છે; જેમાં રાગ અને દ્વેષના કે હરખ–શોકનાં મોજાં મનને ચંચળ બનાવી શકતા નથી. સ્તિમિતોદધિસન્નિભઃ. નિશ્ચળ સમુદ્ર સરીખા સિદ્ધ ભગવંતોનું સ્મરણ જગતને વાસ્તવિક પૂર્ણતા ભણી દોરી રહો !

[૭]

# જાગૃતિ જ્ઞાનદૃષ્ટિની

जागर्ति ज्ञानदृष्टिश्चेत्, तृष्णाकृष्णाहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत् किं स्यात्, दैन्यवृश्चिकवेदना ॥

અનંત જ્ઞાનનો સ્વામી, આનંદઘન એવો આત્મા પણ દીન, હીન ને નિર્બળ શાથી થઈ ગયો છે? કોણ એને દીન, હીન બનાવે છે? એ તત્ત્વની ખોજ કરવી પડશે. દીનતાનું પગેરું શોધવું પડશે.

દીનતા અને દુખ આવે છે તૃષ્ણાથી. એક વસ્તુની ઝંખના જાગી એટલે દીનતા આવી જ સમજો! અને આ નિયમ પ્રમાણે, ચક્રવર્તી રાજા પણ દીન, હીન ને દુખી હોઈ શકે છે; જો એ તૃષ્ણાનો દોરવ્યો જ ચાલતો હોય તો!

પરમ સુખી છે મુનિવર. કારણ કે તૃષ્ણાનો દોર લગભગ એમણે તોડી નાખ્યો છે.

## ઈલાચિકુમારની વિચારણા

ઈલાચિકુમાર નટડી પાછળ ઘેલો થયો. નટોના મુખીએ કહ્યું : ભાઈ! તમે નૃત્યકળામાં કુશળ બનો. કોઈ રાજાને રીઝવો. ને રાજાના દાન વડે અમારી નાત જમાડો. તો તમને અમારી કન્યા મળે. નહિતર ના મળે.

જરા વિચારો. નટોનો આગેવાન ઈલાચિને શું કહે છે? એ કહે છે કે, તમે લખપતિ હો કે કરોડપતિ હો, એનું અમારે મન કાંઈ મૂલ્ય નથી. અમારે તો અમારી વિદ્યામાં નિપુણ વ્યક્તિ હોય એની જ કિંમત છે.

શ્રાવક પોતાની પુત્રીના વેવિશાળ કરવા હોય ત્યારે શું જુએ? છોકરો હોંશિયાર, રૂપાળો હોય ને ઘર સારું હોય તો પછી બીજું કંઈ જોવાનું ખરું? એનામાં જૈનત્વ કેટલું છે? શ્રાવક યોગ્ય આચાર-વિચાર એ ભાવી જમાઈમાં છે કે નહિ એ જોવા તૈયાર કેટલા?

ઈલાચિ તૈયાર થઈ ગયો. નૃત્યવિદ્યા શીખ્યો. એક નગરના રાજાને રીઝવવાનો છે હવે. એ માટેની તૈયારી થઈ ગઈ. રાજા નૃત્ય દેખે છે. ઈલાચિ નાચે છે. ખૂબ નાચ્યો. બધી કળા દેખાડી. પછી રાજા પાસે આવી નમન કરે છે. રાજા શું કહે છે? રાજ્યની ચિન્તામાં મારું મન વ્યસ્ત હોવાથી હું ખેલ બરાબર જોઈ શક્યો નથી. ત્યારે ઈલાચિ બીજી વાર ખેલ કરે છે. બીજા નૃત્યના અન્તે પણ એવો જ જવાબ રાજાનો.

ફરી ફરી ઈલાચિ ખેલ કર્યે જ જાય છે. છેલ્લી વાર દોરડા પર નાચતા ઈલાચિની દૃષ્ટિ ક્યાં પડે છે? આજુના ઘરમાં વહોરી રહેલા મુનિવર પર. રૂપ રૂપના અંબાર સમી નવયૌવના સ્રી સુન્દર લાડુ વહોરાવવા આવે છે. ને નીચા નયન રાખી ઉભેલા મુનિવર ના પાડે છે.

ઈલાચિ ત્યારે વિચાર છે : ક્યાં આ મુનિવર ને ક્યાં હું? તૃષ્ણાને પેલે પાર – સામે છેડે પહોંચી ગયેલા મુનિવર ઉંચી આંખે સુંદરી સામું જોતાંય નથી. જ્યારે હું તૃષ્ણાનો દોરવ્યો ક્યાંનો ક્યાં પહોંચી ગયો! મેં ન જોયું માનાં આંસૂ સામે, ન જોયું પિતાની વેદના સામે, ન જોયું ઉંચા કુળની આબરૂ સામે. 'ધન્ય ધન્ય આ જીવતર મુનિનું, ધન્ય જીવન આ નાર; હોજો મુજ સરખા કામીને, લાખ લાખ ધિક્કાર!'

તૃષ્ણાએ — આસક્તિએ કરેલ પોતાની દુર્દશાનું ભાન થતાં જ ઈલાચિ શુભ ભાવનામાં આગળ વધ્યા. ને એ દોરડા પર જ એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું!

**કાળું – ધોળું હવેથી બંધ ને?**

આસક્તિ, વિષય વાસના, આ તૃષ્ણા પર તમને રોષ પ્રગટ્યો છે? આસક્તિ પાપ બંધાવે, આસક્તિ કાળું ધોળું કરાવે. અને પરિણામે દુખોની પરંપરા આવી રહે. જેને દુખો ખટકતા હોય એને આસક્તિ ન ખટકે એવું બને ખરું?

કાળું – ધોળું કરનારને ભાવીમાં દુખ મળશે એ

વાતને બાજુએ રાખીએ તોય, વર્તમાનમાં ઘણાને એ કાળા-ધોળાને પરિણામે જેલની કોટડીમાં જતા જોયા છે ને ? એ જોયા પછી શું વિચારેલું ? કાળું-ધોળું હવેથી બંધ ! એમ વિચારેલું કે, હવે એવું કામ એવી ચાલાકીથી સફાઈથી કરવું કે કોઈને ગંધ પણ ન આવે એમ વિચારેલું ?

સભા : આપ એવું પૂછો છો કે, શો જવાબ આપવો એની મુશ્કેલી થાય છે !

મારો પ્રશ્ન મુશ્કેલી નથી સર્જતો, પણ તમારું આચરણ મુશ્કેલી સર્જે છે. આચરણ શુદ્ધ કરી નાખો.

તો તૃષ્ણા દુખોની જનની છે, એવું જ્ઞાન તૃષ્ણાનો દોર તોડાવવા તરફ આગળ વધવું જોઇએ. 'જાગર્તિ જ્ઞાનદષ્ટિશ્ચેત્, તૃષ્ણા કૃષ્ણાહિજાંગુલી:, પૂર્ણાનન્દસ્ય તત્ કિંસ્યાત્, દૈન્યવૃશ્ચિકવેદના.' તૃષ્ણા રૂપ કાળા નાગના ઝેરને ઉતારવામાં જાંગુલી મંત્ર સમી જ્ઞાનદષ્ટિ જો મળી જાય તો પછી દીનતા રૂપ વીંછીનો ચટકો શી રીતે પીડા કરી શકે ? દીનતા પીડે છે. કારણ કે તૃષ્ણા જોડેનો નાતો છોડચો નથી. દુખો આવે છે. કારણ કે તૃષ્ણાનો દોર તોડચો નથી.

### કર્ણરાજાની વાત

ગુજરાતના સુવર્ણકાળ સમા સોલંકી યુગમાં થઈ ગયેલા રાજા કર્ણના જીવનનો એક પ્રસંગ જોઈએ. એક વાર એ પોતાના મહેલમાં આરામ કરી રહ્યો છે ત્યારે

એના કાન પર મધુરા સંગીતનો અવાજ અથડાય છે, એટલી સુન્દર રીતે એ ગવાઈ રહ્યું છે કે, ઝરૂખાની બહાર જઈ એ ગાનારને દેખવાની પ્રબળ ઉત્કંઠા રાજાને થઈ આવી: આવું સરસ ગાનાર કોણ હશે? અવાજ તો કોઈ સ્ત્રીનો જ છે. જેવો કંઠ છે એને અનુરૂપ જ રૂપ પણ હશે જ ને? 'કાને આંખને વાત કરી.'

ઝરૂખામાંથી જોયું. એય રૂપરૂપના અંબાર સમી નારી ગાઈ રહી છે. રાજાને ઝરૂખામાં જોતાં હલકાકુળની એ ગાનારી રાજાની સામે ગાયનો ગાય છે. રાજા એને ખૂબ ધન આપે છે. પેલી સ્ત્રી રોજ આ રીતે રાજાને ગાયન સંભળાવે છે. પણ ગાડી ત્યાં અટકતી નથી. આંખનો ચેપ સ્પર્શનેન્દ્રિયને લાગે છે. ને રાજાની ઉપાધિ વધતી જાય છે!

સાંકળના એક અંકોડાને તમે ખેંચો તો કુદરતી રીતે જ બીજો પણ ખેંચાવાનો. કારણ કે એ એની જોડે બંધાયેલો–સંકળાયેલો છે. એ જ વાત આસક્તિની ચેનલ–શૃંખલાને લાગુ પડે છે. કાનને સાંભળવા મળ્યું, એટલે આંખ કહે: મને જોવા દો! ને આંખ આગળ આવે પછી સ્પર્શનેન્દ્રિય કંઈ પાછળ રહે? એ કહે: હું કંઈ કમ નથી!

રાજાને હવે એ ગાયિકા–નર્તિકા જોડે ભોગ ભોગવવાનું મન થયું છે. બીજી બાજુ, પોતાની કુલીનતા અને સાંસ્કારિક પરંપરા જોતાં કોઈ રીતે એ વાત શક્ય નથી લાગતી. દિવસે દિવસે સૂકાવા માંડ્યો રાજા. મંત્રીએ એકવાર પૂછ્યું: મહારાજાધિરાજ! આપને કઈ ચિન્તા સતાવી

રહી છે? મને આપ આપના હૈયાની વાત નહિ કરો? શું હું આપનો વિશ્વાસુ મંત્રી નથી?

આ વચનો સાંભળી રાજા ઢીલો થઈ ગયો. ગૂર્જર રાજ્યના આ અધીશ્વરની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં! એ બોલ્યો: મંત્રીશ્વર! શું કહું? મારી વેદના અપાર છે. હું નથી કહી શકતો, નથી સહી શકતો. મંત્રીનો ખૂબ આગ્રહ થતાં એ કહે: મંત્રી! પેલી ગાયિકાને જોઈ–સાંભળી છે ત્યારથી એના સંગ માટે હું બેચેન છું. બીજી બાજુ વિચાર કરું છું ત્યારે લાગે છે કે કોઈ પણ રીતે મારી વિશુદ્ધ કુળ પરંપરામાં કલંક રૂપ બનીને હું દુરાચારી થઈ શકું નહિ. મારું દુખ અસહ્ય છે, મંત્રી! મને લાગે છે કે, હું વધુ સમય જીવી નહિ શકું.

મંત્રી સ્તબ્ધ થઈ ગયો. આ સાંભળીને વિચારવા લાગ્યો: શું કરવું?

## કોણે દુખની ભેટ ધરી?

અહીં આપણે એ વિચારવું છે કે, કર્ણ રાજાને કોણે દુખી કર્યો છે? પેલી ગાયિકાએ દુખી કર્યો છે? ના, એ તો આખા પાટણ નગરમાં ફરે છે. અને એને જોનારા બીજા કોઈ આવા દુખી થયા નથી. તો રાજાને દુખી કરનાર કોણ છે? આખા ગૂર્જર રાજ્યના સ્વામીને દીન, હીન બનાવી નાખનાર; આવા મોટા માણસની આંખમાં આંસૂ આણનાર કોણ છે? તમે પણ કહી શકશો કે, એ તૃષ્ણા છે.

તૃષ્ણા માણસને દુખી કરે. તૃષ્ણા માણસને અકાર્ય ભણી દોરી જાય. કર્ણ રાજાની વાત સાંભળી મંત્રીએ એક વિચાર કર્યો, અને એ વિચારને ગુપ્ત રાખી રાજાને કહ્યું: મહારાજ ! ખૂબ વિચારને અંતે મને લાગે છે કે, સાપ મરે નહિ ને લાઠી ભાંગે નહિ એવો કોઈ માર્ગ હું શોધી શકીશ. હું એ સ્ત્રીને અહીં રાજમંદિરમાં નહિ લાવું. પણ આપનો એની જોડે ભેટો કરાવી આપીશ. જેથી આપની ઇચ્છા પણ સંતોષાશે અને બીજા કોઈને આ વાતની ગંધ પણ નહિ આવે. રાજા ખુશ ગયો.

જુઓ, આ આસક્તિનો ચમત્કાર ! અકાર્ય આચરવાના ટાણેય હરખ ઉપજી ગયો. પણ મંત્રી રાજાના હાથે અકાર્ય ન થઈ જાય એનું ધ્યાન રાખીને આગળ વધવા ચાહે છે. કર્ણ રાજાને બે રાણી છે: એક જયા દેવી, બીજી મીનળદેવી. મીનળદેવી પર પહેલાં રાજાને બહુ પ્રેમ હતો. હમણાંથી એ એની સાથે બોલતો પણ નથી.

મંત્રીએ મીનળ દેવીને બધા પાઠ ભણાવ્યા: રાતના અમુક સમયે અમુક જગ્યાએ મહારાજા જોડે આપને મળવાનું છે. પણ એમને એ ખબર ન પડવી જોઈએ. એમ કહી બધી પૃષ્ઠભૂમિકા સમજાવી. રાત્રે રાજા ત્યાં ગયો. મીનળદેવી જોડે ભોગ ભોગવ્યા. મીનળદેવીએ મંત્રીએ સૂચવ્યા મુજબ મહારાજાની નામાંકિત મુદ્રા પ્રેમની નિશાની તરીકે માગી લીધી.

રાજા પોતાના મહેલે ગયો. વિષયની ચળ ઉપડેલી

હતી ત્યાં સુધી કાર્ય – અકાર્યનો કોઈ વિચાર એણે કર્યો ન હતો; પણ એ ચળ શમી ગઈ ત્યારે હવે એને થાય છે કે, એણે કેવું ભયંકર કાર્ય આચરી લીધું છે! એને ક્યાં ખ્યાલ હતો કે, જેની જોડે એણે ગમન કર્યું એ બીજું કોઈ નહિ પણ એની પત્ની મીનળદેવી જ હતી! અને એથી એનો પ્રશ્ચાત્તાપ એટલો ઉગ્ર બન્યો કે, પથારીમાં એ આખી રાત તરફડતો રહ્યો; જળ વિના માછલું તરફડે તેમ!

કુલીનતાનું, કહો કે સંસ્કારનું આ બળ છે. પહેલેથી એ માનતો હતો કે, એના માટે આ અકાર્ય છે; પણ મોહનું પ્રાબલ્ય એને એ અકાર્ય ભણી ખેંચી ગયું. આજે મોહના પ્રાબલ્યમાંથી જ્યારે એ બહાર આવ્યો છે ત્યારે પોતાનું એ અકાર્ય તીવ્રતયા ખૂંચી રહ્યું છે.

તમારા માટેય એ શક્ય છે કે, મોહની અસર નીચે તમે અકાર્ય કરી નાખો; પણ પાછળથી પશ્ચાત્તાપ થાય છે ને? કોઈ ભોળો માણસ તમારી દુકાને આવી ગયો, ને તમારી લોભ સંજ્ઞાએ ઉછાળો મારવાથી તમે વધુ ભાવ લઈને હલકી વસ્તુ એને પધરાવી દીધી. લોભના માર્યા તમે અનીતિ આચરી બેઠા. પણ પાછળ – થોડી વાર પછી તમારા એ અકાર્ય તરફ પશ્ચાત્તાપ થઈ જ જાય ને? કે એથી ઉલટું જોવા મળે? 'હું કેવો હોંશિયાર, કે પેલાને બરોબર ઠગી લીધો!' આવો અજ્ઞાનમૂલક હરખ તો છેવટે તમને ન જ થાય ને?

રાજાનો પશ્ચાત્તાપ એટલો ઉગ્ર બન્યો કે, એણે અગ્નિમાં બળી મરવાનો નિર્ણય કરી લીધો. મંત્રીને બોલાવીને એણે કહ્યું : મંત્રી ! હવે હું આ રાજ્ય સિંહાસન પર બેસી શકું નહિ. હું ભ્રષ્ટ થયો છું, અને એથી મારા જેવો ભ્રષ્ટ માનવ આ સિંહાસનને અભડાવી શકે નહિ. તમે મારા આ અકાર્યમાં સહકાર આપ્યો, તો હવે રાજ-કારોબાર સંભાળજો. મારે માટે તો અગ્નિનું જ શરણું છે હવે.

મંત્રી કહે છે : મહારાજ ! આપની પાપભીરુતાથી હું ખુશ છું. પણ એક વાત હું આપને જણાવી દઉં કે, આપે કોઈ અકાર્ય આચર્યું નથી. આપે દુરાચાર કર્યો નથી. જેણીની જોડે આપ ગઈ રાત્રે સંબંધમાં આવ્યા હતાં તે આપનાં જ રાણી મીનળદેવી હતાં. આપને ખાતરી ન થતી હોય તો આપ રાણીજીને પૂછી જુઓ. રાજા મીનળદેવીને મળ્યો. પેલી વીંટી જોઈ અને એને સંતોષ થયો કે, પોતાના દ્વારા અકાર્ય નથી થયું.

મંત્રીને એણે ખૂબ ધન્યવાદ આપ્યા : મંત્રીશ્વર ! તમે ન હોત તો મારું શું થાત ? મારા હાથે અકાર્ય થઈ ગયું હોત તો....તો....ઓહ ! હું મારા મહાન પૂર્વજોની કીર્તિ પર મસીનો કૂચડો ફેરવનારો જ થઈ જાત ને !

## જરા વિચારો !

અહીં જરા વિચારો કે, કર્ણ રાજાને ભગવાનના શાસનનો સ્પર્શ થયો નથી; કુળાચારના ધોરણે જ કાર્ય

અકાર્યની ભેદરેખા દોરનારો છે એ. પણ કુળાચારે એને કેવા ઉત્તમ વિચારો આપ્યા! કેવી સરસ ભૂમિકા એને મળી ગઈ!

તમે તો ભગવાનનું શાસન પામ્યા છો. કાર્ય અને અકાર્યની સૂક્ષ્મતર ભેદરેખાઓનું જ્ઞાન આ શાસનમાં છે. એટલે, તમે પાપ કરો જ નહિ, અને કદાચ આસક્તિ-વશ કરી લો તોય પાછળથી એ ડંખ્યા વગર ન જ રહે એટલું તો હું માની લઉં ને?

આસક્તિઓ તમને અકાર્ય ભણી કેવી રીતે દોરી જાય છે એ સમજાવી તમારી આસક્તિઓ પાતળી બનાવવા તરફ તમે જાવ એમ હું ઈચ્છું છું. ગ્રન્થકાર કહે છે: તૃષ્ણાના – આસક્તિના પાશમાંથી તમે છૂટયા, તો દીનતા – દુખની જંજાળમાંથી છૂટયા જ સમજો! તૃષ્ણા જ દુખોની જનની છે. અને જ્ઞાનદૃષ્ટિ એ તૃષ્ણાનો ઉચ્છેદ કરે છે.

જ્ઞાનદૃષ્ટિ જગાડો, તૃષ્ણાને ભગાડો

[૮]

# ઉપેક્ષા જનની પૂર્ણતાની

पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।
पूर्णानन्दसुधास्निग्धा दृष्टिरेषा मनीषिणाम् ॥

સાચી પૂર્ણતા કોને કહેવાય એ વિષે આપણે થોડુંક વિચાર્યું. આપણે જોયું કે, આત્માના પોતાના ગુણોનો ઉઘાડ જેમ વધતો જાય, નિજ સ્વભાવનું જેમ જેમ પ્રકટીકરણ થતું જાય તેમ પૂર્ણતા વધતી જાય.

ગ્રન્થકાર અહીં આથીય વધુ સરળ વ્યાખ્યા પૂર્ણતાની આપે છે: દુન્યવી જીવો જે તત્ત્વ વડે પૂર્ણ બનવાની કલ્પના સેવે છે, તે તત્ત્વનો ત્યાગ કરવો તેનું નામ સાચી પૂર્ણતા. કેવી ટૂંકી ને માર્મિક વ્યાખ્યા! તો જેના વડે દુન્યવી જીવો પૂર્ણ બનવાની કલ્પના કરે છે, તેનાથી વિરૂદ્ધ દિશામાં ગતિ કરવી પડશે. ને તો જ પૂર્ણતા ભણીનું ગમન પ્રારંભાશે.

દુન્યવી જીવો જે પદાર્થો છે એમાં રોજ રોજ ઉમેરો

કરવા ચાહે છે; અને આથી સાચી પૂર્ણતાને વરવા ઇચ્છનારે એ પદાર્થોમાં ઘટાડો કરવો પડશે. સંસારી માણસ લખપતિમાંથી કરોડપતિ બનનારને ભાગ્યશાળી માનશે. જ્ઞાનદૃષ્ટિ જેની ખુલ્લી થઈ છે એ વિચારશે : બિચારો જીવ! વધુ ઉપાધિમાં ફસાયો !

તમે શું માગો ?

તમને આવું લાગે છે ? પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પાપમાંથી તમને કોનો ઉદય વધુ સારો લાગે ? સમજ્યા ને ? એક માણસ શ્રીમંત છે. ધન અને બાહ્ય પદાર્થોની છાકમછોળ એને ત્યાં છે. પણ ધર્મનું જ્ઞાન એને બિલકુલ નથી. અને એથી પાપનો ડર એનામાં જાગ્યો નથી. બીજો એક માણસ ગરીબ છે; પણ ધર્મક્રિયા બહુ આનંદથી કરી રહ્યો છે. ત્રણ સાધતાં તેર તૂટે એવી સ્થિતિ છે, પણ બીજી બાજુ ધર્મ પર બહુ પ્રેમ છે. આ બેમાંથી, કદાચ કોઈ દેવ પ્રસન્ન થઈને માગવાનું કહે તો, તમે કોના જેવું માંગો ?

પહેલાને ભોગવટો પુણ્યનો છે, પણ બંધ પાપનો છે, એથી હાલ તો ભૂતકાળના પુણ્યના જોરે તાગડધીન્ના કરી રહ્યો છે, પણ અત્યારનું પાપ એને ભાવિકાળમાં શું આપશે ?

સભા : દુખ.

ત્યારે તમે આ બાબતમાં નક્કી છો ને કે, પાપ

દુઃખ ને જ જન્માવે, અને સુખ જોઈતું હોય તો આરાધના કરવી જોઈએ ? અને હું માનું છું કે, તમે સુખના અર્થી છો એટલે આરાધના માટે સારો એવો સમય આપી રહ્યા છો !

તો પેલો શ્રીમંત અત્યારે ભોગવટો પુણ્યનો કરે છે, પણ બંધ પાપનો કરી રહ્યો છે. બીજો પેલો શ્રાવક અત્યારે ભૂતકાળના પાપના ઉદયે આર્થિક તકલીફ ભોગવી રહ્યો છે, પણ બંધ શેનો કરે છે ? પુણ્યનો બંધ કરે છે. માટે ભાવિમાં એનો ધર્મ એને સુખી બનાવશે.

### આરાધકની વિચારણા

'સુખી બનાવશે,' એ શબ્દોનો મર્મ સમજજો. એને ભાવિકાળમાં માત્ર બંગલા-મોટર જ મળશે એમ નહિ; આરાધનાનો ભાવ પણ એને મળશે. હા, જરૂર મળશે. કારણ કે બાહ્ય પ્રલોભનોથી પ્રેરાઈને જ એ આરાધના નથી કરી રહ્યો,

તો આ તરફ ખાસ ધ્યાન રાખવાનું છે. આરાધના કરતી વખતે આ આરાધના દ્વારા મારો સંસાર નષ્ટ થાય અને હું સિદ્ધિ ગતિમાં શાશ્વત સુખને પામું આ ભાવ જોઈશે જ, કારણકે આરાધક આરાધના દ્વારા મોક્ષને જ પામવા ઇચ્છે છે.

### ચક્રવર્તી રાજા ખુશ થયો તોય...!

આરાધના દ્વારા, ભગવાનની ભક્તિ દ્વારા સંસારના સુખ માગવાની ભૂલ હવે તમે નહિ કરવાના ને ? એક

ચક્રવર્તી રાજા એક બ્રાહ્મણ પર ખુશ થઈ ગયો : માગ, માગે, તે આપું ! બ્રાહ્મણે વિચાર કર્યો : શું માગવું ? એણે કહ્યું : ઉભા રહો. હું ઘેર જઈ મારી પત્નીને પૂછી આવું; કારણે કે નહિતર એ પાછી ઝઘડો કરે. ને રોજ કહે છે એમ કહી દે કે, તમારામાં તો જરાય અક્કલ નથી ! માટે મને ઘેર જઈ એને પૂછીને આવવા દો.

ઘરે ગયો. બ્રાહ્મણીને પૂછ્યું કે, ચક્રવર્તી રાજા ખુશ થયો છે. આપણે શું માગશું ? બૈરી ટૂંકી બુદ્ધિની હતી. એણીએ વિચાર્યું કે, જો બ્રાહ્મણ ભાઈના હાથમાં બહુ પૈસા આવશે તો વળી કદાચ મને કાઢી મૂકે ! એટલે એણે પતિને સમજાવ્યું : આપણને ખાવાનું દુખ મોટું છે. 'ચપટી' માગવા તમારે આખો દિવસ ફરવું પડે છે. તો રાજા પાસે માગો કે, તમારા રાજ્યમાં જેટલા નાગરીકો છે, તે દરેક નાગરીક — દરેક ઘરવાળો પોતાને ઘેર એક એક દિવસ અમને સહકુટુંબ જમાડે અને ઉપરથી દક્ષિણામાં એક સોના મહોર આપે. બસ, એથી વધુ આપણે શું જોઈએ ? ખાવાનું મઝાનું રોજ મળી જાય, ને પાછી રોજની સોનામહોરની કમાણી !

બ્રાહ્મણે તે પ્રમાણે માગ્યું, ને તેને તે પ્રમાણે મળી ગયું. પણ તમે આવું માગો ખરા ? ચક્રવર્તી જેવો ખુશ થયો, પછી તો નાનું એવું રાજ્ય જ ન માગી લેવાય ? બ્રાહ્મણ તો જાણે ચક્રવર્તી પાસે માગતાં ભૂલ્યો, તમે તો ભગવાન પાસે માગવામાં ભૂલતા નથી ને ?

જેમની કૃપા દ્વારા મોક્ષનું રાજ મળી શકે, તેમની પાસે સંસારની માગણી કરાય ?

**પુણિયા શ્રાવક જેવા થવું છે ?**

પુણ્યાનુબંધી પાપ અને પાપાનુબંધી પુણ્ય આ બેમાંથી તમારી પસંદગી કઈ તરફ ઉતરે છે, એ હું જાણવા માગતો હતો. ધર્મ ન હોય અને ઋદ્ધિની છનંછના હોય એવી સ્થિતિ તમને ગમે કે પૈસા વગેરે ઓછા હોય છતાં ધર્મ પર દૃઢ આસ્થા હોય એવી ભૂમિકા ગમે ?

પુણિયા શ્રાવકની વાત તો ઘણીવાર સાંભળી છે. એનો આન્તરિક વૈભવ તમારા હૈયામાં ઈર્ષા જગાડી જાય છે ? કેવું એકદમ ઓછા પાપવાળું જીવન ! એક વાત : કરોડપતિ બનવું એ સહેલું કે પુણિયા શ્રાવક જેવા બનવું સહેલું ? કરોડપતિ બનવું હોય તો પુણ્ય આદિ સામગ્રીનો સહકાર મેળવવો પડે. એટલે કે, કર્મરાજાની મહેરબાની જોઈએ ! જ્યારે પુણિયા શ્રાવકની ઋદ્ધિ જોઈતી હોય તો એ તમારા હાથની વાત છે.

સભા : સાહેબ, એય ઉદયમાં હોય તો થાય ને !

જુઓ, આ 'ઉદય' વાળા ! દીક્ષાની વાત કરીએ તોય કહેવાના : સાહેબ, ઉદયમાં હોય તો મળે ને ! ધર્મક્રિયાની વાત કરીએ તોય ઉદયની વાત લાવવાના. ઉદય નથી લાવતા એક પૈસા કમાવામાં ! સમ્મત છું કે, ધર્મની પ્રાપ્તિ પ્રબળ પુણ્યના સહકાર વગર નથી થતી; પણ હું પૂછું છું કે, એ માટે તમે પુરુષાર્થ કેટલો કર્યો ?

કોઈ માણસ પૈસા કમાવા માટે જરાય મહેનત ના કરે, એની ચિન્તાય ન કરે; અને કહે કે, મારા નસીબમાં ધન નથી; તો લોકો એની એ વાતને સ્વીકારી લેશે? સંબંધીઓ એને સમજાવશે : ભાઈ! તું કાંઈ નોકરી-ધંધો તો કર! બેઠા બેઠા થોડી લક્ષ્મી મળી જવાની હતી?

એમ તમે પુણિયા શ્રાવક જેવા બનવા માટે કેટલી મહેનત કરી? તમારું પુણ્ય તો જોરદાર છે જ. નહિતર આ શાસન મળત નહિ. આ બધું મળ્યું છે એ બતાવે છે કે, તમારો પુણ્યોદય ચમકતો છે. બસ, જરૂર છે હવે તમારું લક્ષ્ય મોક્ષ ભણી નિશ્ચિત થાય એની.

એક વિચારવા જેવી વાત : પુણિયા શ્રાવક જેવા થવાની પણ જેની વિચારણા નથી, એ વ્યક્તિ 'પ્રભુ! મારે તારા જેવું થાવું છે!' બોલે ત્યારે એ શબ્દો વિચાર પૂર્વક બોલાયા હોય એવું લાગે છે? કે પછી કડી સુન્દર શબ્દોવાળી છે માટે એ ગાઈ રહ્યો હોય એવું લાગે છે?

તો લક્ષ્ય નિશ્ચિત કરવું પડશે. શાસ્ત્રોમાં કહ્યું છે કે, અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ, દેશ વિરતિ અને સર્વ વિરતિ એ ત્રણેનું લક્ષ્ય એક જ છે. ત્રણેનું ધ્યેય મોક્ષને પામવાનું છે.

**પૌષધનો આનંદ**

એક જ માર્ગ પર સફર કરી રહ્યા છે અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ, દેશ વિરતિ અને સર્વવિરતિ. ફરક છે, પણ એ ગતિમાં જ છે; નહિ કે દિશામાં! જેમ એક સાઈક-લિસ્ટ અને મોટરિસ્ટ બેઉ જતા હોય એક જ માર્ગ

પર, ત્યારે સાયકલવાળાની ગતિ ધીરી હોય છે, મોટર-વાળો ઝડપથી ચાલે છે; અને એથી મોટરવાળો ઝડપથી જવાના સ્થળે પહોંચી જશે, સાયકલવાળો એના પછી પહોંચશે. પણ પહોંચશે જરૂર.

તમારું લક્ષ્ય તો નક્કી છે ને? મોક્ષ મેળવવો જ આ વાત તો મનમાં પાકી થઈ ગઈ છે ને? પેલા સાઈ-કલિસ્ટની વાત ફરીથી લઈએ. એને ધૂન શેની હોય? જલ્દીમાં જલ્દી પોતાના લક્ષ્ય સ્થળે પહોંચવાની. અને એથી જેમ બને તેમ વધુ સમય એ સાયકલ ચલાવતો રહે.

એમ તમેય જેટલો સમય મળે એટલો વિરતિમાં પસાર કરો ને? રોજ એક–બે સામાયિક થતાં હોય, પણ રવિવાર કે રજાનો દિવસ આવે ત્યારે તો પૌષધ લઈને બેસી જાવ ને? શનિવાર સાંજથી આરાધકનું મોઢું પ્રફુલ્લ બની જાય. કોઈ પૂછે: કેમ આજ આટલા બધા આનંદમાં? તો કહી દે: કાલે પૌષધ કરવાનો છે, એટલે એક દિવસ માટે આ સંસારની ઉપાધિમાંથી છૂટાશે એ વિચારે આજે હું ખુશ ખુશ થઈ ગયો છું.

આવા આરાધકને બીજે દિવસે જ્યારે પૌષધ પારવો પડે ત્યારે કેવી ગ્લાનિ ઉભરાય અંતરમાં? એના હૈયામાં પારાવાર વેદના હોય: ચોવીસ કલાક વિરતિમાં કેવો આનંદ લૂંટયો! હવે પાછું સંસારમાં જવું પડશે?

ઘોડા ઘર આપણા...!

એક બારોટ બહુ સામાન્ય સ્થિતિનો. માંડ માંડ ગુજારો ચલાવે. ત્રણ સાંધે ત્યાં તેર તૂટે એવી એની જીંદગી. પણ વર્ષમાં બે-ત્રણ મહિના મઝા પડી જાય. જજમાનોને ત્યાં ફરવા જાય ત્યારે એ બે'ક મહિનામાં ખાવા-પીવાની મઝા આવે. રોજ શીરા–પૂરી ને લાડવાની ચક્કંચક્કા. થોડી દક્ષિણાય મળે, પણ એ એવી આછી પાતળી કે એના પર માંડ માંડ બીજા દશ મહિનાના રોટલા–દાણા નીકળે.

એ એના ટારડા ઘોડા પર સવાર થઈને નીકળી પડે જજમાનોમાં, ત્યારે એને શીરા–પૂરી મળે, ને ઘોડાને ચણા ને લીલી ચંદી મળે. પણ એ બે મહિના પૂરા થાય ને ઘર ભણી ઘોડું વાળવું પડે, ત્યારે બારોટનું હૈયું વેદનાથી ભરાઈ જાય : બસ, આ દિવસો ગયા !

દુખના વખતે માણસને કોઈનો સથવારો હૂંફ આપનારો બની રહેતો હોય છે. બારોટ આ દુખના ટાણે બીજો કોઈ સાથીદાર ન હોવાથી ઘોડાને ઉદ્દેશીને થોડી વાતો કરી મનને હળવું બનાવે છે. ઘોડો ભલે ને ન સમજે, પણ બારોટનું મન તો હળવું થાય ને ! એ કહે છે : ઘોડા ! હવે આપણું ઘર આવ્યું. હવે મારા શીરા–પૂરી ગયા, ને તારા ચણા ગયા ! તને લાકડા જેવું સૂકકું ઘાસ મળશે અને મારે હવે ચોળા ખાવા પડશે. 'ઘોડા, ઘર આપણા, મને ચોળા ને તને લાકડા !'

આવી જ વિચારણા પૌષધ પારીને ઘરે જતાં શ્રાંવકની હોય: વિરતિના સ્વાદને મૂકીને અવિરતિમાં જવું પડશે હવે ?

શાસ્ત્રકારોએ તમારી સામાયિક કરતી વખતની ભૂમિકાને સાધુની ભૂમિકા જોડે સરખાવી. મુનિને જે દિવ્ય આનંદ સંયમ દ્વારા પ્રાપ્ત થાય છે તેની સહેજ અનુ-ભૂતિ – તે દિવ્ય રસની ચખણી સામાયિકમાં થવી જોઈએ. સમણો ઈવ સાવઓ !' આ વાકય જ શ્રાવકના રોમાંચ ખડા કરી દે. પણ એ વાકય વિષે મનન થયું છે ?

## અપેક્ષા ને ઉપેક્ષા

ચિન્તન – મનન વગર ધ્યેય ભણીની યાત્રા શી રીતે વેગીલી બનશે ? ઊંડું ચિન્તન જોઈશે. સાચી પૂર્ણતાની ટૂંકી વ્યાખ્યા વિષે આપણે વિચારી રહ્યા હતા. પૂર્યન્તે યેન કૃપણા – સ્તદુપેક્ષૈવ પૂર્ણતા.' બાહ્ય પદાર્થોની ઉપેક્ષા જ પૂર્ણતાની જનની છે. બાહ્ય પદાર્થોની અપેક્ષા અપૂર્ણતાને જન્માવે છે. ઉપેક્ષા પૂર્ણતા પ્રાપ્ત કરાવે છે.

દુન્યવી જીવો મોટર, બંગલા, રાચ – રચીલું ઇત્યાદિ બાહ્ય પદાર્થો વડે સુખી બનવાની અપેક્ષા રાખે છે. પણ જ્ઞાની સમજે છે કે, અપેક્ષા નહિ પણ એ પદાર્થો પ્રત્યેની ઉપેક્ષા જ સુખી બનાવી શકે, પૂર્ણતાની પગથારે પહોંચાડી શકે.

ત્યાગો અપેક્ષા. મેળવો ઉપેક્ષા.

[ ૯ ]

# અપુર્ણ
# બરાબર પૂર્ણ!

अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ।
पूर्णानन्दस्वभावोऽयं, जगदद्भूतदायकः ।।

બાહ્ય પદાર્થોથી જેટલા અંશે ખાલી થવાય તેટલા અંશે આન્તરિક – વાસ્તવિક પૂર્ણતા મળતી જાય. અને આન્તરિક દિવ્ય આનંદ વડે જેમ પૂર્ણ થતા જવાય, તેમ બહારના પદાર્થો પરની ઉપેક્ષા વધતી જાય. પદાર્થોની ભરમાર 'મીનીંગલેસ' – અર્થહીન લાગી રહે.

'અપૂર્ણ: પૂર્ણતામેતિ, પૂર્યમાણુસ્તુ હીયતે.' બહુ નાનકડું છતાં માર્મિક, અંતરને વલોવી નાખે – હચમચાવી નાખે એવું વાક્ય એ છે. એને એથીય વધુ સંક્ષિપ્ત સ્વરૂપે અને સૂત્રાત્મક રીતે મૂકવું હોય તો આમ મૂકી શકાય :

અપૂર્ણ = પૂર્ણ,
પૂર્ણ = અપૂર્ણ.

અલબત્ત, સૂત્ર નાનકડું છે, અને એથી સરળ છે; પણ એને જીવનમાં ઉતારવું થોડું અઘરું છે. આપણે સૂત્રના પૂર્વાર્ધની વાત કરી રહ્યા છીએ. અપૂર્ણ બરોબર પૂર્ણ. પણ ભૌતિક પદાર્થો ઘટતા જાય, ઓછા થતા જાય એ સ્થિતિ તરફ તમે પ્રયાણ જ ક્યાં કરો છો ?

એકવાર અનુભવ તો કરી જુઓ. પછી તમને જ થશે કે પદાર્થોથી નિરાળા થવામાં – અલગ બનવામાં કેવી મઝા છે ! પર સાથેનો અલગાવ એટલે નિજ સાથેનો લગાવ. દૂરત્વ પર સાથેનું, સામીપ્ય નિજનું !

## નમિ રાજાની વિચારણા

નમિ રાજાને એક વાર શરીરમાં દાહ પેદા થયો. એવી બળતરા ઉઠી કે, શરીરમાં લાય લાગી હોય તેમ એક ક્ષણ ચેન ન પડે. આમથી તેમ પડખાં ફેરવે, તેમથી આમ આળોટે. રાજવૈદ્યો ભેગા થયા. ચન્દનનો લેપ શરીરે કરાવવાનો નિર્ણય કર્યો.

દાસ – દાસીઓની તો ફોજ હતી; પણ રાણીઓ પોતાના સ્વામીને અંગે વિલેપન કરવાનું ચન્દન પોતાના હાથે ઘસવા આતુર બની. અને ઓરસિયાઓ લઈને ઘસવા માંડી !

જરા વિચારો : નોકર – ચાકરનો કોઈ તોટો નથી. પણ સ્વામીની ભક્તિ માટે રાણીઓ હાથે ચન્દન ઘસે છે. ને ત્રણ લોકના સ્વામીની પૂજા માટે તમારે જે કેસર – સુખડ જોઈએ, તે ઘસવા સારું તમારે ગોઠી રાખવો પડે છે!

રાણીઓ ઘસી રહી છે ત્યારે હાથમાં પહેરેલાં કંકણોનો એક સામટો અવાજ રાજાના કાનમાં પડે છે અને એની પીડામાં ઉમેરો થાય છે. એ બૂમ પાડે છે : અવાજ બંધ કરો ! તરત જ મંત્રીઓ રાણીઓ પાસે જાય છે, ને સૌભાગ્યનું સૂચક એક એક કંકણ રખાવી બીજા ઉતારાવી લે છે, અને ત્યારબાદ ચંદન ઘસવા દે છે.

અવાજ ઓછો થતાં રાજાને રાહત થાય છે. એ પુછે છે : અવાજ શી રીતે બંધ થયો ? મંત્રી કહે છે : મહારાજ ! રાણીઓ કંકણ પહેરીને ચન્દન ઘસતાં હતાં, એથી અવાજ થતો'તો. એ કંકણ ઓછા કરાવી નાખ્યા એટલે અવાજ બિલકુલ ઓછો થયો અને પરિણામે આપને રાહત મળી. મંત્રીનું આ વાક્ય રાજાને ઊંડા વિચાર ભણી દોરી ગયું.

## એવાં સામાયિક કેટલાં થયાં......?

માંદગીના બિછાના પર પડેલી અને વેદનાથી આકુળ – વ્યાકુળ થતી વ્યક્તિ ઊંડા આધ્યાત્મિક વિચારો કરી શકે આ વાત જ તમને કદાચ નવાઈ ભરી લાગશે. કારણ કે સામાયિક વગેરેમાં ખાસ ધ્યાન માટે – શુભ ભાવ માટે બેસો છો, છતાં એ ધ્યાનમાં તલ્લીન બનવાનું તમને બહુ અઘરું લાગે છે ને ?

એવાં સામાયિક કેટલાં થયાં, જે સામાયિકોના અંતે તમે હર્ષભર્યા મોઢે કહો કે, આ સામાયિકમાં તો એવો આનંદ આવ્યો કે, સમય, કાળ, સ્થળ બધાંને હું

ભૂલી ગયો ! એવો આધ્યાત્મિક વિચારોમાં હું લીન બની ગયો કે, બે ઘડી શી રીતે વીતી ગઈ તેનો ખ્યાલ જ ન રહ્યો !

બોલો, આવાં સામાયિક કેટલાં થયાં ?

હા, બીજી જાતનાં તમારા સામયિકોનો તો મને ખ્યાલ છે જ કે, જેમાં એક સામાયિકમાં તમે દશ વાર ઘડિયાળ ભણી તાકો ! પહેલાંના સમયમાં ઘડીઓ હતી, ત્યારે લોકો ઘડી સામે જોતાં અને ઘડીને હલાવતા–ઠમઠોળતા; આજે ઘડીને બદલે ઘડિયાળ સામે જોવાનું થાય છે ! સાધન બદલાણા, આરાધકનું મન કદાચ નથી બદલાણું.

તો આપણે પરિવર્તન આણવું છે મનમાં. આરાધનાનો ભાવ ઉરમાં જગાડવો છે. આપણે મહાપુણ્યશાળી છીએ કે, અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોએ મોક્ષમાર્ગના સાધનરૂપ દર્શાવેલી આરાધનાઓ, સાધના પદ્ધત્તિઓ સમયનાં આટલાં બધાં વહેણ વહી જવા છતાં આપણા સુધી એમનાં મૂળ સ્વરૂપે આવી પહોંચી છે.

પુણ્યના યોગે મળેલ આ આરાધનાને એવી રીતે આરાધવી છે કે, વહેલામાં વહેલી તકે મોક્ષસુખના ભાગી બનાય. એ માટે હું તમને એ પૂછતો હતો કે, તમારી આરાધનામાં તમને કેવો આનંદ આવે છે ? સામાયિકમાં સમય સ્વાધ્યાયમાં એવો પસાર થઈ જાય કે અડતાલીસ મિનિટ ક્યારે પૂરી થઈ એનો ખ્યાલ પણ ન રહે.

## કાલીદાસ અને ભવભૂતિ

મહાકવિ કાલીદાસ અને ભવભૂતિ બેઉ એક વાર ચોપાટ ખેલવામાં એવા મશગુલ બની ગયા કે, સમી સાંજના શરૂ થયેલી એમની બાજી વહેલે મળસ્કે પૂરી થઈ. પ્રભાતના આગમનને વધાવવા આવેલી ઉષાના ભર-ભાંખળા અજવાળાને જોતાં જ ભવભૂતિ બોલી ઊઠયા : વાહ ! મિત્ર, આપણે ચોપાટમાં ઠીક રાતને પસાર કરી નાખી હોં ! કાલીદાસે તરત જ 'પસાર કરવાની' વાતનો વિરોધ કરતાં કહ્યું : ના, આપણે રાતને પસાર કરી નથી, રમતના રસમાં રાત વહી ગઈ છે. આપણે રાતને પસાર નથી કરી. રાત પસાર થઈ ગઈ છે.

સામાયિકમાં પણ સમયને પસાર કરવો પડે એવું ન થવું જોઈએ. એ પસાર થઈ જવો જોઈએ, અને એ રીતે કે આપણને એના પસાર થવાની ખબર પણ ન પડે ! તો સામાયિક ધ્યાન માટે છે. આધ્યાત્મિક વિચા-રણા માટે છે.

## જ્યાં ઓછારા ત્યાં સુખ !

નમિરાજાને મંત્રીએ કહ્યું કે, મહારાજ ! રાણીઓએ કંકણ ઓછાં કર્યાં, માટે અવાજ ઓછો થયો છે. પણ આ વાત પર નમિરાજ વિચારણામાં ચડે છે : જ્યાં ઓછાશ ત્યાં સુખ. કેવું સરસ સૂત્ર છે ! 'જ્યાં ઓછાશ ત્યાં સુખ' ! એથી વિરુદ્ધ બાજુનું સૂત્ર તમે શોધી કાઢો : જ્યાં પદાર્થોની ભરમાર, ત્યાં દુખ ! આપણી મૂળ વાત

આવી ગઈ : ‘ અપૂર્ણઃ પૂર્ણતામેતિ, પૂર્યમાણસ્તુ હીયતે.’

નમિરાજા ‘જ્યાં ઓછાશ ત્યાં સુખ’ના સૂત્ર પર ઊંડી વિચારણા કરવા લાગ્યા. અને આ બધા બાહ્ય પદાર્થોની વળગણમાંથી મુક્ત થવાનો નિર્ણય એમણે માંદગીની પથારી પર લઈ લીધો ! અને ત્યાગના પંથ ભણી, શારીરિક સ્વસ્થતા થયે, પ્રયાણ આરંભી પણ દીધું !

### સાધુના ને શ્રાવકના વિચાર એક સરખા !

નમિરાજાની આ વિચારણા તમને સહેજે હચમચાવી નાખે છે ખરી ? નમિરાજાનું સૂત્ર હતું : જ્યાં ઓછાશ ત્યાં સુખ. તમારું સૂત્ર શું છે ? એથી ઊલટું તો નથી ને ?

સભા : એવું જ છે, સાહેબ !

ન ચાલે એવું. શાસ્ત્રોએ કહ્યું છે કે, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર (શ્રાવક) અને સર્વવિરતિધર (સાધુ) ત્રણેનું લક્ષ્ય એક જ છે. ત્રણે મોક્ષને પામવા માટે કટિબદ્ધ બન્યા છે. એટલે, શ્રાવક અને સાધુના આચારમાં જ ફરક છે; વિચારમાં નહિ ! અમારા વિચાર જેવા જ તમારા વિચાર હોવા જોઈએ. અમારા ને તમારા વિચારોમાં ફરક હોય તો ચાલે નહિ. ચાલી શકે નહિ. અમને ત્યાગમાં સુખ લાગે. તમને પણ એમાં જ લાગવું જોઈએ. નમિરાજાનું જે સૂત્ર હતું, એ સૂત્ર તમારું બની જવું જોઈએ.

પૂર્વધર મહર્ષિ ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે,

રાજેશ્વરને કે દેવેન્દ્રને પણ જ સુખ નથી, તે મુનિને છે. 'નૈવાસ્તિ રાજરાજસ્ય, તત્સુખં નૈવ દેવરાજસ્ય; યત્સુખમિહૈવ સાધો–લોકવ્યાપારરહિતસ્ય.' દેવેન્દ્રથીય ચઢિયાતું સુખ છે મુનિનું. મુનિના ત્યાગની ખાલી યાદ આવે તોય હૈયામાં સુખની અનુભૂતિ થવા લાગે.

યાત્રા કે મુસાફરીમાં તમે ગયા હો અને ક્યાંક સૂવાની સગવડ ન મળે, પથારી પાતળી કે ખરબચડી હોય; ત્યારે ઊંઘ આવે કે ન આવે ? મઝા ન આવે ને ? જરા વિચારો : ઊંઘની મઝાને હરનાર કોણ છે ? તમને નવાઈ લાગશે, પણ એ હકીકત છે કે, તમારા શયનખંડમાંની પેલી પોચી પોચી પથારીની યાદ તમને સુખેથી સૂવા દેતી નથી. જો એ વખતે મુનિનો સંથારો યાદ આવી જાય તો પેલી પથારી મઝાની બની રહે.

### મેઘકુમાર મુનિની નીંદ કોણે હરી'તી ?

મેઘકુમારે પ્રભુ મહાવીર પાસે દીક્ષા લીધી. આખો દિવસ સાધુક્રિયામાં પસાર થઈ ગયો. રાત્રે, તેઓ નવા દીક્ષિત હોઈને છેક છેલ્લે એમના ક્રમ પ્રમાણે તેમનો સંથારો આવ્યો. તેઓ સૂતા તો ખરા. પણ વારંવાર ત્યાં થઈને પસાર થતાં મુનિવરોના ચરણની ધૂળથી એમનો સંથારો ભરાઇ ગયો.

એ વખતે એમને એમનો ગઈ કાલનો શયનખંડ યાદ આવ્યો. અને કુદરતી રીતે જ આ સંથારા જોડે

તેઓ એની તુલના કરવા લાગ્યા : ક્યાં એ ભવ્ય, વિશાળ પલંગ પર બિછાવાયેલી પથારી. અને ક્યાં આ સંથારો ?

કોણે ઊંઘ હરી લીધી ? સંથારાએ ? ના, પથારીની યાદે એ કામ કર્યું હતું. અને એથી જ પ્રભુના મુખે હાથીના ભવની વાત સાંભળતાં જ તેઓ પ્રતિબુદ્ધ બની ગયા હતા. પલંગની યાદનો છેદ ઉડાડ્યો પૂર્વજન્મની યાદે.

**દેવને દુખ બહુ જાતિનું એ...**

આ રીતે તમારા જીવનને, દુખમય બની જતું અટકાવવા મુનિવરના જીવનને આંખ સામે રાખો ! મુનિવરના જીવનમાં ત્યાગ દ્વારા સુખ આવેલું છે, અને એ જ સાચું સુખ છે. 'અપૂર્ણઃ પૂર્ણતામેતિ.' જે પર પદાર્થો સાથે અલગાવ સાધે, એ જ સાચી પૂર્ણતા મેળવી શકે.

'દેવોના સ્વામી ઇન્દ્રો પાસેય તે સુખ નથી કે જે મુનિ પાસે છે,' આ વાક્યનો મર્મ અહીં સમજાય છે. મુનિનું સુખ પર પદાર્થો જોડેના અલગાવ – અલગતાથી આવેલ છે. દેવોનું સુખ પર પદાર્થોના એકદંડિયા મહેલ પર ઊભું હોય છે. કર્મનો ઝપાટો વાગતાં જ એ મહેલ પડું પડું થતોક ને પડી જાય છે અને આ દેવો બિચારા બની જાય છે !

પૂજ્ય વીર વિજય મહારાજા 'પંચકલ્યાણકની પૂજા' માં કહે છે : યોગશાસ્ત્રે મતા, માસ ષટ થાકતાં, દેવને દુખ બહુ જાતિનું એ.' પોતાનું આયુષ્ય છ મહિના બાકી રહ્યું છે આવું ફૂલમાળા કરમાવા વગેરેથી કળાવા લાગે

ત્યારે દેવો પણ લમણે હાથ દઈ ઉદાસીનતાને પ્રગટ કરે : ઓહ ! આ બધું હવે મારું નહિ રહે ?

'પર પદાર્થ' દ્વારા સુખની કલ્પના કરી એટલે દુખ આવ્યું જ સમજો. જ્ઞાનસારનો આ સૂત્રાત્મક ઉપદેશ હૈયામાં કોરી રાખો : અપૂર્ણ બરાબર પૂર્ણ; પૂર્ણ બરાબર અપૂર્ણ !

ભૌતિક રીતનો ખાલીપો એટલે વાસ્તવિક પૂર્ણતા, ને બાહ્ય પદાર્થોની ભરમાર એટલે વાસ્તવિક અપૂર્ણતા.

[૧૦]

# પૂર્ણતા ક્યાં છૂપાયેલી છે?

परस्वत्वकृतोन्माथा, भूनाथा न्यूनतेक्षिणः ।
स्वस्वत्वसुखपूर्णस्य, न्यूनता न हरेरपि ॥

પર પદાર્થોના સંગ્રહ દ્વારા પૂર્ણ થવાની જેમણે કલ્પના કરી છે, તે બધા જ એ રીતે પૂર્ણ થવામાં નાસીપાસ થયા છે. દેખીતી રીતે જ, જે વસ્તુ જ્યાં નથી ત્યાં એને શોધવાનો પ્રયાસ નિષ્ફળ જ રહે ને!

રેતીના કણોને પીલવાથી તેલ ન નીકળી શકે તેમ પર પદાર્થોના સંચયથી પૂર્ણ ન બની શકાય. સુખી ન બની શકાય. પૂર્ણતા ક્યાં છૂપાયેલી છે? નિજમાં કે પરમાં? આ પ્રશ્ન મેં તમને ઘણી વાર પૂછ્યો છે અને હજુ હું પૂછવાનો છું. કારણ કે આ પ્રશ્નનો ગોખી નાખેલો ઉત્તર તમે બોલી જાવ એ મને પસંદ નથી. તમારા હૃદયને સ્પર્શીને નીકળેલો જવાબ મારે જોઈએ. અને એ માટે જ એક ને એક વાતને જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં

અહીં ચર્ચવામાં આવે છે. અને એ ચર્ચા – વિચારણા માટે આપણને સુંદરતર ગ્રન્થ મળી ગયો છે જ્ઞાનસાર.

અહીં ગ્રન્થકાર કહે છે : 'પરસ્વત્વકૃતોન્માથા, ભૂનાથા ન્યૂનતેક્ષિણઃ ' બાહ્ય પદાર્થોમાં જેમણે જેમણે સ્વત્વ કલ્પ્યું, પરમાં પોતાપણાની કલ્પના જેઓએ કરી તે બધા જ અપૂર્ણ રહ્યા છે. એમને ડગલે ને પગલે અધૂરાશ જ ભાસે છે. અહીં આટલું અધૂરું છે ને તહીં તેટલું અધૂરું છે; બધે અપૂર્ણતા જ દેખાય છે એમને.

લાડી, વાડી ને ગાડી દ્વારા પોતાને સુખી અને પૂર્ણ માનનારો પણ પડોશીનો બંગલો પોતાના કરતાં વધુ સારો થયેલો જુએ ત્યારે અધૂરાશની ફીલીંગ – અનુભૂતિ સંવેદે જ છે. મનુષ્યની ક્યાં વાત કરો છો, દેવે આમાંથી ક્યાં બકાત છે ?

## ચમરેન્દ્રની ઈર્ષા !

ચમરેન્દ્ર અસુરનિકાયમાં ઇન્દ્રરૂપે ઉત્પન્ન થયેલ. ઈન્દ્રો તેમના આચાર મુજબ, ઉત્પન્ન થયા પછી, સ્નાન, વસ્ત્ર-પરિવર્તન કરી જ્ઞાનશાળામાં જાય છે. ત્યાં સમ્યક્ શ્રુત વાંચે. જે વાંચતાં મિથ્યાત્વનો કોઇ અંશ રહી ગયો હોય તો તે નીકળી જાય.

પણ ચમરેન્દ્રની વાતમાં જૂદું બન્યું. ઉત્પન્ન થતા-વેંત જ્યારે પોતાના અવધિજ્ઞાન વડે સૌધર્મ દેવલોકના ઇન્દ્રને પોતાના ઉપર બેઠેલ જોયા કે તરત એમનો પિત્તો ઉછળ્યો : મારા ઉપર આ કોણ બેઠેલ છે ? ચાલ, હું

જાઉં અને એને પરાસ્ત કરું. મારા માથે મારાથીય ચઢિયાતી સમૃદ્ધિવાળો છે આ કોણ ?

મંત્રી દેવો વિનવે છે : આપ સ્નાન કરો, વસ્ત્ર પરિવર્તન કરો અને પછી જ્ઞાનશાળામાં પધારો. ત્યારબાદ બધી વાત. દેવો માને છે કે, એક વાર ઇન્દ્ર મહારાજા જ્ઞાનશાળામાં પધારે અને એમનું મિથ્યાત્વ વિશીર્ણ થાય પછી તેઓ ઉપર જવાની કલ્પનાય કરવાના નથી !

બીજાની ઋદ્ધિ જોઈ અકળામણ થાય એ કોનો પ્રભાવ ? મિથ્યાત્વનો. સૌધર્મેન્દ્રના ઉપર ત્રીજા, ચોથા વગેરે દેવલોકના ઇન્દ્રો છે જ, પણ કદી સૌધર્મેન્દ્રને પેલા ઇન્દ્રોની ઋદ્ધિ ખૂંચતી નથી. કારણ કે એ સમકિતી છે. સમ્યક્ત્વવાળો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ એ નવે તત્ત્વોને માને છે. 'તમેવ સચ્ચં, જં જિણેહિં ભાસિયં.' તે જ સાચું કે જે તીર્થંકર પરમાત્માઓએ પ્રરુપ્યું છે.

**નવતત્ત્વોને જાણવા એટલે શું ?**

તો સમકિતી નવ તત્ત્વોમાં પુણ્યનેય માને છે. શ્રદ્ધાપૂર્વક માને છે. 'જીવાઇ નવ પયત્થે, જો જાણઈ તસ્સ હોઈ સમ્મત્તં.' નવતત્ત્વ પ્રકરણના રચયિતા મહર્ષિના આ શબ્દો છે : જીવાદિ નવ પદાર્થોને જે જાણે તે સમકિતી....પણ જાણવું એટલે શું ? જીવ તત્ત્વના પાંચસો ને ત્રેસઠ ભેદોને કડકડાટ બોલી જાય કોઇ તો એણે જીવતત્ત્વને સંપૂર્ણતયા જાણી લીધું કહેવાશે ? ના, આવું જ્ઞાન તો

અભવીના આત્માને પણ હોય, છટાદાર રીતે જીવતત્ત્વ પર પ્રવચનોય એ આપી શકે. અહીં જીવતત્ત્વના જ્ઞાનનો સંબંધ જયણા–યતના સુધી પહોંચાડવો છે.

**તમારા ઘરમાં હવે પૂંજણી દેખાય છે ?**

તમારા ઘરમાં પૂંજણી દેખાય એમ છે હવે ? પહેલાંની શ્રાવિકાઓ જયણાનો બહુ ખ્યાલ રાખનારી હતી.

બધું કામ જયણાપૂર્વક થતું. એ પૂંજણીય ભગવાનના શાસનનું નાનકડું પ્રતીક બની રહે. ચૂલો અને લાકડાં બેઉ જોઈ તપાસીને પછી જ રસોઈ કરનારી શ્રાવિકાઓનો વંશવેલો હજુ ચાલુ છે ને ? આજે કદાચ પૂંજણી ગઇ છે, કારણકે જયણા વીસરાઈ ગઈ છે !

પોસાતી પૌષધમાં એકાસણું કરવા ઘેર જાય ત્યારે કયો શબ્દ ઉચ્ચારે ? 'જયણા મંગળ.' કેવો સુંદર શબ્દ છે ? જયણા મંગળ. જયણા વડે મંગળ. મંગળ શેનાથી થાય ? જયણા વડે થાય.

આપણે સમકિતી આત્માની વાત કરતા હતા. સમકિતી પુણ્યને પણ માને. પણ માનવું એટલે શું ? જાણવું એટલે શું ? માત્ર પુણ્યની બેંતાલીસ પ્રકૃતિઓ ફટાફટ બોલી જવી એટલું જ પર્યાપ્ત નથી. એ માને છે કે, બીજી વ્યક્તિ સુખી છે એ એના પુણ્યથી છે. માટે એ ઇર્ષા ન કરે. પુણ્ય તત્ત્વની જાણકારી આ રીતે ઈર્ષામાંથી સમકિતીને બચાવે છે.

ચમરેન્દ્રે મંત્રી દેવોની સલાહ ધરાર ન માની. ન

કર્યું સ્નાન, ન કર્યું વસ્ત્ર પરિવર્તન, ન ગયા જ્ઞાનશાળામાં. સીધા જ સૌધર્મેન્દ્રને પરાસ્ત કરવા દોડચા. તિર્છાલોકમાં એ વખતે પ્રભુ મહાવીર છદ્મસ્થ અવસ્થામાં વિચરી રહ્યા હતા. ભગવાનને વાંદી, તેમનું શરણું સ્વીકારી તે સૌધર્મ દેવલોક ભણી ઊડચા.

પહોંચ્યાં તો ખરા ત્યાં. સુધર્મા સભા સુધી પહોંચ્યા. જ્યાં ઇન્દ્ર સિંહાસન પર બેસી નાચ-ગાન જોઈ રહ્યા છે. સૌધર્મેન્દ્રનો પ્રભાવ જોતાં જ એમને પરાસ્ત કરવાની વાત તો ચમરેન્દ્રના મનમાંથી નીકળી ગઈ. પણ બીજી વાતનો જ વિચાર આવ્યો : હેમખેમ સ્વસ્થાન પહોંચી જવાય તોય ઘણું ! ત્યાં જ સૌધર્મેન્દ્રે પોતાનું વજ્ર ચમરેન્દ્ર ભણી ફેંક્યું. દેદીપ્યમાન એવા તે વજ્રને જોઈને ભયભીત થયેલ ચમરેન્દ્ર નાઠા. સીધા જ પ્રભુ વીર પાસે આવ્યા અને સૂક્ષ્મ રૂપ ધારણ કરીને પ્રભુના ચરણ નીચે પેઠા. સૌધર્મેન્દ્રે અવધિજ્ઞાન વડે આ જોયું અને તરત જ વજ્ર પાછું ખેંચી લીધું. ચમરેન્દ્રની નજર અન્યની ઋદ્ધિ પર પહોંચી અને તે અશાન્ત બની ગયા. એથી જ ગ્રન્થકાર કહે છે કે, 'પરમાં સ્વત્વ જો કલ્પ્યું, અધૂરો ચક્રવર્તીયે !'

### સુભૂમ ચક્રીનો અસંતોષ !

સુભૂમ ચક્રવર્તી રાજા હતો. છ ખંડનો સ્વામી. અખૂટ ઐશ્વર્યનો માલિક. પણ એને હજુ ઘણી અપૂર્ણતા લાગતી હતી. એણે વિચાર્યું : છ ખંડના સ્વામી તો

દરેક ચક્રવર્તી હોય જ છે; હુંય જો આ છ ખંડને પામીને સંતુષ્ટ બની રહું તો મેં આમાં શી નવાઈ કરી? મારે બાર ખંડોને જીતવા જોઈએ.

જો કે, એની ઈચ્છા અધૂરી જ રહી; તમે જાણો છો તેમ, એ દરિયામાં ડૂબી મૂઓ. પણ આવો અસંતોષી માણસ બાર ખંડના માલિકીપણાથીય સંતુષ્ટ થઈ શકે? 'સુવણ્ણ રૂપ્પસ્સ ઉ પવ્વયા ભવે....' સોના ને રૂપાના પહાડ હોય તોય અસંતોષી માણસને પૂછશો તો એ આમ જ કહેવાનો : હજુ થોડું બાકી છે! એનું એ 'થોડું' એટલે કેટલું એની કદાચ તમે કલ્પનાય ન કરી શકો.

તો પૂર્ણતા ક્યાં છૂપાયેલી છે? પૂર્ણતા નિજમાં જ છૂપાયેલી છે. નિજના ગુણોના ઉઘાડથી જે પૂર્ણતા આવે છે, તે જ સાચી પૂર્ણતા છે. અને આવી પૂર્ણતાને હાથવગી કરનાર ઈન્દ્ર કરતાંય અદકો સુખી છે. 'સ્વસ્વત્વસુખપૂર્ણસ્ય, ન્યૂનતા ન હરેરપિ.' પર પદાર્થો દ્વારા પૂર્ણતાની કલ્પના કરનારો કદીય સુખી થઈ શકનાર નથી; જ્યારે પોતાના ગુણોના પ્રકટીકરણ દ્વારા પૂર્ણતા મેળવવાના પથ પર જે ઉભેલો છે તે રાજાઓનોય રાજા છે! મુનિવરને 'મહારાજા' કહેવામાં આવે છે ને!

### બાદશાહ ને સંન્યાસી

એક બાદશાહ એક સંન્યાસી પાસે ગયો. નિજાનંદની મસ્તીમાં ડૂબેલા સંન્યાસીને બાદશાહ કહે છે : હું આપની શી સેવા કરું? એનો કહેવાનો ભાવ એ હતો કે, હું

આપને શું આપું ? બિચારો ! ખરા સમ્રાટને આ ખોટો સમ્રાટ કહે છે : માગો, માગો !

સંન્યાસી બાદશાહને કહે : સહેજ બાજુએ ખસ. આ સૂરજનો તડકો આવતો'તો, તેને તું રોકી રહ્યો છે. હુંફાળા તડકાને આવવા દે ! બાદશાહ તો છક જ થઈ ગયો.

કોણ કોને આપે ? સંન્યાસી પાસે બાદશાહને આપી શકાય એવું ઘણું હતું : શાન્તિ, પ્રસન્નતા, આનંદ. પણ બાદશાહ સંન્યાસીને શું આપી શકે ? બાદશાહ પાસે એવું કંઈ નથી, જેની સંન્યાસીને અપેક્ષા હોય.

પહેલાંના શ્રાવકો પાસે દેવો આવતા ને કહેતા : માગ, માગ, માગે તે આપું ! ત્યારે એ ચુસ્ત શ્રાવકોનો શું જવાબ રહેતો ? તમારે ગોખી નાખવા જેવો છે એ. તેઓ કહેતા : મારે કંઈ ન જોઈએ. મારી તો પ્રભુ પાસે એક જ પ્રાર્થના હોય છે : મારો મોક્ષ જલ્દી થાવ. અને જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી 'ભવોભવ તુમ ચરણોની સેવા' પ્રાપ્ત થાવ. આ સિવાય બીજી કોઈ વસ્તુની મને ઈચ્છા નથી – અપેક્ષા નથી. પછી હું તમારી પાસે શું માગું ?

ભગવાનના ઉપાસકમાં હોય છે આવી ખુમારી. એ દેવો પાસે દોડતો ન જાય, દેવો એની પાસે આવે. 'દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો.'

પૂર્ણતાના ચિન્તન દ્વારા આવી ખુમારીને પામો. ને આધ્યાત્મિક વિકાસના પંથે આગળ ધપો !

[૧૧]

# અંધારિયામાંથી અજવાળિયામાં !

कृष्णे पक्षे परिक्षीणे, शुक्ले च समुदञ्चति ।
द्योतन्ते सकलाध्यक्षाः, पूर्णानन्दविधोः कलाः ॥

પૂર્ણ આનંદથી ભરેલો આત્મા પણ અત્યારે આવો દીન, હીન કેમ ? આનંદ, જ્ઞાન, એનો બધો છૂપાયેલો વૈભવ ક્યારે ઊંડા, અતાગ આતમ - સમંદરના તળિયેથી બહાર છલકાઈ આવે ? આ પ્રશ્નો પોતાની સ્વભાવદશાનું આછેરું જ્ઞાન પણ જેને થયું હોય તેને અચૂક ઊઠે.

ઉપાધ્યાયવર શ્રીમદ્ યશોવિજયજી મહારાજા કહે છે : 'કૃષ્ણે પક્ષે પરિક્ષીણે, શુકલે ચ સમુદંચતિ....' આધ્યાત્મિક કક્ષાએ જ્યારે અંધારિયું - કૃષ્ણ પક્ષ પૂર્ણ થાય અને અજવાળિયું - શુકલ પક્ષ પ્રારંભાય ત્યારે આત્માનો વિકાસ શરૂ થાય.

આધ્યાત્મિક વિકાસમાં બાધક બનતા સમયને કૃષ્ણ

પક્ષ અને એ વિકાસમાં સહાયક બનતા સમયને શુક્લ પક્ષ કહેવાય છે. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવોમાં, જે જીવનો સંસારમાં ફરવાનો કાળ ફક્ત એક પુદ્ગલ પરાવર્ત જેટલો બાકી રહે છે, તે જીવનો તે કાળ એ શુક્લ પક્ષ કહેવાય. એ સમયમાં જ જીવને આધ્યાત્મિક વિકાસની પ્રાપ્તિ થઈ શકે. એ પહેલાંના સમયમાં નહિ. એ પહેલાંનો બધો સમય કૃષ્ણ પક્ષ કહેવાય છે.

છેલ્લા પુદ્ગલ પરાવર્તન કાળને ધર્મયૌવનકાળનું બિરૂદ શાસ્ત્રોએ આપેલું છે. એ પહેલાંનો સમય તે ભવબાલકાળ.

**શેમાં મઝા આવે છે ?**

નાના બાળકને કહો કે, તારે પલાંઠી મારીને ગાદી પર બેસી રહેવાનું; તો એને એ કથન કડક સજા જેવું લાગશે. ધૂળમાં રમવાની જે મઝા આવી રહી હોય છે એને, એના મુકાબલામાં ગાદી પર બેસી રહેવું એ એને સજા જેવું જ લાગે ને !

પણ વર્ષો વીતતાં જ આ અભિગમ બદલાઈ જાય છે. નાનકડા બાળકમાંથી તરવરિયા તરુણમાં પલટાયેલા એ જ છોકરાને તમે ધૂળમાં રમવાનું કહો તો એને એ ગમશે ?

કેમ પરિવર્તન આવ્યું આ ? કોણે આ પરિવર્તન

આણ્યું ? બાળસુલભ અજ્ઞાનનું સ્થાન તરુણને છાજે તેવા જ્ઞાને લીધું, અને આ ચમત્કાર સર્જાણો.

પ્રસ્તુત સંદર્ભમાં આ વાત સમજવી છે. ભવબાલ-કાળમાં આત્માનો ઝોક ભોગો ભણી હોય છે. સંસાર એને મધમીઠો લાગે છે. સંસારનાં સુખ એને મીઠાં મીઠાં લાગે છે. આ છે આધ્યાત્મિક કક્ષાની બાલ્યાવસ્થા.

આ બાલ્યાવસ્થા યુવાવસ્થામાં ક્યારે ફેરવાય ? જ્યારે ભોગને બદલે યોગ ગમવા માંડે. સંસાર ખારો ઉસ જ્યારે લાગવા માંડે. કેવો લાગે છે સંસાર, તમને ? વ્યાખ્યાન વખતે ખારો – ખારો, ને પછી – સંસારમાં જાવ ત્યારે મીઠો – મીઠો, નહિ ? પોતે કઈ ભૂમિકા સુધી પહોંચી શક્યો છે એ જોવા માટે આંતર – નિરીક્ષણ કરવું જોઈશે.

### અંદરનો કાર્ડિયોગ્રામ

માર્ગાનુસારિતાના જે ગુણો દર્શાવ્યા છે શાસ્ત્રોમાં, સમકિતી આત્માનો જે ગુણવૈભવ બતાવવામાં આવ્યો છે ગ્રન્થોમાં, એ બધાં પર ચિન્તન કરવાનું. આ ચિન્તન બતાવશે કે તમે કઇ ભૂમિકા પર પહોંચી શક્યા છો.

હા, અંદરનો કાર્ડિયોગ્રામ કઢાવવાનો. સ્વસ્થ માનવના હૃદયાભિલેખ કરતાં પોતાના હૃદયના અભિ-લેખમાં કેટલો ફરક છે કે ક્યાં ગરબડ છે એ જેમ કાર્ડિયોગ્રામ દ્વારા દર્દી જાણે છે તેમ શુદ્ધ શ્રાવકનો ગુણવૈભવ કેવો હોય અને એની રહેણી – કરણી કેવી હોય

એ ગુરુમુખેથી કે શાસ્ત્રો દ્વારા જાણીને શ્રાવક પોતાનામાં ક્યાં ક્યાં ખામી છે એ જાણે. અને પછી પોતાની એ ભૂલો સુધારવા મથે.

અંદરના કાર્ડિયોગ્રામનો એ રીપોર્ટ તમારી નીંદ હરામ કરી દે એવો જ કદાચ હશે.

શ્રાવકની પાપભીરુતા કેવી હોય એનું વર્ણન સાંભળ્યાં પછી તમને ક્યાં પાપ કેવી રીતે ડંખ્યા એનો વિચાર આવવો જોઈએ.

પ્રતિક્રમણમાં તમે અઢારે પાપસ્થાનકોના કરવા—કરાવવા–અનુમોદવાને ખરાબ ગણાવી જાવ છો; પણ ધીમેથી અંતરાત્માને પૂછો કે, અઢારમાંથી કેટલા ખરાબ લાગ્યા છે?

સભા : સાહેબ, એકે નહિ !

પાપ એવા ખરાબ લાગેલા હોવા જોઈએ કે, એ કરવાં પડે ત્યારે તમારા હૈયામાં અત્યન્ત દુખ જાગ્યા વગર રહે નહિ. સમ્મદ્દિષ્ઠિ જીવો, જયવિ હુ પાવં સમાયરે કિંચિ; અપ્પોસિ હોઈ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઈ.' કેટલીવાર આ ગાથા બોલી ગયા તમે ? કેવું મઝાનું રહસ્ય ખોલવામાં આવ્યું છે 'વંદિત્તા સૂત્ર' ની એ ગાથામાં ?

અનિવાર્ય એવાં પાપ કરવા છતાં અને પાપ રૂપ કાજળની કોટડી જેવા સંસારમાં રહેવા છતાં ઓછામાં ઓછો પાપનો બંધ પડે આ વાત કંઈ જેવી તેવી છે?

કઈ રીતે આ શકય બને ? પાપોનો ડંખ લાગેલો હોય તો જ આ શકય બને. 'જેણ ન નિદ્ધંધસં કુણઈ.' અહીં જ બધું રહસ્ય સમાયેલું છે. શ્રાવક પાપકૃત્યો રાચીમાચીને, હરખાઈને, આનંદ પૂર્વક ન કરે. કરવાં જ પડે એમ હોય ત્યારે ખૂબ દર્દ સાથે એવાં કૃત્ય એ કરે.

તમારા જીવનમાં આ વાત આવી જાય તો કેટલાં બધાં પાપ ઓછાં થઇ જાય ? તો આ છે અંદરનો કાર્ડિયોગ્રામ કઢાવવાનું ફળ. આ છે ઊંડા ચિન્તનનું ફળ. ઊંડું ચિન્તન ભોગો પ્રત્યેના રાગને વિરાગમાં ફેરવી દે છે.

## જ્યારે આત્મા પરમાત્મા બને છે !

આધ્યાત્મિક વિકાસની પગથારે શી રીતે ચઢાય, કયારે ચઢાય એનો આપણે વિચાર કરી રહ્યા છીએ. શાસ્ત્રકાર કહે છે : કૃષ્ણ પક્ષ પુરો થાય અને શુકલ પક્ષ શરૂ થાય ત્યારે આ બાબત શકય બને. આપણે જોઈ ગયા કે, છેલ્લા પુદ્ગલ પરાવર્તને શુક્લ પક્ષ કહેવામાં આવ્યો છે. એક પુદ્ગલ પરાવર્તકાળ એય કાંઈ નાનો સૂનો કાળ નથી. દસ કોડા કોડી સાગરોપમ જેટલા સમયની એક અવસર્પિણી અને એટલા જ સમય ગાળાની એક ઉત્સર્પિણી તે એક કાળ-ચક્ર (વીસ કોડા કોડી સાગરોપમ). આવા અનંતા કાળ-ચક્રો પસાર થાય ત્યારે એક પુદ્ગલ પરાવર્ત થાય.

અલબત્ત, એક પુદ્ગલ પરાવર્ત આમ સમયના બહુ મોટા ફલકમાં પથરાયેલ હોવા છતાં અનંતા પુદ્ગલ

પરાવર્તના સમુદ્ર પાસે તો એ ખાબોચિયા જેવું જ છે!

આ છેલ્લા પુદ્ગલ પરવર્તના પ્રારંભમાં જ કાંઈ સમકિતની પ્રાપ્તિ થતી નથી. કંઈક ઉણું એવું અર્ધ પુદ્ગલ પરાવર્ત જ્યારે બાકી રહે છે ત્યારે સમકિતની પ્રાપ્તિ થાય છે. 'જેસિં અવડ્ઢ પુગ્ગલ—પરિયટ્ટો ચેવ સંસારો.' સ્થાનાંગ સૂત્ર આદિ ગ્રંથોમાં આ વિવક્ષાને પ્રધાનતા આપીને દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળને શુકલપક્ષ અને એ પહેલાંના સમયને કૃષ્ણ પક્ષ કહ્યો છે. કારણકે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગમાં અંતરાય રૂપ છે તે કૃષ્ણ પક્ષનો સમય.

'દ્યોતન્તે સકલાધ્યક્ષા : પૂર્ણાનન્દ વિધો : કલા :' આ શુકલ પક્ષમાં પુર્ણાનન્દી આત્મા રૂપ ચન્દ્રની કળા વિકસવા લાગે છે. ખીલવા લાગે છે. ચમકવા લાગે છે. અને એક વખત એવો આવે છે, જ્યારે આત્મા પોતાની સ્વભાવ દશામાં સંપૂર્ણ રૂપેણ સ્થિર થાય છે. આત્મા પરમાત્મા બને છે.

પુર્ણતાની પગદંડી ઉપરની યાત્રાની આછેરી ઝલક અહીં બતાવી છે. યાત્રા, જે આત્મત્વમાંથી પરમાત્મત્વ ભણીની છે. આપણું આવરાઇ ગયેલું પરમાત્મત્વ આપણે પ્રકટિત કરવાનું છે. એ માટે કટિબદ્ધ બની રહો! યાત્રાનાં કપરાં ચઢાણ 'કેડે હાથ દઈ ને' ચઢવા સારું સાબદા બનો!

[ ૧૨ ]

# મગ્નતા

प्रत्याहृत्येन्द्रियव्यूहं, समाधाय मनो निजम् ।
दधच्चिन्मात्रविश्रान्तिं, मग्न इत्यभिधीयते ॥

મગ્નતા એટલે ખોવાઈ જવું. એવું ખોવાઈ જવું જે આનંદમય હોય. અને દેખીતી રીતે જ, જ્ઞાન અને ધ્યાનમાં ઊંડે જવાથી જ આ નિરવધિ આનંદ આવી શકે. સંસારના ખારા સમંદરમાં ડૂબકી મારવાથી તો ખારાશ જ મળે ને! મીઠાશ ક્યાંથી સાંપડે ?

દધચ્ચિન્માત્ર વિશ્રાન્તિં, મગ્ન ઈત્યભિધીયતે.' જ્ઞાનના અતાગ સમુદ્રના ઊંડાણમાં જે પહોંચી ગયો છે, તે જ મગ્ન છે. પણ આ ઊંડાણ લગી પહોંચવું કઈ રીતે ? જ્ઞાન–સમુદ્રની અંદરની આપણી પહોંચ સરળ બને એ માટે ગ્રન્થકારે અહીં બે માર્ગ દર્શાવ્યા છે : પ્રત્યાહૃત્યેન્દ્રિયવ્યૂહં, સમાધાય મનો નિજમ.' ઇન્દ્રિયોના 'ઘેરાવ' માંથી જાતને પાછી વાળવી અને મનને સમાધિ-માર્ગમાં જોડવું.

આખરે, આપણને જ્ઞાનમાં મગ્ન ન થવા દેનાર કોણ છે? એ છે ઇન્દ્રિયોની આસક્તતા અને મનની ચંચળતા. કેવું ચંચળ છે માનવીનું મન? અહીંથી તહીં સરે, અને તહીંથી અહીં દોડે. આખી દુનિયાની જાણકારી જોઈએ ને તમારે? રેડિઓ ઓન કરવાનો, છાપાં ઉથલાવવાનાં ને ટી. વી. જોવાનો. ચંચળ મનની ચંચળતા વધે એવાં જ સાધનો એને આપ્યા છે ને? આગમાં ઘી જ હોમ્યા કર્યું છે ને?

મનની ચંચળતાને નાથવા માટેનો અમોઘ ઉપાય પૂજ્ય જ્ઞાનવિમળસૂરિ મહારાજાએ શ્રી સીમંધર ભગવાનના સ્તવનમાં બતાવ્યો છે: પ્રભુ ગુણ ગણ સાંકળસું બાંધ્યું, ચંચળ ચિત્તડું તાણી રે! પરમાત્માનું ધ્યાન. મનનું સ્થિરીકરણ. મનને દુનિયામાંથી ઉંચકીને પરમાત્મામાં જોડવું છે. એક બાજુ 'તોડ' થાય તો જ બીજી બાજુ 'જોડ' થઈ શકે. દેવચંદ્રજી મહારાજે કહ્યું છે: પ્રીતિ અનાદિની પર થકી, જે તોડે હો તે જોડે એહ.' પરની પ્રીત તૂટે તો પરમાત્મા પ્રતિ પ્રીત જોડાય.

મન ચપળ છે, ને આથી તે આરાધનામાં સ્થિર નથી રહેતું આ દલીલ કેવી પોકળ છે તે તો તમે ચોપડા લખવામાં કેવા એકાગ્ર બની શકો છો એ વાત જ બતાવી દે છે તમને, એટલે મારે એ વિષે વધારે નહિ કહેવું પડે. નાનકડી ઓરડીમાં, એક બાજુ છોકરાઓ ધમસાણ મચાવતા હોય અને બીજી બાજુ રસોઈની ધમાલ ચાલતી હોય

ત્યારેય શહેરમાં રહેતો માણસ એ સાંકડી ખોલીમાં ચોપડા લખી શકે છે ને ? મન જો જરાય આડું અવળું થાય તો ચોપડામાં ઓડનું ચોડ વેતરાઈ જાય ને ?

તો મનને તમે સ્થિર રાખી તો શકો જ છો; પણ એ દુન્યવી બાબતોમાં ! આરાધનામાં તલ્લીનતા હવે લાવવાની છે ને ? દુન્યવી બાબતો પરત્વે જે રસ છે, એ રસ હવે આરાધનામાં લાવવો જોઈ શે.

દુકાનમાં ધંધાનો રસ કેવો હોય છે ? અરે, ઘણી-વાર તો ઘરેથી ગૃહિણીએ કોઈ વસ્તુ મંગાવી હોય પણ છતાં દુકાને જતાં ધંધાનો એવો રસ લાગે કે પેલી વાત વિસરાઈ જાય. દુકાને ઘર ભૂલાઈ જાય, તેમ દહેરાસરમાં ઘર – દુકાન – પેઢી બધું ભૂલાઈ જાયને ?

સભા : સાહેબ, નથી ભૂલાતું !

કેમ નથી ભૂલાતું એનો વિચાર કર્યો ? દુકાને જતાં જ ધંધાનો રસ એવો લાગે કે, ખાવાનું ય ભૂલી જવાય. તેમ દહેરાસરે જતાં ભક્તિનો રસ એવો લાગવો જોઈએ કે, બધું ભૂલી જવાય. ઘર – બાર, સંસાર, પરિવાર બધું જ.

## શોભન મુનિ

શોભન મુનિને જ્ઞાનોપાસનામાં બહુ રસ હતો. ગુરુ મહારાજ આ વાત જાણતા અને તેથી એમને સ્વા-ધ્યાય વગેરેમાં પુરતો સમય મળી રહે એ માટે બીજા કાર્યોમાં ઓછા જોડતા. સ્વાધ્યાયનો રસ લાગ્યો હોય

એ મુનિને ચોવીસ કલાકનો દિવસ પણ ટૂંકો પડતો હોય છે! રાત્રે પણ એમનો સ્વાધ્યાય ચાલુ જ હોય.

કેટલાક મુનિઓ વિનય-વૈયાવચ્ચમાં વધુ સમય ગાળતાં. જ્ઞાનમાં રત રહેનારા મુનિઓની ભક્તિ કરતા તેઓ. કેવી સુંદર પરંપરાઓ પળાઇ રહી છે મુનિવૃન્દમાં! ગુરુ મહારાજ પણ જેવો આરાધક હોય તેવું કાર્ય ફરમાવે. ભક્તિના રસિયાને ભક્તિનું કાર્ય સોંપાય. જ્ઞાનના રસિયાને સ્વાધ્યાયમાં રહેવા માટે સુવિધા અપાય. શિષ્યો પણ કેવા હોવા જોઇએ? ગુરુ મહારાજની આજ્ઞાને જ પ્રધાન માનીને જીવનારા. ગુરુ મહારાજ જે આજ્ઞા ફરમાવે છે, તે મારા હિત માટે જ છે આવું માનનારા એ એમ ન કહે કે અમારે તો બસ વેઠ જ કરવાની; પેલા બેઠા બેઠા સ્વાધ્યાય કરે અને અમારે આખો દિવસ કામમાં ગોંધાઇ રહેવાનું! એ તો વિચારે કે, આવી ભક્તિ મારા નસીબમાં ક્યાંથી? ગુરુ મહારાજ જેમ આજ્ઞા આપે તેમ કરવાનું.

### વૈદ્ય અને દર્દી

વૈદ્ય અપચાના રોગીને મગનું ઓસામણ જ પીવાનું કહે અને જેને શક્તિની જરૂર હોય તેવા દર્દીને દૂધ, ઘી સારી પેઠે લેવાનું કહે. પછી પેલો દર્દી મનમાં એમ ન વિચારે કે, આ વૈદરાજ કેવા પક્ષપાતી છે! આને તો ઘી–દૂધ ઝાપટવાનું કહે છે અને મને કહે છે, તારે ઘી–દૂધને અડવાનુંય નહિ! ના, એ દર્દી તો વિચારે છે કે, મારું દર્દ એવા પ્રકારનું છે કે જેથી કરીને વદ-

રાજે મને મારું દર્દ સહેલાઇથી દૂર થાય તે માટે આ માર્ગ બતાવ્યો.

શોભન મુનિ વહોરતાં વહોરતાં એક એવી વ્યક્તિને ઘેર પહોંચી ગયા, જે સાધુઓ પ્રત્યે દ્વેષવાળી હતી. પગ ફરવાનું કામ કરી રહ્યા છે, હાથ ઝોળીમાંથી પાત્ર કાઢી, પાછાં ઝોળીમાં પાત્રને મૂકવાનું કાર્ય કરી રહ્યા છે. પણ આ બધું કાર્ય યન્ત્રની પેઠે થઈ રહ્યું છે. કારણ કે મન તો એ વખતે જિનેશ્વર ભગવન્તની અવનવી ને અટપટી રચનાવાળી સ્તુતિઓ બનાવવામાં રોકાયેલું છે. ચાર પદમાંથી બીજું અને ચોથું પદ શબ્દોની દૃષ્ટિએ એક જ સરખું હોય અને છતાં એ બેઉ પદોનો અર્થ જૂદો જ હોય આવા રચના–કૌશલ્યમાં મન લાગી ગયેલું છે, અને એથી આગળ કહ્યું તેમ હાથ અને પગ યંત્રવત્ કામ કરી રહ્યા છે.

પેલી મુનિદ્વેષી વ્યક્તિએ મુનિના પાત્રમાં પથ્થર મૂક્યો. મુનિએ તો પાત્ર બહાર કાઢ્યું અને પાછું મૂકી દીધું. ખાદ્ય પદાર્થને બદલે પથ્થર મૂકાઈ ગયો, એ વાતનો એમને ખ્યાલ પણ ન આવ્યો. ગોચરી લઈને ઉપાશ્રયે આવ્યા તેઓ. ગુરુ મહારાજ પથ્થર જોઈ મરક મરક હસતાં પૂછે છે : આ કઈ વાનગી છે, શોભન ? શોભન મુનિ પથ્થર જોતાં ક્ષોભ પામ્યા : આ પાત્રમાં ક્યાંથી ? ગુરુજી પૂછે છે : શા વિચારમાં તું હતો ? શોભન મુનિ કહે છે : પ્રભુની સ્તુતિ બનાવવાના વિચારમાં મગ્ન હતો હું, ગુરુદેવ ! અને પછી ગોચરી વહોરવા જતાં રસ્તામાં

બનાવેલી અને અત્યારે ખૂબ પ્રસિદ્ધ બની ચૂકેલી 'ભવ્યામ્ભોજ વિબોધનૈક તરણે'....થી પ્રારંભાતી સ્તુતિઓ તેઓ બોલવા લાગ્યા.

અહીં જ રહસ્ય સમાયેલું હતું કે, ગુરુવરે શોભન મુનિને શા માટે એકલા વહોરવા જવા માટે આદેશ કર્યો હતો. શોભન મુનિને વહોરવા આદિનું કામ કેમ નથી સોંપાતું? આવું કદાચ કોઈ સાધુના મનમાં હોય તો, તેઓ આ બનાવ દ્વારા એવું સૂચવવા માગતા હતા કે, ભાઈ! આ તો નિશદિન સ્વાધ્યાયમાં જ રહેનાર મુનિ છે. અને એથી એને અધ્યયન-અધ્યાપન માટે જે મેં સુવિધા આપી છે તે યોગ્ય જ છે.

કેવી હતી શોભન મુનિની એકાગ્રતા? અને આ જ એકાગ્રતાનું મૂલ્ય છે. બાકી તો મેં પહેલાં કહ્યું કે, ચોપડો લખવામાં તો તમેય એકાગ્રતા રાખી શકો છો! પણ નવકારવાળી ગણતી વખતે શું પરિસ્થિતિ હોય છે? કવિએ કહ્યું છે : 'પ્રભુ તારા નામની માળા ફેરવીએ ત્યારે, મનડું ફરે છે ફેરા રે સંસારના!

ચોવીસ કલાકના દિવસમાંથી ધર્મ માટેનો સમય તો કલાક કે બે કલાક હોય વ્યસ્ત સંસારી માટે. અને એટલો સમય પણ જો આરાધનામાં મન લીન ન બને તો આરાધનાના આનંદની ઝાંખી શી રીતે થાય?

એટલે જ ઉપાધ્યાયજી મહારાજે જ્ઞાનમાં-આત્મ સ્વરૂપમાં ઠરી ઠામ થવા માટે પ્રાથમિક ભૂમિકા દર્શાવતાં

કહ્યું કે, ઇન્દ્રિયોની અને મનની વિષયો ભણીની દોટ પર થોડો રોક લગાવવો પડશે. બ્રેક મારવી પડશે.

**જીવનરૂપી કાર બ્રેક વગરની તો નથી ને?**

જેમ સાધન વધુ ઝડપી તેમ બ્રેકની અનિવાર્યતા વધારે. બળદ ગાડું રાત્રે જઈ રહ્યું હોય અને એનો ચલાવનારો થોડુંક ઝોકું ખાઈ લે તો વાંધો નહિ, પણ પૂરઝડપે જઈ રહેલી કારનો ડ્રાઈવર ગાફેલ રહે તો શું થાય? ન ડ્રાઈવરની અસાવધાની ચાલે, ન કારની બ્રેકમાં ખામી હોય તો ચાલે. અને બ્રેકમાં ખામી–ફોલ્ટ હોય તો એ કાર ખાડામાં ન પડે તો જ નવાઈ કહેવાય!

આજના મનુષ્યનું જીવન એવું ભોગપરાયણ બની ચૂક્યું છે કે, હવે એ જીવન રૂપી કારનો ડ્રાઈવર ગાફેલ રહે તોય ચાલે એવું નથી, કે સંયમની બ્રેક પાવરફુલ ન હોય તોય ચાલે તેવું નથી. બરોબર સમજાય છે ને મારી વાત? તમે ઊંઘતા તો નથી ને? એમ હું પૂછું છું. જીવન રૂપી કાર, સંયમની બ્રેક વગરની તો નથી ને?

જીવન મોઘેરું મળી ગયું, પણ એને કઈ રીતે પસાર કરવું એનું જ્ઞાન કદાચ નથી મળ્યું તમને. એ જ્ઞાન મેળવવા માટે અહીં આવો છો તમે. તમારે પૂછવું જોઈએ કે, સાહેબ! હું કઈ રીતે જીવન વીતાવું તો એ જીવન મેં યોગ્ય રીતે વીતાવ્યું કહેવાય? શ્રાવકને છાજે એવી રીતે જીવન વીતાવવા માટે શું શું કરવું જોઈએ?

**પ્રશ્નો શિષ્યના, ઉત્તરો ગુરુના!**

'દશવૈકાલિક' સૂત્રમાં ગુરુ-શિષ્યની સુન્દર પ્રશ્નોત્તરી

આવે છે. શિષ્ય ગુરુને પૂછે છે : હું કેવી રીતે ચાલું ? કેવી રીતે ઉભો રહું ? કેવી રીતે બેસું ? કેવી રીતે સૂઈ જવું ? કેવી રીતે ખાઉં ? કેવી રીતે બોલું ? તમને કદાચ નવાઈ લાગે કે, આવાં પ્રશ્નો પૂછાય ? બોલવાનું મોઢેથી ને ચાલવાનું પગ વડે ! આમાં પૂછવાનું શું ? પણ શિષ્યનો આ પૂછવા પાછળનો જે ઉદ્દેશ છે એ તમને સમજાશે એટલે તમે જ કહેશો કે, ના, આવા પ્રશ્નો તો અમારેય ગુરુ મહારાજને પૂછવા જોઈએ. શિષ્ય એ પૂછવા માગે છે કે, હું એવું કઈ રીતે બોલું, અરે ! એવું કઈ રીતે ખાઉં અથવા એવી કઈ રીતે દરેક ક્રિયા કરું કે, જેથી પાપનો બંધ ન થાય !

ગુરુ મહારાજ આના ઉત્તરમાં કહે છે : 'જયણા-યતના વડે તું ચાલ. યતના વડે તું બોલ, યતના વડે તું ખા........અને આમ, યતના પૂર્વક બધી ક્રિયા કરવાથી પાપનો બંધ નહિ થાય. અર્થાત્ પાપનો બંધ બહુ ઓછો થશે.

તમારે પણ આવું અમને પૂછવું જોઈએ : સાહેબ, ડગલે ને પગલે આ સંસારમાં પાપો બંધાયા કરે છે; એમાંથી છૂટવાનો મને માર્ગ બતાવો !

જ્ઞાનમાં મગ્ન બનવા ચાહે છે સાધક. અને એને માર્ગદર્શન આપે છે મહાપુરુષો. અહીં ગ્રન્થકાર કહે છે કે, જે ઇન્દ્રિયો અને મન પર સંયમની બ્રેક લગાવી શકે છે તે જ જ્ઞાનમાં મગ્ન બની શકે છે.

જ્ઞાનના સમંદરમાં ડૂબકી લગાવો. અનેરી મોજ આવશે.

[૧૩]

# ભક્તિ પરમાત્માની

यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।
विषयान्तरसञ्चार-स्तस्य हालाहलोपमः ॥

મહાપુણ્યના ઉદય વગર પરમાત્માની ભક્તિ મળે નહિ. અમાપ શક્તિ છે આ ભક્તિમાં. 'ચમક પાષાણ જિમ લોહને ખીંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.' ભગવદ્ભક્તિ રૂપ લોહચુંબક હાથમાં હોય તો મુક્તિ રૂપ લોહ એના વડે ખેંચાઈ ને આવવાનું જ છે, આવી શ્રદ્ધા મહાપુરુષોની ઉક્તિમાં ઘણીવાર પડઘાયા કરતી હોય છે.

આવી ભક્તિની પ્રાપ્તિ થયા પછી – એની પિછાણ થયા પછી, સાધકના મુખમાંથી અનાયાસે જ આ શબ્દો સરી રહે છે : 'આવી રૂડી ભગતિ મેં પહેલાં ન જાણી !' પહેલાં જણાઈ હોત તો આ જન્મોની હેરાફેરી ન હોત ને ! ભક્તિની પિછાણ પહેલાં ન થયેલ હોઈ સંસારની

કડાકૂટમાં ગાળેલ પોતાના અણમોલ સમયનો પારાવાર વસવસો થઈ રહ્યો છે સાધકને : સંસારની માયામાં મેં વલોવ્યું પાણી !

'ઉપાધ્યાયજી મહારાજ કહે છે : 'યસ્ય જ્ઞાન સુધા સિન્ધૌ, પરબ્રહ્મણિ મગ્નતા.' જ્ઞાન રૂપી અમૃતના સમુદ્ર જેવા પરમાત્મામાં જે વ્યક્તિ લીન બની છે, પરમાત્માની ભક્તિમાં જે વ્યક્તિ મગ્ન બની છે, તેને એ ભક્તિ–એ લીનતા છોડી બીજે જવું તે હળાહળ ઝેર જેવું લાગે છે. 'વિષયાન્તર સંચારસ્તસ્ય હાલાહલોપમઃ.'

આ ભગવદ્ભક્તિમાં કેટલી લીનતા પ્રાપ્ત થઈ છે? દહેરાસરે જાવ પછી સંસારને ભૂલી જ જાવ છો ને કે સાથે લઇ જાવ છો ? 'નિસીહિ' શબ્દ સંસારને જિનાલયમાં લઈ જવા પર પ્રતિબંધ મૂકે છે. 'નિસીહિ' એટલે નિષેધ. શેનો નિષેધ કરવાનો ? ઘર–સંસારના વિચારનો જ તો વળી ! દહેરાસરમાં સંસાર સંબંધી વિચાર કરાય જ નહિ.

**પૂજાની વિધિ બરોબર જાણો !**

પૂજાની વિધિ તો બધાને આવડે છે ને ? પહેલી નિસીહિ દહેરાસરના મુખ્ય દ્વાર પર કહી. બીજી નિસીહિ ક્યાં બોલવાની ? શા માટે બોલવાની ? ઘણાને ખબર નહિ હોય.

ચાલે આવું ? બીજે બધે વિધિનું જ્ઞાન તમે લોકો જરૂરી માનો છો. એક અહીં જ પોલ ચલાવતાં શીખ્યા

લાગો છો ! રસોઈ કરવામાંય વિધિનું જ્ઞાન જરૂરી ખરું, નહિ ? દૂધપાકમાં ખાંડને બદલે મીઠું નાખેલ હોય તો ચલાવી ન લો તમે. અરે, જમવામાંય વિધિપૂર્વક જમવાનું, નહિ ? રોટલી ન થઈ હોય તો પહેલાં દાળ–ભાત ખાઈ પછી રોટલી ખાવ ખરા ? મહેમાન આવ્યા હોય, ને પૂરીની વાર હોય તો પહેલાં કઢી–ભાત પીરસી પછી દૂધપાક–પૂરી પીરસી છે કે નહિ કોઈ દિવસ ? ત્યાં સગવડિયો ધર્મ ન ચાલે. પૂજામાં ચાલે બધું. પ્રક્ષાલને વાર હોય તો પહેલાં ચૈત્યવંદન કરી લેવાય ને ? પહેલાં દ્રવ્યપૂજા ને પછી ભાવપૂજા આવો ક્રમ હોય છે. પણ એને બદલે પહેલાં ભાવપૂજા (ચૈત્યવંદન) ને પછી દ્રવ્યપૂજાય થાય છે ને ? માટે પૂજાની વિધિ જાણો.

શ્રાવક પહેલી 'નિસીહિ' બોલ્યા પછી દહેરાસરમાં જઈ દહેરાસરની સાફસૂફી આદિ વિષે અવલોકન કરે. કચરો વગેરે ક્યાંય હોય તો દૂર કરે. પૂજક સેવક હોવો જોઈએ. સેવાની–ભક્તિની ભાવનાથી આવેલો. પણ આજે તો 'સેવક' પૂજકોને બદલે 'શેઠ' પૂજકો જ નજરે પડે છે મોટે ભાગે ! એ 'શેઠ' પૂજક કચરો કાઢે ? એ તો બૂમ મારે પૂજારીને. અને પૂજારી ન સાંભળે તો 'આજના પૂજારી નકામા થઈ ગયા છે' એ ઉપર થોડું ભાષણ ઠોકી દે !

બહેનો ઘણી વાર થોયમાં બોલે છે : કાજો કાઢીને મોક્ષે જઈશું. પણ કયો કાજો એ ? ઘરનો જ ને ? કે દહેરાસરનો ? શ્રાવક–શ્રાવિકાઓ થોડું ઘણું દહેરાસરનું

કામ કરવા માંડે તો દહેરાસર કેવું રમણીય લાગે ? પછી અસ્વચ્છ–ગંદા અંગલૂછણા દેખાય ખરા ? ત્રણ લોકના નાથની પ્રતિમાને લૂછવા માટેનાં અંગ–લૂંછણા કેવા હોય છે ? એકથમ કોમળ એ હોવા જોઇએ. પહેલું અંગલૂંછણું સહેજ જાડું (પણ કોમળ) જોઈએ, જેથી પાણીને તે ચૂસી લે. બીજાને ત્રીજા અંગલૂંછણા બારીક ને કોમળ જોઈએ.

તમારા કપડામાં તમે ક્યાંના ક્યાં પહોંચ્યાં ? બે રૂપિયે મીટરવાળામાંથી પચાસ–સો રૂપિયે મીટરવાળામાં પહોંચી ગયા ને ? અંગલૂંછણુમાં કેટલા રૂપિયે મીટરવાળું કાપડ વપરાય છે ?

**અંગલૂંછણાં ઘેર ધોવા લઈ જાવ છો ?**

આખા ઘરના કપડાં ધોનારી બહેનોને ભગવાનના અંગલૂંછણાં ધોવાના વિચાર આવે કે ? સાબુની ગોટીઓની ગોટીઓ પોતાના વસ્ત્રો માટે વપરાય, ને ભગવાનના અંગલૂંછણાં માટે એકાદ ગોટી ન વપરાય તો કેમ ચાલે ? ઘેર ભગવાનનાં અંગલૂંછણાં ધોવા લઈ જવા માટે પડાપડી થાય છે ? થવી જોઈએ.

આમ, દરહોસરની સ્વચ્છતા વગેરે અવલોકી જીર્ણોદ્ધાર આદિનું કામ ચાલતું હોય તો તે અંગે મિસ્ત્રીઓને સૂચન આદિ આપવાનું હોય તો તે આપી, પછી ત્રણ પ્રદક્ષિણા કરી સાધક પરમાત્માના ગર્ભગૃહ–ગભારા પાસે આવે ને સ્તુતિ કરી, ગભારામાં પેસતી વખતે બીજી નિસીહિ બોલે.

આ 'નિસીહિ' દ્વારા શેનો નિષેધ કરવાનો ? હવે પરમાત્માની દ્રવ્યપુજા કરવાની છે. તેથી સાધક મંદિરની વ્યવસ્થા આદિના વિચારોને મનમાંથી કાઢી નાખે છે. અને ક્રમશઃ અષ્ટપ્રકારી પુજા કરે છે. પ્રક્ષાલ ભગવાનનો. નિર્મલીકરણ આત્માનું. 'પ્રભુ નવરાવી રે, મેલ નીવારશું રે.' (વેદનીય કર્મની પૂજામાં પૂજ્ય વીરવિજય મહારાજ.) પ્રક્ષાલ કરતી વખતે સાધક પેલી પ્રસિદ્ધ કડીને મનમાં ચિન્તવે છે (ના, મોટેથી નહિ બોલવાની) : મેરુ શિખર નવરાવે હો, સુર પતિ, મેરુ શિખર નવરાવે ! દેવોનો રાજા ઈન્દ્ર, એ પણ બીજું બધું કામ મૂકીને ભગવાનના સ્નાત્ર મહોત્સવમાં હાજર થઈ જાય !

જો કે, ઘણા પૂજકો તો વાટ જોતા હોય કે, ક્યારે પૂજારી પક્ષાલ કરી લે ને અંગલૂંછણા કરી દે; જેથી તેઓ તરત કેસરપૂજા કરી લે ! પ્રક્ષાલને અંગલૂંછણા કોણ કરે ? તમે પુજા કરો છો તે બહુ સારું છે. પણ એમાં જ્યાં જ્યાં અવિધિ થતી હોય તે બધી ટાળવા પ્રયત્ન કરો. મહાપુણ્યના ઉદય વગર આ પરમાત્માની ભક્તિ સાંપડે નહિ. ને તેથી એ ખૂબ ઉલ્લાસપૂર્વક કરો.

ઈન્દ્ર પરમાત્માને મેરુ પર્વત પર કઈ રીતે લાવે છે ? 'પંચ રૂપ કરી આવે.' જરા વિચારો : શું દેવોનો તોટો પડેલો કે, ઈન્દ્રને પાંચ રૂપ કરવા પડ્યા ? ના, ભગવાનની બધી જાતની ભક્તિ હું જ કરું આ વિચારે એમણે પાંચ રૂપ ધરેલા. એક રૂપે પોતે પરમાત્માને લીધા. બે રૂપે બે બાજુ ચામર ઢોળે છે ઈન્દ્રરાજ. પાછળ

એક રૂપે છત્ર લે છે. અને આગળ વજા ઉલાળે છે. 'પંચ રૂપે ધરી પ્રભુ હાથ, એક છત્ર ધરે શિર નાથ; બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજા ઉલાળે'–કેવી અનુપમ ભક્તિ ?

## વાળા કુંચી કદી ન વાપરશો

ભક્તિની વાત નીકળી છે ત્યારે એક વાત ખાસ કહી દઉં : વાળાકુંચી કદી ન વાપરશો. કેવી બરછટ હોય છે આજની વાળાકુંચી ! ધાતુના પ્રતિમાજીનાં નાક-કાન ઘસાઈ ગયા આ વાળાકુંચીના લીધે. ભીનું પોતું બે-ત્રણ વાર કરી કેસર બધું લઈ લેવું જોઈએ. પણ તમે લોકોએ તો ભગવાન પૂજારીને સોંપી દીધા છે; પછી ભલે, એ રમકડાની જેમ ભગવાનને આમથી તેમ હડસેલે ને વાળાકુંચી વડે ઘસી નાંખે !

ઘણીવાર ઘણા દહેરાસરોમાં અમે સવારે દર્શન કરવા જઈએ ત્યારે પૂજારીઓના હાથે થતી પરમાત્માની આશાતના જોઈ આંખમાં આંસૂ આવી જાય. પૂજારીને બહારનું કામ ભળાવો : કાજો કાઢવાનું કે મંદિરની સાફસૂફીનું. પણ પરમાત્માની ભક્તિ તો તમે જ કરો. પૂજારીને ન સોંપો.

થોડો વિચાર કરશો તો વાળાકુંચીનો તમારો મોહ જરૂર દૂર થઈ જશે ! તમારી ચામડી પર જરા ઘસી જો જો વાળાકુંચી. પછી પરમાત્માની મૂર્તિ પર તે વાપરવી કે કેમ એનો તમે જાતે જ નિર્ણય કરી શકશો. ઘણાનું

માનવું છે કે, કેસર ભરાઈ જાય છે ધાતુની મૂર્તિની ખાંચાખુંચીમાં, તેથી વાળાકુંચી વાપરવી જોઈએ. પણ એ માન્યતા ત્યાં સુધી જ સાચી લાગશે કે, જ્યાં સુધી વાળાકુંચી પરનો પક્ષપાત દૃઢ છે! જો એ આગ્રહ ઢીલો થશે તો કેસર ન રહે, એ માટે તમે ઘણા ઉપાયો શોધી શકશો. મંદિરના વ્યવસ્થાપકોને મારો અનુરોધ છે કે, મંદિરમાં જેટલી વાળાકુંચી હોય તેટલી બધી લઈ લેજો. મંદિરમાં એકે વાળાકુંચી રાખશો નહિ. વાળાકુંચી હોય તો કોઇને વાપરવાનું મન થાય ને?

**શાસનદેવની પૂજા થાય?**

સભા : સાહેબ, શાસનદેવ અને શાસનદેવીની પૂજા અને પ્રક્ષાલ થાય?

ના, તેમની પુજા ન હોય. શાસનદેવ અને શાસનદેવી ભગવાનના ભક્ત છે અને એ રીતે તેઓ તમારા સાધર્મિક છે. સાધર્મિકનું તમે જે રીતે સન્માન કરો છો, કપાળે તિલક કરવા રૂપે, એ રીતે સન્માન શાસનદેવનું કરી શકાય; પણ પ્રક્ષાલ કે નવ અંગે પૂજા તો ન જ થાય.

પરમાત્માના પ્રક્ષાલ વખતે 'મેરુ શિખર નવરાવે હો સુરપતિ'–ની ભાવના તમે ભાવશો; દેવને નવડાવતાં શું વિચારશો?

આ જ રીતે પાર્શ્વનાથ પરમાત્માની મૂર્તિમાં ઉપર રહેલ ફણાનીય પુજા નાહ કરવાની. પણ આપણા ભકતો તો એવા હોંશીલા હોય છે કે, જ્યાં ચાંદીનો ટીકો

લગાડયા હોય ત્યાં બધે તિલક કરી લે! ફણા પર ટીકો હોય છે ઘણી જગ્યાએ, અને એથી પુજકો ત્યાંય પૂજા કરવા લાગે છે, પરમાત્માના નવ અંગે તેર તિલક જ કરવાના.

એ જ રીતે, અષ્ટમંગળની પાટલીની પણ પૂજા નથી કરવાની હોતી. એ પાટલી તો પૂજાનું સાધન છે; પૂજ્ય નહિ. પ્રભુની સમક્ષ નંદ્યાવર્ત, સ્વસ્તિક, ભદ્રાસન આદિ અષ્ટમંગળો આલેખવાં જોઇએ. પણ બધાને એ આલેખતાં ન ફાવે એ માટે આ તૈયાર પાટલી બનાવી. એને બદલે એની જ પૂજા શરૂ થઈ ગઇ! અષ્ટમંગળમાં મીનયુગ્મ એટલે કે માછલાનું જોડલું પણ આવે છે; શું એની પૂજા હોય? મંગળના પ્રતિક તરીકે, આગળ કહ્યું તેમ, એ બધાનું આલેખન જ કરવાનું હોય છે.

## પુષ્પ પૂજામાં વિરાધના ખરી કે નહી?

સભા : પુષ્પપૂજામાં એકેન્દ્રિય જીવની વિરાધના થાય છે, આવું કહેનારને શો જવાબ આપવો?

કેવાં ફૂલ પૂજા માટે લેવાં જોઇએ, એનું વિધાન શાસ્ત્રો દ્વારા ગુરુમુખેથી જેણે જાણ્યું છે તે આનો ઉત્તર સહેલાઈથી આપી શકે તેમ છે. જે ફૂલ પાકી ગયા છે, અને આથી કુદરતી રીતે તોડવામાં ન આવે તો પણ-ખરી જ પડવાના છે, તે ફૂલોને જયણાપૂર્વક લેવામાં આવે તો તે જીવોને કિલામણા ન થાય. હા, ફૂલોની પાંખડીઓ છૂટી ન પાડવી જોઇએ. હાર બનાવતી વખતેય

સોયાથી કાણું પાડી ફૂલોને વીંધવા ન જોઈએ. બીંટડા જોડે ગાંઠો લગાવી હાર બનાવવો જોઈએ.

ફૂલને પાણીમાં ધોવા ન જોઇએ. કારણ કે એમ કરવા જતાં ફૂલમાં રહેલ અન્ય સૂક્ષ્મ જંતુઓની પણ વિરાધના થઇ જાય. ફૂલ સ્વતઃ પવિત્ર છે; એને પવિત્ર કરવા પાણીની જરૂરત નથી. સુગંધ વગરના ફૂલ ન ચડાવાય.

ઉત્તમ દ્રવ્ય માનીને એ ભગવાનને ચરણે ધરવાની બુદ્ધિ પુષ્પપૂજામાં રહેલી છે.

દ્રવ્યપૂજા પૂરી થયા પછી ભાવપુજા રૂપ ચૈત્યવંદન શરૂ કરતી વખતે ત્રીજી નિસીહિ બોલવાની. આ નિસીહિ દ્વારા મનને દ્રવ્ય પુજામાંથી ભાવપૂજામાં જોડવામાં આવે છે.

**ભવોભવ તુમ ચરણોની સેવા...**

ચૈત્યવંદનના સૂત્રોનો અર્થ જરૂર જાણી લો. વહેલામાં વહેલી તકે. બધા જ સૂત્રોના અર્થ જાણો તો ઘણું સારું; પણ પૂજાની વાતના ચાલુ સંદર્ભમાં હું ભાર પૂર્વક કહીશ કે, તમે ચૈત્યવંદનના સૂત્રોનો અર્થ તો જાણી જ લો.

નમુત્થુણં, જય વીયરાય; કેવા અર્થસભર શબ્દોથી ભરપુર છે આ સ્તોત્રો ! 'તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં': ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માગું છું દેવાધિદેવા ! બીજું કાંઈ ન જોઇએ, જોઈએ

બસ ભવોભવ આ દેવાધિદેવની સેવા. તમારું જ શાસન ભવોભવ સાંપડો !

કુમારપાળ મહારાજાને મહાકષ્ટે રાજ્ય મળ્યું. જંગલે જંગલે રખડવું પડ્યું, ભયંકર દુખો સહેવા પડ્યાં. પછી રાજ્ય મળ્યું. પરંતુ સાથે જ ગુરુવર હેમચન્દ્ર સૂરિ મહારાજાના સમાગમથી પ્રભુના શાસનની પ્રાપ્તિ પણ થઈ. અને પછી એ શાસન એમને એવું ગમી ગયું એવું ગમી ગયું કે એની પડખે બીજું બધું જ તુચ્છ લાગવા માંડ્યું.

પ્રભુની સ્તવનામાં તેઓ બોલતા : 'ચ્યાં ચેટોપિ દરિદ્રોપિ, જિનધર્માધિવાસિત :.' હે પ્રભુ ! આવતા જન્મમાં હું કોઈ રાજાને ત્યાં કે સમૃદ્ધિવાળાને આંગણે અવતરું એવી મને ખેવના નથી; ભલે હું કોઈ ગરીબને ઘેર જ જન્મું, પણ જ્યાં પણ હું જન્મું ત્યાં તમારું શાસન મને મળજો.

ભવે ભવે શાસન માગવાનું મન કોને થાય ? જેને શાસન બધી ચીજો કરતાં ઉત્તમ લાગ્યું હોય એને. જેને લાગે છે કે, આ શાસન સિવાય તરવાનો કોઈ આરો-ઓવારો નથી. પુણ્યના યોગે આ શાસન સાંપડ્યું, હવે એ અન્તરને વધુ ને વધુ સ્પર્શે એ માટે મહેનત કરવાની.

અને આવો સાધક પ્રભુ પાસે, 'ભવોભવ તુમ ચરણોની સેવા' સિવાય બીજું માગે પણ શું ? કુમારપાળ મહારાજાએ પ્રભુની સ્તવનામાં ઉચ્ચારેલા શબ્દોના આ ગુજરાતી રૂપાન્તરને હૈયામાં કોતરી રાખો :

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ તને
ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના
નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું.
જેની કરું માગણી,
માગું આદર વૃદ્ધિ તોય તુજમાં
એ છે ઉરે લાગણી !

બસ, સાધકની ખેવના–અભિલાષા આટલી જ હોય. પરમાત્મા, એમનું શાસન અને એ બેઉનો પરિચય કરાવનાર ગુરુ ભગવંત; આટલું મળી જાય તો બીજું જોઇએ જ શું ?

[૧૪]

# દ્રષ્ટા બનો !

स्वभावसुखमग्नस्य, जगत्तत्त्वावलोकिनः ।
कर्तृत्वं नान्यभावानां, साक्षित्वमवशिष्यते ।।

સંસારના આ રંગમંચ પર આ આત્મા સતત નાચતો જ રહ્યો છે, જુદી જુદી ભૂમિકાઓ ભજવતો જ રહ્યો છે; આ નર્તન, આ ભજવણી ક્યારે અટકે ? દેખીતી રીતે જ, આ નૃત્ય પર કંટાળો જન્મે ત્યારે જ આ શક્ય બને. ભવભ્રમણથી ઉભગેલો, જન્મોની આ હેરાફેરીથી કંટાળેલો સાધક આથી જ પ્રભુ સમક્ષ બોલે છે : 'ભવ-મંડપમાં રે નાટક નાચિયો, હવે મુજ દાન દેવાર !' હે પ્રભુ ! આ સંસારના રંગમંચ પર હું ખૂબ નાચ્યો છું; હવે મને દાન આપો.

પહેલાં આવી પ્રણાલિકા હતી : નર્તક રાજા સમક્ષ નૃત્ય કરી તેને પ્રસન્ન કરે, અને રાજા તેને ઈનામ આપે. આ વાતનો ઈશારો આ કંડિકામાં પૂજ્ય વિનયવિજય મહારાજે કરેલો છે : હવે મુજ દાન દેવાર ! 'હવે' શબ્દ સૂચવે છે કે, નૃત્યકાર હવે ખરેખર થાકી ગયો છે.

પણ સાધકને કયું દાન અપેક્ષિત છે? એ સ્પષ્ટ કરવા માટે જ એ આગળ બોલે છે : 'ત્રણ રતન મુજ આપો તાતજી!' સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણ રત્નોને ઝંખી રહ્યો છે એ.

આ તો વાત થઈ સાધકની. હવે તમારી વાત કરીએ. તમને આ ભવભ્રમણનો થાક કેવોક લાગ્યો છે? મને ખ્યાલ છે કે, ઉપરની કડીઓ જેમાં આવે છે એ સ્તવન તમે ભગવાન પાસે બોલી ગયા છો; પણ હું જે પૂછવા માગું છું તે આ છે : 'ભવમંડપમાં રે નાટક નાચિયો' બોલતી વખતે સંસારની ભ્રમણાનો ખેદ છલકાઈ રહે છે હૈયે?

## 'જય વીયરાય'નું અદ્ભૂત પદ ભવનિવ્વેઓ!

ભવભ્રમણનો ખેદ હૈયામાં ન થતો હોય તોય એ ખેદ કેમ નથી થતો એવો વસવસો થાય છે? અપચા જેવું હોય કે ભૂખ બરોબર ન લાગતી હોય તો ડોક્ટર પાસે પહોંચી જાવ ને તમે લોકો? ભૂખ નથી લાગતી એમ કહીને તમે બેસી નથી રહેતા; કેમ ભૂખ નથી લાગતી એનું કારણ જાણવા અને અન્ન પરની એ અરુચિને ટાળવા તમે ડોક્ટર પાસે ધસી જાવ છો. એ જ રીતે અહીં ગુરુવર પાસે પૂછવા જવાનું મન થવું જોઈએ : સાહેબ! આટલું બધું સંસારમાં રખડયો. છતાં હજુ એ પર કંટાળો કેમ નથી જાગતો?

કોઈ દિવસ ગયા છો આ રીતે? ચિન્તાજનક બાબત એ નથી કે, તમે સંસારથી કંટાળ્યા નથી; પણ ચિન્તાજનક બાબત એ છે કે એ કંટાળો નથી થતો એ વાત તમને સતાવતી નથી.

પ્રાર્થના સૂત્ર 'જય વીયરાય'માં પહેલી માગણી કઈ મૂકી? હે ભગવન્! તમારા પ્રભાવથી-તમારી કૃપાથી મને આ મળો. શું મેળવવાની ઈચ્છા હોય પરમાત્માની કૃપાથી સાધકને? પહેલી જ માગણી કઈ છે? 'ભવનિવ્વેઓ.' ભવનો નિર્વેદ. સંસારનો કંટાળો. હે ભગવન્! આપની કૃપાથી મને સંસારનો કંટાળો-ખેદ પ્રાપ્ત થાવ. અનાદિની વાસનાએ 'સંસાર રૂડો, સંસારનાં સુખ રૂડાં;' આ સૂત્ર ગોખાવી મૂક્યું છે. હવે આપની પાસે આવ્યા પછી હું ઈચ્છું કે, 'સંસાર ભૂંડો, સંસારનાં સુખ ભૂંડાં'; આવું સૂત્ર કંઠસ્થ થઈ જાય!

કામ જરૂર કપરું છે. કારણ કે અનાદિથી જડ ઘાલી બેઠેલાં વિષય-કષાયનાં મૂળિયાને હચમચાવી નાખવાના છે. પણ વાંધો નથી. પરમાત્માની કૃપા જો સાથે છે, તો મોહનો શો ભાર છે?

પૂજ્ય યશોવિજય મહારાજાએ અરનાથ ભગવાનના સ્તવનમાં એક રૂપક દ્વારા, બહુ સારી રીતે આ વાત સમજાવી છે. એક નાવડીને-નાની શી નાવને તોફાની સમુદ્રનાં મોજાં આમથી તેમ ને તેમથી આમ ફંગોળી રહ્યા છે. નાવમાં બેઠેલો પ્રવાસી ગભરાઈ જાય છે. ઓહ! શું

થશે ? પણ ત્યાં જ એની નજર ખલાસી પર જાય છે. ગમે તેવી નાવડીને, ગમે તેવા તોફાની સમુદ્રમાંથી હેમ-ખેમ બહાર કાઢવામાં જેની નિપુણતા પંકાઈ ચૂકેલી છે એવા ખલાસીને પોતાની નાવ પર જોતાં જ એ નિશ્ચિંત બની જાય છે. કહેવાની જરૂર નથી કે અહીં જીવતરની નાવડીની વાત છે. જેમાં બેઠેલો સાધક રૂપી પ્રવાસી પરમાત્મા રૂપી તારનારને જોતાં જ નિશ્ચિંત બની જાય છે. એના મુખમાંથી ઉદ્ગારો સરી રહે છે : પણ નવિ ભય મુજ, હાથોહાથે તારે તે છે સાથે રે—' મને આ તોફાની સંસાર–સમુદ્રનો હવે જરાય ડર નથી. કારણ કે હાથ પકડીને તારનાર પરમાત્મા તો મારી સાથે જ છે! 'તારે તે છે સાથે રે !' ને એ પણ 'હાથોહાથ', હાથ પકડીને તારનાર મળ્યા ! પછી ચિન્તા શેની ?

એટલે જ તો એક સ્તુતિકારે કહ્યું છે : હે પ્રભુ ! જે સંસાર મને સાગર જેવો વિરાટ લાગતો હતો; તે હવે આપનાં દર્શન થતાં સાગરને બદલે ચાંગળા જેવો –ખાબોચિયા જેવો લાગે છે ! (સંસારવારિધિરયં ચુલુક પ્રમાણઃ.)

પણ આ બધી વિચારણાની પૃષ્ઠ–ભૂમિકામાં ભવ-નિર્વેદ સ્પષ્ટ રીતે તરવરી રહેલો દેખાય છે. તો તમારે મહેનત ભવનિર્વેદ માટે કરવાની છે. 'ભવનિવ્વેઓ' બોલતાં આંખમાંથી આંસૂ વહી આવવાં જોઈએ : ભગવન્ ! કેમ મને સંસાર અકારો નથી લાગતો ? બસ, પ્રભુ પાસે આ જ માગવાનું. આ જ યાચના. બીજું કાંઈ નહિ.

બહુ અદ્‌ભૂત છે આ 'ભવનિવ્વેઓ' શબ્દ. જેમ જેમ એનું ચિંતન કરતાં જશો, તેમ તેમ અનેરી ભાવનાઓ હૈયામાં ઉમટતી જશે.

**કર્તૃત્વ નહિ, સાક્ષિત્વ !**

ભવનિર્વેદની વાત આપણે અહીં એટલા માટે કરી કે, એ હોય તો સંસારમાં શ્રાવક રહે છતાં એનો રસ સંસારને વધુ ખીલવવામાં નહિ, પણ એને તોડી પાડવામાં હોય. આવો આરાધક સંસારમાં કર્તા રૂપે નહિ, પણ સાક્ષી રૂપે જ રહેતો હોય છે. કારણ કે એનો રસ, આપણે પહેલાં કહ્યું કે, સંસારની ખીલવણીનો છે નહિ. સંસારના રસનું સ્થાન લે સંસાર પ્રત્યેની ઉદાસીનતા. રસ છે આરાધનાનો.

તમે ક્યાં સુધી પહોંચ્યા છો અત્યારે ? ફિફ્ટી-ફિફ્ટી ખરું ને ? જેટલો સંસારમાં રસ છે, એટલો તો આરાધનામાં ખરો ને ? ભલે, ચોવીસ કલાકમાંથી રોજ બાર કલાક આરાધનામાં તમે ન વીતાવી શકો; પણ આરાધનામાં રસ તો ખરો ને ?

ઉપાધ્યાયજી મહારાજ કહે છે : 'કર્તૃત્વં નાન્યભાવાનાં, સાક્ષિત્વમવશિષ્યતે.' જે સંસારના સુખથી—ભૌતિક સુખની વિચારણાથી અળગો બન્યો છે, તે જ કર્તૃત્વની ભાવનાને છોડીને સાક્ષી રૂપે રહી શકે છે. કર્તા અને સાક્ષીમાં શું ફરક ? ઘર બનાવ્યું, પછી એ ઘર પર એના માલિકને મમત્વ બંધાઈ જાય છે; એ ઘરને કોઈ સરસ

કહી વખાણે તો એ ખુશ ખુશ થઈ જાય અને એ ઘરની કાચની બારી પર કોઈ પથ્થર મારે તો એ ગુસ્સે થઈ જાય. આમ કર્તૃત્વ–માલિકીપણાની ભાવના રાગ ને દ્વેષ ઉત્પન્ન કરે છે. ને એ જ તો સંસારનો રથ જેમના સહારે સરકી રહ્યો છે એવાં બે ચક્રો છે ને !

સાક્ષીભાવમાં આત્મા બધા મમત્વથી પર બને છે. શરીરે મારું નહિ, ઘર પણ મારું નહિ, પરિવાર પણ મારો નહિ. 'એગોહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઇ.' હું એકલો છું, કોઈ મારું નથી, ને હું પણ બીજા કોઇનો નથી.

### સનત્ કુમાર મુનિ

સનત્ કુમાર ચક્રી, મુનિરાજ બન્યા પછી કેવા સાક્ષીભાવમાં લીન બની ગયા ! શરીર રોગોથી ઘેરાઈ ગયું છે, પણ તેઓ તો દિવ્ય આનંદમાં લીન છે. શરીરમાં રોગો આવે ત્યારે હું રોગી બન્યો છું આ ભાવના તો જે શરીરમાં જ પોતાપણાની ભાવના ધરી બેઠો હોય એને આવે. શરીરથી પોતાને પર કલ્પનારને શરીરના રોગે દુખ હોય નહિ. પોતે રોગી છે એવું લાગે નહિ.

એકવાર દેવલોકમાં ઇન્દ્રે સનત્ કુમાર મુનિના ધૈર્યની પ્રશંસા કરી. કહે : ભયંકર રોગો અને સખત પીડા હોવા છતાં એ રોગોને દૂર કરવાનો પ્રયત્ન પણ તેઓ કરવા નથી ઇચ્છતા. બે દેવો વિચારવા માંડયા : આવું તે કંઈ હોય ? ચાલો, આપણે આ વાતની કસોટી કરીએ.

દેવો વૈદ્ય રૂપે મુનિ પાસે આવે છે. કહે છે : અમે આપના રોગને દૂર કરી દઈએ. મુનિવર હસતાં હસતાં કહે : મારા રોગ દૂર કરવાની તમારામાં શક્તિ હોય તો જરૂર તે માટે પ્રયત્ન કરો. પેલા દેવો કહે : અરે, ચપટી વગાડતાં દૂર કરી દઈએ. મનમાં વિચારવા લાગ્યા : ઈન્દ્ર તો મોટી મોટી વાત કરતાં હતા, પણ આ મુનિવર તો રોગની દવા કરાવવા તૈયાર થઈ ગયા !

પણ એમની આ વિચારણા થોડી વારમાં જ આશ્ચર્યમાં ફેરવાઇ જાય છે. પોતે કહેલા વચનના મર્મને ઉદ્ઘાટિત કરતાં મુનિવર કહે છે : રોગ દૂર જરૂર કરવા છે. પણ એ આતમના, હો ! આ શરીરના નહિ. કર્મના રોગોને દૂર કરવાની શક્તિ તમારામાં છે ? આ રોગ તો આવે ને જાય. પેલો રોગ–કર્મનો જ તો !—અનાદિનો છે. આ શરીરના રોગથી તે વળી કંઈ ગભરાવાનું હોય ?

થૂંકવાળી આંગળી જ્યાં અડે ત્યાં ત્યાં સોનાવરણી ચામડી થઈ જાય આવા લબ્ધિધારી મહાત્માની આ તે કેવી દેહ પરની વિરક્તતા ! પેલા દેવ તો આભા જ બની ગયા. ઓહ ! આ તો મહામુનિવર છે. દેહાધ્યાસથી પર બનેલા. મુનિને ચરણે પડી બોલ્યા : મહાત્મન્ ! અમે તો બહુ વામણા છીએ; જ્યારે આપ તો મહાન પુરુષ છે. અમારી કેવી ધૃષ્ટતા કે, અમે આપની પરીક્ષા કરવા આવ્યા ! અમારા અપરાધોને ખમજો, હે મહામુનિ !

સનત્‌કુમાર મુનિ પાસે લબ્ધિ હતી; થૂંક અડે

ત્યાં દેહ નિરોગી થાય, ચામડી સોના જેવી કાન્તિવાળી થાય. પણ તેઓ લબ્ધિ દ્વારા આ રોગને દૂર કરવા નહોતા ઇચ્છતા. કેમ? જરા વિચારવું પડશે. આપણે રોગ આવે ત્યારે કહીએ : રોગ આવ્યો. મહાપુરુષો એ વખતે વિચારે : રોગ જઈ રહ્યો છે ! કર્મના રોગને જ તેઓ મૂળ રોગ માનતા. શરીરમાં પીડા આવવા દ્વારા અસાતા વેદનીય કર્મ નિર્જરી રહ્યું છે, તેથી તેઓ કહેતા રોગ જઈ રહ્યો છે. આવ્યો નથી !

તો આ વાત છે સાક્ષીભાવની. દેહની મમતાથી પણ ઉપર ઊઠવાનું. શરીરમાં વાગે ને તમને જરાય દુખ ન થાય. કેવી મઝાની વાત ! સહનશક્તિ બહુ ઘટી છે આજે. સહેજ તાવ આવ્યો તોય રહેવાય નહિ. પીડા સહન થાય નહિ. આ વખતે મહામુનિઓને યાદ કરજો. તમારું દુખ જરૂર હળવું થશે. વેદના શમાવનારી રામબાણ ઔષધિ છે આ !

જગતના ભાવોના દ્રષ્ટા બનો, સાક્ષી બનો; કર્તા નહિ !

[૧૫]

# ધ્યાતા, ધ્યેય ને ધ્યાન !

परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्गलिकी कथा ।
क्वामी चामीकरोन्मादाः, स्कारा दारादराः क्वच ॥

પરમાત્માના ધ્યાનમાં લીન થયેલા સાધકની દુનિયામાં નથી ધનની આસક્તિને સ્થાન, નથી વિષય વાસનાને સ્થાન. ત્યાં તો એક બાજુ છે ભક્ત, ને બીજી બાજુ છે ભગવાન. હા, એક ત્રીજું તત્ત્વ વચ્ચે છે, પણ એ છે ભકત. ના, સંસાર નહિ ! દૂર રહેલા પરમાત્માને હૃદયમાં, એકદમ નીકટ, લાવનાર સબળ માધ્યમ છે ભકિત.

પૂજ્ય માનવિજય મહારાજે ઋષભદેવ ભગવાનની સ્તવનામાં બહુ સરસ રીતે આ વાત રજૂ કરી છે: 'પણ તુમ અળગે થયે કેમ સરશે ? ભકિત ભૂલી આકરસી લેશે.' તમે દૂર જશો શી રીતે ? ભગવન્ ! ભકિત આકર્ષણ કરશે અને તમારે મારા મનમંદિરમાં આવવું જ પડશે. ભૌગોલિક દૂરત્વથી સાધક ગભરાતો નથી. આપણે તિર્છાલોક

પર છીએ, પરમાત્મા (સિદ્ધિ પદને પામેલ પરમાત્મા) લોકને અંતે બિરાજમાન છે. અંતર બહુ મોટું છે. સાત રાજલોકનું. પણ એ તો બહારનું અંતર ને! એનાથી સાધક શાનો ડરે? માન વિજય મહારાજના સ્તવનની જ વાત ફરીથી લઈએ તો, તેમાં થોડે આગળ જઈ આ વાત કહેવાઈ છે : ગગને ઊડે દૂર પડાઈ, દોરી બલે હાથે રહી આઈ! નાનકડું રૂપક મૂકીને એમણે પેલી વાત સમજાવી : એક બાજુ પતંગને ચગાવનારી વ્યકિત છે, ને બીજી બાજુ આકાશમાં દૂર--દૂર છે એક પતંગ. પતંગ અને એના ચગાવનાર વચ્ચે આમ ઘણું અંતર છે, પણ વચ્ચે છે એક દોરી; જેના કારણે પતંગ અને પેલી વ્યક્તિ વચ્ચે સંબંધ જળવાઈ રહ્યો છે.

તેમ ભક્ત અને ભગવાન વચ્ચે ભૌતિક દૂરત્વ હોવા છતાં ભક્તિ એ અંતરને ટૂંકાવી નાખે છે. 'સાત રાજ અળગા જઈ બેઠા, પણ ભગતે અમ મનમાહિ પેઠા!'

તો આ થયો એક ત્રિકોણ. કહો કે, ત્રિવેણી સંગમ. ભક્ત, ભગવાન ને ભક્તિ. આને જ ધ્યાતા, ધ્યેય ને ધ્યાન કહેવામાં આવે છે.

### પિંડસ્થ, પદસ્થ ને રૂપાતીત ધ્યાન

તમે દહેરાસરમાં જાવ છો ત્યારે એકાગ્ર બની જાવ છો ને? પરમાત્મા અને તમારી વચ્ચે, એ વખતે તો દુનિયાને લાવતા નથી ને? પરમાત્માનો જ વિચાર કરવાનો એ વખતે. ત્રણ ભાવનાઓ પૂજા વખતે ભાવવાની

હોય છે : પિંડસ્થ ભાવના, પદસ્થ ભાવના ને રૂપાતીત ભાવના.

પહેલી પિંડસ્થ ભાવના. પરમાત્માના અભિષેક વખતે, દેવોએ કરેલી પરમાત્માની ભક્તિનું સ્વરૂપ સાધકનાં મનઃચક્ષુ સામે ખડું થાય છે. હું પણ, કોઈ જન્મમાં આ મેરુ શિખર પર ઈન્દ્રો અને દેવોએ કરેલ ભક્તિમાં દેવ રૂપે સામેલ હોઈશ અને એ સાક્ષાત્ પ્રભુના અભિ-ષેકનો લાભ મને મળ્યો હશે. આ વિચારે સાધકના નયનમાંથી હર્ષનાં આંસૂ વહેવા માંડે.

બીજી પદસ્થ ભાવના. પરમાત્માની મૂર્તિને આભૂષણો આદિ પહેરાવતાં ભાવવાની હોય છે. સમવસરણ પર આરૂઢ થઈને દેશના આપી રહેલા પ્રભુનું સ્મરણ તે વખતે થઈ રહે. સમવસરણમાં મેઘ ગંભીર સ્વરે દેશના આપતાં ભગવાન, સોનાના કમળો પર વિહાર કરતા પરમાત્મા; પ્રભુની આ અવસ્થાનો વિચાર કરતાં સાધકને એક વિચારણા જાગે છે : 'આકર્ણિતોપિ, મહિતોપિ, નિરીક્ષિતોપિ' હે પ્રભુ ! સમવસરણમાં બિરાજેલા એવા આપના મેં ભૂતકાળમાં દર્શન પણ કર્યાં હશે, આપની વાણીને મેં સાક્ષાત્ સાંભળીય હશે, આપને મેં પૂજ્યા પણ હશે; પરન્તુ આપના દર્શન–શ્રવણ અને પૂજન પાછળ જે ભક્તિ ભાવનો સમંદર હિલોળે ચઢેલો હોવો જોઇએ એ મારી પાસે ન હતો માટે જ હજુ હું ચાર ગતિના ચક્કરમાં રખડી રહ્યો છું.

પૂજ્ય જિનવિજય મહારાજે મહાવીર ભગવાનના

સ્તવનમાં, પ્રસ્તુત સંદર્ભમાં, બહુ સરસ વાત મૂકી છે : ‘માહરે તો સુષમાથી દુષમો, અવસર પુણ્ય નિધાનજી’ હે ભગવન્ ! મારે માટે તો સુષમ કરતાં દુષમ સમય વધુ સારો છે. જ્યારે સાક્ષાત્ આપ આ પૃથ્વીમંડળ પર વિચરી રહ્યા હતા તે સમય કરતાં આ સમય—જ્યારે આપનાં સાક્ષાત્ દર્શન શક્ય નથી, આપની મૂર્તિ દ્વારા જ આપનું દર્શન હું કરી શકું છું-વધુ સારો છે.

કઈ રીતે ? શા માટે ?

એક નાનકડા ઉદાહરણ દ્વારા આ વાત જોઈએ ઘેર દૂધપાક-પૂરી ને જાતજાતનાં ફરસાણ બનાવ્યા હોય, પણ દશ વાગતાં જ ટાઢવાઇને જોરદાર તાવ આવી જાય તમને, તો શું થાય ? દૂધપાક-પૂરીનો આસ્વાદ ન લઈ શકાય ને ? અને શરીર સ્વસ્થ હોય ત્યારે રોટલી-શાક હોય તોય એ મઝાનાં લાગે. પદાર્થ સ્વાદિષ્ટ, પણ તમારી પ્રકૃતિ પ્રતિકૂળ હતી ત્યારે તમારે માટે એ નકામાં; ને તમારું શરીર સ્વસ્થ હોય ત્યારે સામાન્ય પદાર્થોય સારા.

આ જ વાત અહીં છે. સુષમ કાળમાં પ્રભુનાં દર્શન ભલે થયાં, પણ એ દર્શન માટે જે પૃષ્ઠ ભૂમિકા જોઈએ તે ક્યાં હતી ? જ્યારે અત્યારે ભલે પરમાત્માની મૂર્તિ જ છે, પણ ભાવ અંતરનો ઉંચો છે; ને તેથી જ કહ્યું કે, માહરે તો સુષમાથી દુષમો, અવસર પૂણ્ય નિધાનજી !

ત્રીજી ભાવના છે રૂપાતીત ભાવના, ભગવાનની

શાન્ત, પ્રસન્ન મુદ્રાને જોતાં સિદ્ધાવસ્થામાં બિરાજમાન ભગવંતોનું સ્મરણ થઈ આવે એ રૂપાતીત ધ્યાન.

આમ, પરમાત્માના ધ્યાનમાં લીન બની જાય છે સાધક. એના એ ધ્યાનમાં આલંબન માટે છે તારક પરમાત્માની મૂર્તિ, અને પિંડસ્થ વગેરે ભાવનાઓ.

**નાગકેતુની જિનપૂજાની એકાગ્રતા**

પૂણ્યાત્મા નાગકેતુ એક વખત પરમાત્માની પૂજા કરવા ગયેલા ત્યારે ફૂલની અંદર રહેલ નાનકડો સર્પ તેમને કરડે છે. સર્પ કરડ્યો હોય તે વખતે પણ જરાય વિચલિત ન બનવું એ **શું** સહેલી બાબત છે? મરણને પાંખો પસારી સામું આવેલ જોવા છતાં ધીરજ ન ગુમાવવી એ સરળ બાબત તો નથી જ! નાગકેતુ જરા પણ વિચલિત બનતા નથી. જરાય વ્યગ્ર બનતા નથી.

ઉલટું, આ વખતે કદાચ મૃત્યુ થઈ જાય તોય એ ટાણે અશુભ વિચારો ન સ્પર્શી જાય એ માટે ધ્યાનમાં એકાગ્ર બન્યા. ભગવાનનો ભક્ત મૃત્યુથી કદી ડરે નહિ. એ તો રોજ પ્રભુ પાસે સમાધિમરણ (સમાહિમરણં)ની માગણી કરતો હોય! મૃત્યુ તો થવાનું જ છે, પણ હે પ્રભુ! હું ઈચ્છું છું કે, સમાધિપૂર્વક મારું મૃત્યુ થાય. એ વખતે મારું ધ્યાન સંસારમાં નહિ પણ તમારામાં રહે એટલી જ મારી ઈચ્છા છે.

નાગકેતુ કેવા ધૈર્યવાળા, કે સર્પ ડસવા છતાં ધ્યાનમાં – શુભ વિચારમાં ઊંચે ચડવા લાગ્યા. અને ત્યાં ને

ત્યાં ક્ષપક શ્રેણિ માંડી કેવળજ્ઞાની બન્યા તેઓ. દેવોએ આપેલ વેષ પહેરી તેઓ કેવળજ્ઞાની ભગવાન તરીકે પૃથ્વી પર વિચરવા લાગ્યા.

પરમાત્મામાં લીન બનેલા સાધકની અવસ્થા વર્ણવતાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે : 'પરબ્રહ્મણિ મગ્નસ્ય, શ્લથા પૌદ્ગલિકી કથા.' પરમાત્માની ભક્તિમાં જે લીન બન્યો છે, તેને દુનિયાની આળપંપાળમાં પડવું ગમતું નથી.

પરમાત્માની ભક્તિમાં લીન બનો અને શાશ્વત સુખના ભાગી બનો !

[૧૬]

# મુનિનું અનુપમ સુખ

तेजोलेश्याविवृद्धिर्या, साधोः पर्यायवृद्धितः ।
भाषिता भगवत्यादौ, सेत्थम्भूतस्य युज्यते ॥

ઉત્કૃષ્ટ આનંદમાં મગ્ન છે મુનિવર. એ આનંદ બહાર એક અનોખી મસ્તી રૂપે પ્રસરી રહ્યો છે. મુખ પરની પ્રસન્નતાના રૂપમાં. એને સામાન્ય જનો જોઇ પણ શકે છે.

કેવો છે આ આનંદ ?

સંસારમાં રહેલી કોઈ વ્યક્તિ ન મેળવી શકે એવો છે એ દિવ્ય આનંદ. ને સંસારથી વિરક્ત થયેલા મુનિવર મેળવી રહ્યા છે એને. અરે, મેળવી નહિ માણી રહ્યા છે ! એ આનંદનું વર્ણન કરવું એ હકીકતમાં બહુ કપરું કામ છે. હા, તમે એને મેળવી શકો છો ! એ અખૂટ આનંદનાં ખજાનાને તમે હાથવગો બનાવી શકો એમ છો. મેળવવો છે આ ખજાનો ?

**'હું રહી ગયો'!**

મુનિરાજનાં દર્શન કરતાં, એમની અનુપમ સ્વાધ્યાય-ની મસ્તી જોતાં, 'હું રહી ગયો' આવા ભાવ–આવી લાગણી થાય છે? શ્રીમંતોનો વૈભવ જોતાં, તમારી પાસે એવું ન હોય તો શું વિચાર આવે?

સભા : 'અમે રહી ગયા' એવો વિચાર આવે!

સાચો આરાધક શ્રીમંતના ત્યાં જાય અને ત્યાં જાત જાતનાં વિલાસનાં સાધનો જુવે ત્યારે એને થાય કે, હું કેવો નસીબદાર કે મારા આંગણે આવાં પાપના સાધનો નથી! આ કાર કેટલા જીવોનો કચ્ચરઘાણ બોલાવી દે, આ ટી. વી. કેવી આસક્તિઓને બહેલાવે; આ વિચાર આવતાં જ તેનું હૈયું કંપી જાય : સારું છે કે, મારે ત્યાં આવું નથી; નહિતર પાપોનો ગુણાકાર ક્યાં પહોંચત?

**આરાધના વગરનો ધનવાન : બિચારો!**

તો આ છે આરાધકનું દૃષ્ટિબિન્દુ. તમારી પાસે એટલા માટે એ મૂકવું છે કે, તમે તમારી વિચારસરણી જોડે એને સરખાવી શકો.

આરાધકને આરાધના વગરનો ધનવાન કેવો લાગે? બિચારો જ લાગે ને? એનો અભિગમ એ ધનવાન પ્રત્યે કયો હોય? એ વિચારે કે, જુની કમાણી–પુણ્યની–પર આ ભાઈ તાગડધિન્ના કરી રહ્યા છે, પણ અત્યારે આરા-ધના વગેરે નહિ કરે તો ભવિષ્યમાં એમનું શું થશે?

પણ આરાધકનો અભિગમ આવો હોવાને બદલે એનાથી વિરુદ્ધ દશાનો હોય તો અમને દુઃખ થાય. જે રોજ પરમાત્માની પૂજામાં કલાકો ગાળતો હોય અને સામાયિક–પ્રતિક્રમણ આદિ નિયમિત કરતો હોય એ જ્યારે પેલા આરાધનાના ખ્યાલ વગરના અને કર્માદાનમાં રચ્યા–પચ્યા રહેતા શ્રીમંતને પોતાના કરતાં વધુ સુખી માને ત્યારે અમને એ આરાધકની એ નિર્બળતા ખટકે.

ધર્મ સ્થાનકોમાં આરાધકોને બદલે શ્રીમંતોને 'આગળ આવો, સાહેબ!' કહી આગળ તો તમે ન જ બેસાડો ને? ત્યાં તો આરાધકની જ મહત્તા સ્વીકારોને?

## કેવું છે મુનિનું સુખ?

આપણે મુનિના સુખની વાત કરી રહ્યા હતા. હું કહેતો હતો કે, 'રહી ગયો' એવી અનુભૂતિ મુનિને જોતાં થવી જોઈએ કે કોઈ બાળ મુનિને દેખો ત્યારે થવું જોઈએ કે, નાની વયમાં આ મહાત્માએ કેટલું બધું પ્રાપ્ત કરી લીધું? અને, અને....હું રહી ગયો! શ્રીમંતોનો વૈભવ જોતી વખતે, 'હું બચી ગયો!' એમ બોલજો!

કેવું છે મુનિનું સુખ?

દીક્ષા લીધા પછી, મુનિનો આનંદ દિન–પ્રતિદિન વધવા જ માંડે. એક મહિનો પૂરો થતાં જ એ આનંદ, દૈવી સુખોમાં નિરંતર રાચતાં વ્યંતર દેવોના આનંદથીય અધિક થઈ જાય; પછી મનુષ્યલોકમા તો તેની ઉપમા મળે જ ક્યાંથી? અને એમ કરતાં, એક વર્ષ પૂરું થતાં

ક્રમશઃ વધેલું મુનિનું સુખ–ચિત્ત પ્રસન્નતા–આનંદ–અનુત્તરના દેવોના સુખનેય ટપી જાય. પછી, ભૌતિક દુનિયામાં એવું કોઈ ક્ષેત્ર નથી, એવી કોઈ વ્યક્તિ નથી જેની જોડે મુનિના સુખને સરખાવી શકાય !

દેવલોકના ચડતા ક્રમની અહીં ઉપમા આપવામાં આવી છે. એક વાત અહીં સમજવા જેવી છે. જેમ દેવલોક ઉંચો, તેમ કામવાસના આદિ ઓછાં ! જેમ સુખી વધુ ગણાય, તેમ ભૌતિક ઇચ્છાઓ ઓછી હોય આ નિયમ માત્ર મુનિવરના જીવનમાં જ નહિ, પણ દેવના જીવનમાંય નજરે ચડે છે. અને તેથી તમારે સુખી બનવા સારું ભોગાસક્તિઓ ઓછી કરવી જ રહી !

**દેવોમાં વિષય વાસનાની ક્રમશઃ ઓછાશ**

પહેલાં અને બીજા દેવલોકમાં જ કાયિક ભોગ મનુષ્ય જેવો છે; ત્યાર પછી તેવો ભોગ નથી. ત્રીજા અને ચોથા દેવલોકના દેવો, દેવીઓના સ્પર્શ માત્રથી કામતૃષ્ણાની શાંન્તિ મેળવી લે છે. પાંચમા અને છઠ્ઠા દેવલોકના દેવો, દેવીઓનું રૂપ જોઇને જ સંતુષ્ટ થઈ જાય છે. સાતમાં અને આઠમા દેવલોકના દેવોની કામશાન્તિ દેવીઓના ગીત વગેરે સાંભળવાથી થઈ જાય છે. નવમા, દશમા, અગિયારમા અને બારમા દેવલોકના દેવોની વૈષયિક તૃપ્તિ દેવીઓના ચિન્તન માત્રથી થઈ જાય છે.

દેવીઓની ઉત્પત્તિ પહેલા અને બીજા દેવલોક સુધી જ છે. ઉપરના દેવલોકમાં દેવીઓની ઉત્પત્તિ નથી; પણ

આઠમા દેવલોક સુધી આ દેવીઓ જાય છે ખરી. ને એમના સ્પર્શ, રૂપ, ગીત વગેરેથી, ઉપર કહ્યું તેમ, તે તે દેવલોકના દેવો વિષયોની શાન્તિ મેળવે છે.

પણ આઠમા દેવલોકથી ઉપર દેવીઓ જઈ શકતી નથી. કારણ કે આઠમાથી બારમા દેવલોક સુધીના દેવો ફક્ત દેવીઓના ચિન્તન વડે જ વૈષયિક તૃપ્તિ કરી લે છે.

ગ્રૈવેયક અને અનુત્તરના દેવોને વિષય સુખ ભોગવવાનો વિચાર સુદ્ધાં મનમાં આવતો નથી! જેમ દેવલોક ઉંચો, જેમ પુણ્યનો ઉદય વધુ, તેમ ભૌતિક કામના ઓછી!

તો આ વાત સમજવાની છે કે, દેવોમાં પણ સુખી કોણ? જેમની વિષયભોગની ઇચ્છાઓ ઓછી છે તે. નીચેના દેવો કરતાં ઉપર-ઉપરના દેવા સુખી. કારણ કે એમની કામવાસના ઓછી છે. આસક્તિ વધુ તેમ દુખ વધુ. આસક્તિ ઓછી તેમ દુખ ઓછું.

**લલિતાંગ દેવ**

લલિતાંગ દેવને સ્વયંપ્રભા દેવી પર ખૂબ પ્રેમ હતો. લલિતાંગ દેવનું આયુષ્ય હજુ બાકી છે, ત્યાં જ સ્વયંપ્રભા સ્વર્ગમાંથી ચ્યવી જાય છે. લલિતાંગ તેણી વગર દુઃખી દુઃખી થઈ જાય છે. એને ક્યાંય ચેન પડતું નથી.

આ બાજુ સ્વયંપ્રભા દેવી ચ્યવીને ક્યાં ગઈ છે? એક ખૂબ જ ગરીબ બ્રાહ્મણને ત્યાં છ પુત્રીઓ ઉપર સાતમી પુત્રી રૂપે તે ઉત્પન્ન થઈ છે. ખૂબ જ દુઃખ પૂર્વક એ ઉછરી રહી છે. છ પુત્રી ઉપર સાતમી પણ પુત્રી જ જન્મવાથી મા-બાપને એણીના નામ પાડવાનો

પણ ઉત્સાહ થતો નથી. તેથી લોકો તેણીને નિર્નામિકા-નામ વગરની-કહીને બોલાવે છે. 'નામ વગરની' એવું કહેવા માટે નિર્નામિકા શબ્દ વાપર્યો, ને તે જ એનું નામ થઈ ગયું ! એક વખત પર્વના દિવસે બધાને મિષ્ટાન્ન ખાતાં જોઈ નિર્નામિકાને પણ મિષ્ટાન્ન ખાવાનું મન થાય છે. માને કહે છે : મા ! મને લાડવો આપ. મા કહે : હું ક્યાંથી લાડવો આપું ? તું ઘરની સ્થિતિ તો જાણે છે. છતાં તું એમ કર. નજીકમાં રહેલા ડુંગર પર જઈ લાકડા ઘાસ વગેરે લઈ આવ. તે વેચવાથી કંઈક મળે તો મિષ્ટાન્ન થઈ શકે.

તેણી પર્વત પર જાય છે. તે વખતે ત્યાં યુગન્ધર નામના મુનિરાજને કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલું છે, તેથી દેવો ત્યાં મહોત્સવ કરે છે. નિર્નામિકા ત્યાં જાય છે. કેવળજ્ઞાનીને પૂછે છે : ભગવન્ ! મારા જેવું દુઃખી આ દુનિયામાં કોઈ હશે ? ત્યારે કેવળી ભગવાન નારકીના દુઃખનું વર્ણન તેણીની આગળ કરે છે. અને આ બધાં દુઃખોને ટાળવા માટે શાસનનું શરણું સ્વીકારવા ઉપદેશ આપે છે.

નિર્નામિકા સમ્યક્ત્વ પૂર્વક અણુવ્રતો સ્વીકારે છે. અને જુવાનીમાં જ અનશનનો સ્વીકાર કરે છે.

આ બાજુ દેવલોકમાં શું ચાલી રહ્યું છે ? લલિતાંગ દેવ હજુ પોતાની પ્રિયતમાને વીસર્યો નથી. ઘણી તપાસ કરે છે. પરન્તુ એનું અવધિજ્ઞાન એવું વિશિષ્ટ નથી કે, એ એના વડે નિર્નામિકાને જોઈ શકે. એક વખત લલિતાંગ-ને પોતાના પૂર્વભવના સંબંધી એક સામાનિક દેવનો ભેટો થાય છે.

પેલો પૂછે છે : કેમ આટલો ઉદાસ છે તું ? લલિતાંગ બધી વાત કરે છે. સામાનિક દેવ પોતાના અવધિજ્ઞાનથી નિર્નામિકાને જોઈને કહે છે : અત્યારે તે ઘાતકી ખંડના પૂર્વ વિદેહમાં નન્દિગ્રામની બાજુમાં આવેલ પર્વત પર અનશન લઈને બેઠેલી છે. તું ત્યાં જા. તારું સ્વરૂપ દેખાડ, જેથી તારામાં અનુરાગવાળી તે મરીને તારી પત્ની થાય.

લલિતાંગે તેમ કર્યું અને નિર્નામિકા ફરી લલિતાંગ દેવની દેવી થઈ.

આપણે અહીં એ જોયું કે, જેમ આસક્તિ વધુ તેમ દુઃખ વધુ. લલિતાંગને પ્રિયાવિરહનું જે દુઃખ અનુભવવું પડ્યું એ ગ્રૈવેયકના કે અનુત્તરના દેવને અનુભવવું પડે ? ના, કારણ કે એવા દુઃખનો અનુભવ કરાવનારો રાગ જ તેમને નથી.

પણ આવા દેવોનાય સુખને ટપી જાય એવું સુખ કોનું ? જ્ઞાન-ધ્યાનમાં મગ્ન મુનિવરનું. એટલે જ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું : 'તેજોલેશ્યાવિવૃદ્ધિર્યા, સાધોઃ પર્યાયવૃદ્ધિતઃ જ્ઞાન-ધ્યાનમાં મગ્ન મુનિનો દીક્ષા પર્યાય વધતો જાય તેમ તેમનું સુખ વધતું જાય.

આવું સાંભળ્યા પછી તો, હું માનું છું કે, દીક્ષાનો તમારો કાચો વિચાર પાકો થઈ જ જવાનો ! મગ્ન બનો, સુખી બનો !

[ ૧૭ ]

# ધ્યાનમાં લીન બનો !

ज्ञानमग्नस्य यच्छर्म, तद्‌वक्तुं नैव शक्यते ।
नोपमेयं पियाश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥

સૌથી વધુ આનંદની પ્રાપ્તિ ક્યાં થઈ શકે ? દેખીતી રીતે જ, જ્ઞાન અને ધ્યાનની મગ્નતામાં જ તે પ્રાપ્ત થઈ શકે. કારણ કે એ મગ્નતાની ક્ષણોમાં સાધક પોતાની નીકટ સરે છે. જ્યાં આનંદનું ઝરણું નિરંતર, અસ્ખલિત રીતે વહી રહ્યું છે એવા નિજ સ્વરૂપના ધ્યાનમાં તે આનંદના નીરથી ભીંજાઈ જાય છે. અંદર જ અસીમ આનંદનો ફુવારો ઊડી રહ્યો હોય ત્યારે કોરા કટ કે અણુ ભીંજયા રહી શકાય જ શી રીતે ? એ ભૂમિકાનું વર્ણન કરતાં એક યોગિપુરુષે યોગ્ય જ કહ્યું છે : ' ચિદાનંદકી મૌજ મચી હૈ ! '

આ દિવ્ય આનંદ મેળવવા માટેની શરત એક છે કે તમે આતમના જ્ઞાનમાં કે પરમાત્માના ધ્યાનમાં ખોવાઈ

જાવ ! દરિયામાંથી પણ રત્નો કોણ મેળવી શકે ? મૂલ્યવાન મણિઓ કોને લાધે ? જે સમુદ્રમાં ઊંડે સુધી ડૂબકીઓ લગાવી શકે તેને જ. તેમ આ દિવ્ય આનંદની પ્રાપ્તિ માટે જ્ઞાન ધ્યાનના સમુદ્રમાં નિમજ્જન કરવું પડશે; ને તેય આછેરું નહિ, ઊંડેરુ !

## રાવણ રાજા અને ધરણેન્દ્ર

રાવણ રાજાની ભક્તિની એકતાનતા એમને ક્યાં સુધી લઈ ગઈ ? તીર્થંકર નામ કર્મના બંધ સુધી લઈ ગઈ. અષ્ટાપદ પર રાજા રાવણ વીણા વગાડે છે અને રાણી મંદોદરી નૃત્ય કરે છે. રાવણની ભક્તિથી પ્રસન્ન થયેલા ધરણેન્દ્ર રાવણને તે વખતે કહે છે : હે મહા ભાગ્યશાળી ! ભગવંતની ભક્તિનું મુખ્ય ફળ તો મોક્ષ જ છે; પરંતુ મારી ઇચ્છા છે કે, હું તમને કંઈક આપું. કંઈક માગીને મને કૃતાર્થ કરો.

રાવણે તે વખતે ધરણેન્દ્રને જે જવાબ આપ્યો હતો, તે તમારે બધાએ હૈયામાં કોતરી રાખવા જેવો છે. રાવણ કહે છે : તમે મારા સાધર્મિક છો, અને એ રીતે તમે મને કંઈક આપવાનું ઇચ્છો તે યોગ્ય જ છે; પરંતુ અત્યારે —ભગવદ્ ભક્તિના આ સમયે — હું કંઈક માગું એ મારી ભક્તિને શોભાવશે નહિ. આપવાની ઇચ્છા એ તમારે માટે જેમ પરમાત્મભક્તિને શોભાવનારી વસ્તુ છે; તેમ કંઈ ન માગવું એ મારી ભક્તિને શોભાવનારી બાબત છે, છતાં ધરણેન્દ્ર બે વિદ્યાઓ આપીને જાય છે.

રાવણનો જવાબ યાદ રહેશે ને ? કે ભૂલી જવાના ?

સભા : સાહેબ, કેમ ભૂલી જવાય છે ?

યાદ રાખવા માટે કેટલી મહેનત કરી, એ તો કહો ! અનાદિની વૃત્તિઓ સામે જો તમારે યુદ્ધે ચડવું જ હોય તો આવી ઢીલી - પોચી નીતિ નહિ ચાલે. સંસારને વધારવાની - ખીલવવાની ભાવના અનાદિની છે. અને એની ખીલવણી માટેની મહેતન અનાદિથી આ આત્મા કરતો આવ્યો છે. હવે એનાથી વિરુદ્ધ, સંસારનો ઉચ્છેદ કરવાની ભાવના હોય તો ખૂબ મહેનત કરવી પડશે.

## ગુરુ મહારાજનો આશીર્વાદ શું હોય ?

ગુરુ મહારાજ પાસે આથી જ જ્યારે સાધક વાસક્ષેપ નખાવે ત્યારે ગુરુ મહારાજ કહે : નિત્થારગ પારગા હોહ ! તું સંસારનો પાર પામનારો થા ! કર્મ સામે ઝઝૂમવાનું બળ જ્યારે ઓછું છે ત્યારે સાધક ગુરુ પાસેથી એવો ‘ પાવર ’, એવી શકિત માગે છે જેથી કર્મો સામે જંગે ચડવા માટે તૈયાર થઈ જવાય.

માટે કહું છું, ક્રિયાનો - આરાધનાનો મર્મ સમજો. આશીર્વાદની આ નાનકડી ક્રિયા, અને ખાલી ત્રણ એના શબ્દો, પણ કેવા શકિતશાળી છે એ શબ્દો ? નિર્બળ પણ જેમના સહારે તાકાતવાળો બની શત્રુ પર તૂટી પડે એવા છે આ શબ્દો.

## વાત એક રાજાની

એક રાજા પોતાના અઢારેક વર્ષની વયના પુત્રને

મૂકીને પરલોકના પંથે ચાલી નીકળ્યો. રાણી બહુ કુશળ અને સમજુ હતી, તેણે આખા રાજ્યનો ભાર પોતાના માથે લઈ લીધો. યુવાન પુત્રને રાજા બનાવ્યો, પરંતુ રાજ્યનાં મહત્ત્વનાં કાર્યો રાણી – હવે રાજમાતાના પદ પર આરૂઢ થયેલ આ સત્ત્વશીલ મહિલા – ના આદેશ પ્રમાણે જ થતા.

એવામાં એક વખત પડોશના ત્રણ રાજાઓએ ભેગા થઈ સંયુકત રીતે આ રાજ્ય પર હલ્લો લઈ જવાનું અને આ રાજ્યને જીતી માંહોમાંહે વહેંચી લેવાનું નક્કી કર્યું. તદનુસાર, સાગર જેવી વિશાળ સેના લઇને એ રાજાઓએ ત્રિપાંખિયો ધસારો આ રાજધાની તરફ કર્યો. અને એવી ચૂપકીદીપૂર્વક એ લોકો આવ્યા કે, આ રાજાના જાસૂસો અંધારામાં જ રહી ગયા. ગઈ સાંજે જે નગરીને કોઈનો ક્યાંયથી ભય વરતાતો ન હતો, ત્યાં બીજી સવારે જાણે આકાશમાંથી ટપકી પડ્યું હોય તેવું લાખોનું સૈન ચોગેમ ફરી વળેલું દેખાણું.

દુશ્મન રાજાઓના અણધાર્યા આગમનથી અને એમના વિરાટ સૈન્યને જોવાથી આ રાજા ગભરાઈ ગયો : ઓહ ! આ સૈન્ય સામે મારું સૈન્ય શી રીતે લડી શકે ? કોઈ પણ રીતે સમાધાનનો માર્ગ મળી જાય તો સારું. ક્ષાત્ર-વટના રીવાજથી અણજાણ અને બીકણ એવો આ રાજા પોતાની મા પાસે જઈ દુશ્મનના સૈન્યની અને પોતાને આવેલા વિચારોની વાત કરે છે.

આ સાંભળતાં જ રાજમાતા કડક સ્વરે પોતાના

દીકરાને કહે છે : આ હું શું સાંભળી રહી છું ? શું મારો દીકરો આવી નિર્માલ્ય વાતો કરી રહ્યો છે ? મારા દૂધની તો લાજ રાખ ! હં, મને યાદ આવ્યું કે, જ્યારે તું નાનો હતો ત્યારે એક વાર તું ભૂખ્યો થતાં દાસીએ તને ધવરાવેલો. મને આ ખબર પડતાં જ તરત તને ઉલટી કરાવી બધું દૂધ ઓકાવી નાખેલ પણ આજ મને લાગે છે કે, એ વખતે એક–બે બૂંદ દૂધ દાસીનું તારા પેટમાં રહી ગયેલ હશે, જે આ વાત બોલાવી રહ્યું છે.

આ શબ્દો સાંભળતાં જ રાજાની નિર્બળતા ખંખેરાઈ જાય છે. નિર્બળતાનું સ્થાન મર્દાનગી લે છે. અને તે શત્રુઓ સામે લડવા તૈયાર થઈ જાય છે. પોતાના લશ્કરને ભેગું કરી એ કહી દે છે : મારા શૂરા સૈનિકો ! આજે આપણી માતૃભૂમિ પર મહાન સંકટ આવી પડ્યું છે. પણ આપણે દુશ્મનોને બતાવી આપવું છે કે, આ નગરીનો કબજો લેવો એ જીવતા સિંહના દાંત ગણવા જેવું કપરું અને અશક્ય કામ છે. માટે વીરો ! કાલે સવારે પૂરા જોમથી તૂટી પડો !

પોતાના રાજાની આ વીર હાકથી સૈન્યમાં અપૂર્વ શ્રદ્ધા આવી અને કહેવાની જરૂર નથી કે, વિજયની વરમાળા પણ એમને જ વરી. દુશ્મનો ઉભી પૂંછડીએ નાઠા.

આ વિજયના મૂળમાં હતાં રાજમાતાના શબ્દો : તેં કોનું દૂધ પીધું છે ?

## ‘ નિત્થારગ પારગા હોહ ! ’

આ જ વાત પ્રસ્તુત સંદર્ભમાં છે. કર્મ સામે જંગે

ચડવાને બદલે, એની શરણાગતિ સ્વીકારી લેવા તૈયાર થઈ જનાર સાધક પણ ગુરુના આશીર્વાદથી યુદ્ધ ચડવા ઉત્સાહિત થઈ જાય છે.

ઘણી વાર ગુરુ મહારાજ પાસે તમે લોકોએ વાસક્ષેપ નંખાવ્યો હશે. પણ એ વાસક્ષેપ આપતી વખતે ગુરુ મહારાજ જે આશીર્વાદ આપે છે, એના મર્મથી કદાચ અજાણ જ હશો. પણ હવે તો એ આશીર્વાદનો મર્મ, સમજાઈ ગયો ને? ગુરુ મહારાજ શું કહે છે: નિત્થારગ પારગા હોહ! આ સંસારનો પાર પામનાર તું થઈ જા.

આ આશીર્વાદ મેળવ્યા પછી કર્મ શત્રુની સામે મેદાને પડવા તૈયાર થઈ જવાના ને? ગુરુના શબ્દોમાં મહાન બળ છે. એ સાધકની નિર્બળતાને ક્યાંય ખંખેરી નાખે છે.

## કેવો છે આનંદ મગ્નતાનો?

આપણે મગ્નતાની વાત કરી રહ્યા હતાં. આત્માની વિચારણામાં અને પરમાત્માના ધ્યાનમાં લીન બનેલી વ્યક્તિને જે આનંદ આવે છે, ગ્રન્થકાર કહે છે, તેની સરખામણી કરવા માટે કોઈ ઉપમા જડતી નથી. 'નોપમેયં પ્રિયાશ્લેષૈ, નાપિ તચ્ચન્દનદ્રવૈ' ભોગી મનુષ્યને પ્રિય પાત્રના આલિંગનમાં જે આનંદ આવે છે, એની જોડે કે ગરમીના સમયે ઉત્તમ જાતિના ચન્દનના વિલેપન વડે પ્રાપ્ત થયેલ ઠંડક અનુભવવામાં જે આનંદ થાય છે,

એની જોડે આ મગ્નતાના આનંદને કદાપિ ન સરખાવી શકાય.

ક્યાં આત્મરમણતાનો દિવ્ય આનંદ અને ક્યાં આ પર-રમણતા ! શે સરખામણી થાય એ બેઉની ? તો આ શબ્દોને બરોબર યાદ રાખો : 'જ્ઞાનમગ્નસ્ય યચ્છર્મ, તદ્-વકતું નૈવ શકય તે' જ્ઞાન અને ધ્યાનમાં લીન વ્યકિત જે આનંદને અનુભવે છે, તે શી રીતે વર્ણવી શકાય ? કોઈ પણ રીતે ન વર્ણવી શકાય. ગોળની મીઠાશને શી રીતે વર્ણવી શકાય ? હા, ચાખી જરૂર શકાય !

જ્ઞાન અને ધ્યાનની મગ્નતાને માણો. અનુપમ સુખના બારણે ટકોરા વગાડી તમે દુન્યવી સામ્રાજ્યને ક્યાંય ટક્કર મારે તેવા યોગ—સામ્રાજ્યના સ્વામી બનશો.

[૧૮]

# જીવન કઈ રીતે શાન્ત બને ?

शमशैत्यपुषो यस्य, विप्रुषोऽपि महाकथा ।
किं स्तुमो ज्ञानपियूषे, तत्र सर्वाङ्गमग्नताम् ॥

અપૂર્વ શાન્તિમાં મગ્ન છે મુનિરાજ. આ શાન્તિ કયા દ્વારમાં થઈને, મુનિ પાસે આવે છે એ જાણવા તમે ખરેખર ઉત્સુક હશો જ. જેથી એ દ્વાર ખૂલ્લું રાખીને શાન્તિને તમારા મન-મંદિરમાં તમે આમંત્રી શકો.

ગ્રન્થકાર કહે છે: જ્ઞાન અને ધ્યાનની મગ્નતાના દ્વારમાં થઈને, શાન્તિ, મુનિ પાસે આવે છે. પણ આ શાન્તિના આગમનની અને એને આમંત્રવાની વિધિને ચર્ચતાં પહેલાં એક વાત તમને પૂછી લઉં: તમને ખરેખર મુનિરાજની શાન્તિ અને એમના સુખ – આનંદ ગમી ગયાં છે ?

સભા: હા જી.

જેટલા મુનિ છે એટલા સુખી અને જે મુનિ બને

એ પણ સુખી બનવા જ જઈ રહ્યા છે; આવુ' જ તમે માનો છો ને ?

**પુત્રની દીક્ષાના સમાચારે આન'દ કે...?**

તમારા કહેવા પ્રમાણે, મુનિપણુ' એ જ સુખી જીવનનો એક માત્ર માર્ગ છે આવું માનનારા તમે છો. હવે ધારો કે, તમારો એક દીકરો ધ'ધાર્થે બહાર ગયો અને પહેલે જ તબક્કે, પહેલે જ દિવસે એક જ સોદામાં રૂપિયા પાંચ હજાર કે પાંચ લાખ એ કમાણો. આ સમાચાર તમારી પાસે આવે ત્યારે તમને કઈ લાગણી ઉદ્ભવે ? અને એની સાથે જ તમારો બીજો પુત્ર ધ'ધા માટે બહાર ગયો હોય અને ત્યાં કોઈ મુનિરાજ પાસે પાંચ મહાવ્રત ઉચ્ચરી લે – દીક્ષા લઇ લે અને એ સમાચાર તમારી પાસે આવે, ત્યારે કયા પ્રત્યાઘાતો તમે આપો ?

પાંચ લાખ રૂપિયા દીકરો કમાણો આ સમાચારે તમને આઘાત લાગે (સ'સાર વધુ લાંબો — પહોળો — ઊ'ડો થયો માટે) અને દીકરાએ દીક્ષા સ્વીકાર કરી આ સમાચારથી હૈયું હરખાઈ જાય એવું જ બને ને ? કે એથી ઊ'ધુ' પણ બને ?

મુનિપણુ' એ સુખનો એક માત્ર માર્ગ છે એવું માનનાર પુત્ર દીક્ષિત થયો એ સમાચારથી આન'દિત ન થાય એમ માનવું શકય લાગે છે ?

મુનિવરને જે રીતે જોવા જોઈએ એ રીતે હજુ જોઈ

શકયા નથી લોકો. તો મુનિરાજને જોતાં શીખો. એવી રીતે એમનાં દર્શન કરો કે એમની શાન્તિ, એમના મુખ પરની પ્રસન્નતા તમને આકર્ષ્યા વગર રહે નહિ.

## ચિલાતિપુત્ર

ચિલાતિપુત્ર શ્રેષ્ઠી પુત્રી સુષમાને ઉપાડીને જંગલ ભણી મારમાર કરતો જઈ રહ્યો છે, અને પાછળ શ્રેષ્ઠી અને રાજનું સૈન્ય દોડી રહ્યું છે. થોડો વખત પહેલાં એ શ્રેષ્ઠીને ત્યાં નોકરી કરી રહેલા ચિલાતિપુત્રને સુષમા પ્રત્યે ગાઢ આસક્તિ થઈ ગઈ હતી, આસક્તિનો દોરવ્યો એ આજે સુષમાને લઇને ભાગી રહ્યો છે.

રાજાનું લશ્કર નજીક આવી પહોંચેલું જાણી, બીજો કોઇ ઉપાય ન હોવાથી – સુષમાનું વજન ઉપાડી દોડવું અશકય લાગવાથી — તલવાર વડે તેણીનું મસ્તક છેદી, વાળની લટ વડે એ મસ્તક તથા બીજા હાથમાં લોહી નીતરતી તલવાર લઇ જોરથી દોડવા લાગ્યો.

આ બાજુ, સુષમાનું ધડ જોવાથી દુખી હૈયે શેઠ રાજ-સૈનિકો પાછા સાથે ફરે છે : હવે આગળ જવાનો શો અર્થ ? ચિલાતિએ જંગલમાં દૂર જતાં એક મુનિવરને જોયા. ધ્યાનમાં લીન મુનિને જોતાં, એમના મુખ પરની દિવ્ય આભા દેખતાં ચિલાતિને થયુ : ઓહ ! કેવા સુખી છે આ મહાત્મા ! ચિન્તાનો અંશ પણ નથી એમના મુખ પર કયાંથી આવી છે આવી શાન્તિ ?

બસ, આ એક એવો પ્રશ્ન હતો, જે એના જીવનને

નવી જ દિશામાં દોરી જાય છે. એણે મુનિને કહ્યું : મને શાન્તિ શી રીતે મળે ? શાન્તિ મેળવવાનો ઉપાય મને બતાવો.

મુનિએ કાઉસ્સગ્ગ પાર્યો અને કહ્યું : ઉપશમ, વિવેક, સંવર એ જ ધર્મ છે. એ તત્ત્વોનો આરાધક પરમ શાન્તિને મેળવે છે. આમ કહી મુનિ આકાશમાર્ગે ચાલ્યા ગયા.

ચિલાતિ મુનિએ કહેલા પદો વિચારવા લાગ્યો : 'ઉપશમ. ઉપશમ એટલે ક્ષમા, ક્રોધનો અભાવ. પણ ક્રોધના–અશાન્તિના પ્રતીક સમી તલવારને તો મેં મારા હાથમાં જ રાખી છે ? છટ ! મને આ શોભે ?' તરત જ એણે તલવારને ફેંકી દીધી.

"ઉપશમ પછી વિવેક. અરે, હું કેવો અવિવેકી કે, જેના ત્યાં મેં નોકરી કરેલી, જેનું લૂણ ખાધેલું, તેની જ પુત્રીને મેં ખતમ કરી નાખી ? આસક્તિમાં હું કેટલો બધો નીચે ઉતરી ગયો ? અરે, ચિલાતિ ! તારો આ તે કેવો વિનિપાત !" સુષમાનું મસ્તક મૂકી દીધું એણે.

"સંવર, મુનિએ કહ્યું : સંવર કર. સંવર એટલે રોકવું. હું કોને રોકું ? પવનને રોકું ? પવનથી ફરફરતા આ વૃક્ષના પાંદડાઓને હાલતાં અટકાવું ? કોને રોકું ? કોને અટકાવું ? ઓહ ! હવે ખ્યાલ આવ્યો. મારી ઇન્દ્રિયો અને મનને રોકવાના છે. એ માટે ધ્યાન જ સર્વશ્રેષ્ઠ છે." ચિલાતિપુત્ર ધ્યાનમાં ઉભો રહ્યો. લોહીની ગંધે કીડીઓની

ફોજ ત્યાં આવી ચડે છે, અને ચિલાતિને હાથે ને પગે ને શરીરે કરડે છે. પણ ચિલાતિ હવે બદલાઈ ગયો છે. ક્રોધનું સ્થાન કરુણાએ લઈ લીધું છે. જર્જરિત દેહ થોડા સમયમાં નાશ પામે છે અને એ આત્મા સ્વર્ગે સંચરે છે.

**નાનકડા પ્રશ્નનો મોટો જવાબ**

એક નાનકડી વાતે—એક નાનકડા મંથને કેવું વિરાટ સ્વરૂપ પ્રાપ્ત કર્યું ? મુનિનું દર્શન. એમની અપૂર્વ શાન્તિની ઝંખના ને ઝંખનાને પગલે પગલે એક પાપીનું મહાત્મા બનવું. નાનકડા પ્રશ્નનો કેટલો મોટો જવાબ ! કેટલો મોટો ! !

આ વાત—ચિલાતિપુત્રની–એટલા માટે કહી કે, આટલા બધા મુનિવરોને જોયા પછી કોઈ મુનિવરને પૂછવાનું તમને મન થયું કે, સાહેબ ! આપ આટલી બધી શાન્તિ પામવાનો માર્ગ બતાવો ને !

કદાચ પૂછી ન શક્યા હો, પણ પૂછવાની ઈચ્છા તો જાગી છે ને ? 'જાગ્યા ત્યારથી સવાર.' હજુય એ ઈચ્છા જાગી જાય તો વાંધો નથી.

અહીં ગ્રંથકાર કહે છે : 'શમશૈત્યપુષો યસ્ય વિપ્રષોપિ મહાકથા.' જ્ઞાનના અમૃતનું એકાદું બિંદુ-ટીંપુ મળી જાય તોય અંદર શાન્તિ પ્રસરી જાય છે; તો પછી એ જ્ઞાનના અમૃતે ભરેલા કુંડમાં સ્નાન કરવાથી જે આધ્યાત્મિક આનંદ મળે છે, તેની તો વાત જ શી કરવી ? 'કિં સ્તુમો જ્ઞાન-પીયૂષે, તત્ર સર્વાંગમગ્નતામ્.'

મગ્નતા દ્વારા સમતાને–શાન્તિને મેળવો.

[૧૯]

# કરુણાભીની આંખોમાંથી.....

यस्य दृष्टिः, कृपावृष्टिः गिरः शमसुधाकिरः ।
तस्मै नमः शुभज्ञान–ध्यानमग्नाय योगिने ॥

જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન મુનિની આંખમાં હોય છે કરુણા અને મુખમાં હોય છે અમૃત રસ નિર્ઝરતી વાણી. ધરતીની ભીનાશ બહાર હરિયાળા ઘાસ રૂપે દેખાયા વગર રહે નહિ, તેમ અંદર રહેલું જ્ઞાન અને ધ્યાન, બહાર પ્રસર્યા વગર કેમ રહે?

જ્ઞાનમાં અને ધ્યાનમાં જ્યારે પણ મગ્નતા આવે છે, ત્યારે એ મગ્નતા ચેતના સૃષ્ટિ જોડે ગાઢ સંબંધ બાંધવામાં સહાયક બને છે. કરુણા અને વાણીની મીઠાશ, પેલા સંબંધને છતું કરનારાં તત્ત્વો છે.

મુનિની કરુણા એ વાસ્તવિક કરુણા છે, કારણ કે એ માત્ર દ્રવ્ય દયામાં નહિ પણ ભાવ દયામાં પરિણમે છે. સામાન્ય લોકોને માત્ર દુખીને જોઈને જ દયા આવે.

મુનિને માત્ર દુખીને નહિ પણ કહેવાતા સુખીને જોઈને પણ દયા આવે! કરોડપતિ, પણ જો એ આરાધના વગરનો હોય તો મુનિ એની દયા ચિન્તવે!

સમજ્યા? તમે સંસારમાં રહ્યા છો એ મુનિને ગમે નહિ, હો! અમને પ્રસન્ન કરવા માટે તમારે શું કરવું જોઈએ? દીક્ષિત થવું જોઈએ. કમસેકમ શ્રાવક તો બનવું જ જોઈએ.

આવું લક્ષ્ય નક્કી કર્યું છે? કે પછી ધનપતિ થવાનું જ લક્ષ્ય નક્કી કર્યું છે? લક્ષ્ય તરીકે ધનની જ વૃદ્ધિ છે કે આરાધના વૃદ્ધિનું ય લક્ષ્ય રાખ્યું છે? આરાધના વધે અને પાપો ઘટે તેમ શ્રાવકની પ્રસન્નતા વધવી જોઈએ.

પાપો કેમ ઘટે એ માટે રોજ ચિન્તન કરો છો ને?

## વાત એક સાળવીની

એક ગામમાં એક જ્ઞાની ગુરુ ભગવન્ત પધાર્યા હતા. સેંકડો – હજારો ભાવિકો એમની દેશના સાંભળવા માટે આવેલા. એક સાળવી – વણકર પણ આવેલો. ગુરુ મહારાજની દેશના સાંભળીને બધા ભાવિકો તો પોત—પોતાને ત્યાં ગયા. બેસી રહ્યો છે એક માત્ર સાળવી. આંખમાંથી આંસૂ દડી રહ્યા છે.

ગુરુ મહારાજ એને પૂછે છે: કેમ ભાઈ! જીવદયા આદિ ધર્મ તો બરોબર પળાય છે ને? આ મનુષ્યનો અવતાર ધર્મ – કાર્ય માટે મળ્યો છે.

તમારી સાચી ખબર લેનાર કોણ? ગુરુ જ ને?

બીજા કોઈનેય મળો તો એ પૂછશે : તબિયત કેમ છે ? ધંધા – પાણી કેમ ચાલે છે ? આ ખોખાની ખબર લેનારા ઘણા મળશે, પણ તમારા આત્માની ખબર લેનારા કેટલા ? ગુરુ મહારાજ પાસે જાવ, તો તરત પૂછે : ધર્મ આરાધનામાં કંઈ વૃદ્ધિ કરી કે નહિ ? તમારા બંગલા – મોટરથી મુનિ પ્રસન્ન થાય નહિ. તમારી આરાધનાની પ્રગતિ જાણીને જ એ ખુશ થાય.

સભા : એટલે તો ઘણા ઉપાશ્રયે આવતાં ગભરાય છે !

દવાખાને જતાં ગભરાય કોણ ? નાનું બાળક. એના મનમાં ડૉકટરનો 'હાઉ' હોય તમારા મનમાં હોય ખરો ? કેમ નહિ ? બાળકને શરીરની ચિન્તા નથી. એથી શરીરમાં તકલીફ થાય ત્યારે દાક્તર પાસે ધસી જવું જોઈએ, આ જ્ઞાન પણ એનામાં નથી. ઉલટો એ ડૉકટરથી ગભરાય છે. પણ તમે તો ફી આપીને પણ ડૉકટર પાસે શરીર 'ચેક – અપ' કરાવી આવો ને ?

એમ ગુરુ પાસે જતાં ગભરાય કોણ ? જેને આત્માની ચિન્તા ન જાગી હોય તે. તમને તો તમારો આ આત્મા કર્મના રોગોથી ઘેરાઈ ગયો છે એનું પૂરે પૂરું દુખ છે ને ?

પેલા સાળવીને જ્યારે ગુરુ મહારાજે પૂછ્યું કે, ભાઈ ! ધર્મ – કાર્ય તો બરોબર થાય છે ને ? ત્યારે એ ગળગળા અવાજે બોલ્યો : ભગવંત ! મારું શું થશે ? આપની આજની દેશના સાંભળ્યા પછી તો હવે મને ચેન પડતું નથી. મેં તો ખૂબ પાપ કર્યાં છે અને હજુ પાપમાં જ સબડી રહ્યો છું પ્રભુ ! મારો ઉદ્ધાર શી રીતે થાય ?

**એવી કેટલી દેશના સંભળાણી...!**

એવાં કેટલાં વ્યાખ્યાન સંભળાયા કે, જે વ્યાખ્યાન સાંભળ્યા પછી ન ખાવાનું ગળે ઉતર્યું હોય, ને ન નિરાંતે સૂઈ શક્યા હો. ડોકટર પાસે દર્દી જાય અને ત્યારે દાક્તર તેને કેન્સરના સ્પેશિયાલિસ્ટ પાસે જવાની સૂચના આપે તોય પેલો ધ્રુજી જાય ને? એને એ રાત્રે ઊંઘ આવે? ડૉકટરે ખાલી શંકા જ વ્યક્ત કરી છે. અને એ શંકા ખોટી પણ ઠરી શકે. પણ એ 'ખાલી વહેમ' પણ પેલાની નીંદને હરામ કરી નાખે.

એમ, પાપ રૂપી કેન્સરના રોગે ચારે બાજુથી હુમલો કરી દીધો છે, એવું વ્યાખ્યાનમાં સાંભળ્યા પછી ઊંઘ ઊડી જાય ને?

પેલો સાળવી અંદરથી ખળભળી ઉઠ્યો છે. એ ગુરુને કહે છે: મારું શું થશે? આ પાપ મને ક્યાં લઈ જશે? અને પેટ છૂટી વાત એ ગુરુ મહારાજ પાસે કરે છે: દારુનું મને ભંયકર વ્યસન છે. થોડી થોડી વારે દારુ પીવો પડે છે. હું સમજું છું કે, આ ખરાબ છે. પણ શું કરું? વ્યસનમાં બૂરી રીતે ફસાઈ ગયો છું. દારુ લેવામાં થોડી વધુ વાર થાય તો નસો ખેંચાવા માંડે, જીવ ગભરાવા લાગે, બેચેની થઈ જાય.

ગુરુ મહારાજ વિચારે છે કે આને કયો માર્ગ દર્શાવવો? એમણે કહ્યું: તું 'ગંઠસી' નો નિયમ લે. એક સૂતરની દોરી રાખવાની ખાવા – પીવાનું. ખઇ – પી એ દોરીની ગાંઠ લગાવી દેવાની. એ ગાંઠ લાગી, એટલે મોઢા

પર તાળું લાગી ગયું સમજવાનું, ખાવા – પીવાનું બધું બંધ ! ફરી એ ગાંઠ છોડીને પછી ખાવા – પીવાનું ચાલુ કરવું.

સાળવીએ વિચાર્યું : આમાં શું વાંધો છે ? ગમે તેટલી વાર ખાવા –પીવાનો વાંધો નથી; ફક્ત દોરીને ગાંઠ લગાવવાની અને છોડવાની પ્રક્રિયા કરવાની. એણે કહ્યું : પ્રભુ ! આ નિયમ હું રાખીશ. મને નિયમ આપો. નિયમની મહત્તા સમજાવી ગુરુએ તેને અભિગ્રહ કરાવ્યો.

ગુરુ મહારાજ અન્યત્ર વિહરવા લાગ્યા. સાળવી અભિગ્રહ પાળવા લાગ્યો. પણ એમાં એક દિવસ કસોટી થઈ. દોરીને 'સરડકા' ગાંઠને બદલે મડા ગાંઠ લાગી ગઈ ! ઉકલી ઉકલે જ નહિ. ઘણી મહેનત કરી, પણ વ્યર્થ. અને આ બાજુ દારુ વગર નસો ખેંચાવા લાગી. ચેન પડે નહિ. સમય વીતતો ગયો, તેમ શરીરની હાલત ગંભીર બનવા માંડી. સગા – વહાલા ભેગા થઈ ગયા. એના સગા – વહાલા એટલે બધા ધર્મના ખ્યાલથી સો જોજન દૂર રહેલા. એ બધા કહે : હવે હમણાં તો આ બાધાને બાજુમાં મૂકો, પછી બધો વિચાર કરશું.

પણ આ હતો મક્કમ માણુસ. લીધી ટેકને પ્રાણ જાય તો પણ ન છોડનારો. એ કહે છે : મરવાનું તો છે જ એકવાર; અને એ રીતે મોતને ભેટવા તૈયાર થઈને બેઠો છું; પણ નિયમને તો સહેજે ખંડિત નહિ કરું. 'પ્રાણ જાય અરુ નિયમ ન જાઈ !' પ્રાણ ભલે જાય, નિયમ ન ખંડાવો જોઈએ.

**વ્યાખ્યાન સાંભળવા જતા હો અને...!**

હું એ કહેવા માગું છું કે, આરાધના આવા 'ફોર્સ' સાથે કરો. આરાધકને સબળ, તાકાતવાન જોઈ અમને આનંદ થશે.

રોજ વ્યાખ્યાન સાંભળવા આવતા હો તમે. નિયમિત. પણ એકાદ દિવસ વ્યાખ્યાનના સમયે જ વેવાઈ આવી જાય તો....? વેવાઈને લઈને વ્યાખ્યાનમાં આવો કે વેવાઇની સરભરામાં વ્યાખ્યાન ચૂકો ?

પેલો સાળવી મક્કમ મનનો માનવી છે. નિયમમાં દઢ રહેલો તે થોડા સમયમાં મરીને દેવ થાય છે. દેવ થયા પછી જ્ઞાનથી પૂર્વ ભવ દેખે છે. તરત વિચાર આવે છે: ગુરુ મહારાજ ન મળ્યા હોત અને નિયમ ન આપ્યો હોત તો મારી શી ગતિ થાત? નરકમાં ય જેનું ઠેકાણું ન પડે એવો માણસ દેવગતિમાં આવ્યો, તે કોના પ્રભાવે? ગુરુદેવનો જ પ્રભાવ છે આ તો.

એ તરત ગુરુ મહારાજ પાસે આવે છે, અને કહે છે: ભગવંત! આપની કૃપાથી જ આ બધું પામ્યો છું. હવે આ જીવન તમારે ચરણે છે. મને હવે સારાં સારાં કાર્યો માટે પ્રેરણા આપો. આજ્ઞા ફરમાવો.

**શાસન જેને હૈયે વસ્યું!**

આ શાસન, એને પ્રરૂપનાર પરમાત્મા અને એ શાસન સ્પર્શાવનાર સદ્‌ગુરુ પ્રત્યે સાધકના હૈયામાં કેવો ભાવ હોય? એ સમજે છે કે, હું જે પામ્યો છું, મેં જે વિકાસ કર્યો છે, એ કોના બળે? આ દેવ-ગુરુના

પ્રભાવે જ. અગણિત ઉપકાર છે એમના મારા પર. આવું વિચારેનારો આત્મા શાસન માટે સઘળુંય ન્યોચ્છાવર કરી દે તો એમાં શી નવાઇ?

શાસનને કાજે પોતાનું સર્વસ્વ અર્પવા તૈયાર આરાધકોને નજર સામે રાખો. એમને આદર્શ તરીકે રાખો. જેથી એમના જેવા થવાની શક્તિ મળે.

પેલો દેવ શાસન માટેના કોઈ કાર્યનો લાભ પોતાને આપવા ગુરુ મહારાજને વિનંતી કરે છે.

તમે આવી વિનંતી કેટલી વાર ગુરુ ભગવંતને કરી છે? સાધક વિચારે કે, સંસાર કાજે તો કાયાને ખૂબ ઘસી, અનંતા જન્મો બરબાદ કર્યા; હવે શાસન માટે આ શક્તિઓ વપરાવી જોઈએ. અને આવી વિચારણાવાળો શું કરે? ગુરુ પાસેથી એવાં કાર્યો માટે માર્ગદર્શન મેળવે.

ગુરુ મહારાજ દેવને કહે છે: તીર્થાધિરાજ શત્રુંજય પર્વત પર એક મિથ્યાદૃષ્ટિ દેવ પેંધી ગયો છે અને યાત્રાળુઓને ખૂબ હેરાનગતી એણે કરવાથી એ મહાતીર્થની યાત્રા આજે બંધ થઈ ગઈ છે. તું ત્યાં જા અને પેલા દેવને ત્યાંથી કાઢી મૂક. ગુરુ ભગવંતની આશિષને બળે આ દેવ પેલા દેવને તગડી મૂકે છે. આ દેવ તે જ કપર્દી યક્ષ – કવડ જક્ષ.

ગુરુ મહારાજની એક જ દેશના દ્વારા પાપો પ્રત્યે તિરસ્કાર પેદા થયો તો આ સાળવી આટલે ઉંચે પહોંચી શક્યો.

**નયણે કરુણા, વયણે અમરત !**

જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન મુનિની એ મગ્નતાનાં બાહ્ય ચિહ્નોની આપણે વાત કરી રહ્યા હતા. ગ્રંથકાર મહા પુરુષે કહ્યું કે, 'યસ્ય દૃષ્ટિ : કૃપાવૃષ્ટિ :, ગિરઃ શમસુધા-કિર : ' જ્ઞાની, ધ્યાની મુનિની આંખમાં હોય કૃપા – કરુણા અને મુખમાં હોય અમૃત રસ ઝરતી વાણી. પાપીને ય પાવન કરી દે તેવી વાણી.

અદ્ભૂત વ્યાપ છે એમની કરુણાનો. દીન, ક્રૂર ને ધર્મ વિહોણા, દેખી દિલમાં દર્દ ઝરે; કરુણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે....' જેવી પંક્તિઓનું સાકાર સ્વરૂપ એમની કરુણામાં આપણને જોવા મળે.

નમન હો એવા જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન યોગિ પુરુષ ને !

